અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

કિયારા અડવાણીએ ગર્ભાવસ્થા સમયની આપવીતી જણાવી....

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	33.00	21.00
વડોદરા	33.00	19.00
સુરત	33.00	19.00

પેજ 5



ક્રૂડ ઓઈલની કિંમતોમાં કડાકો બોલાવાની શક્યતા, યુદ્ધના નુકસાનની...

15 NOVEMBER-2026 SUNDAY

શેખ હસીના બાંગ્લાદેશ વાપસી માટે મક્કમ બનતા ખળભળાટ...



પેજ 10

.....સુવિચાર.....

જે મનથી હારી જાય છે તે ક્યારેય જીતી શકતો નથી, અને જે મનથી મજબૂત રહે છે તેને કોઈ હરાવી શકતું નથી.

પેજ-09

ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ખાસ સન્માન માટે પોર્ટુગલની ટીમ રચશે ઐતિહાસિક ....



વર્ષ-16 । અંક-001 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

તેલંગાણાના ગિગ વર્કર્સ માટે મોટી જાહેરાત: દરેક વર્કરને ૩. ૧૦ લાખનું હેલ્થ ઈન્સ્યોરન્સ અને ૩. ૫ લાખનો અકસ્માત વીમો મળશે

હૈદરાબાદમાં ગિગ વર્કર્સની રેલીમાં રાહુલ ગાંધીની હાજરી



શહેરોમાં ગિગ વર્કર્સ માટે બનશે ખાસ 'રેસ્ટ ઝોન': દરેક રાઇડ-ડિલિવરી ટ્રાન્ઝેક્શનના 1% નાણાં સીધા બેંક ખાતામાં જમા થશે

(એજન્સી) હૈદરાબાદ | તા 14

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે તેલંગાણાની રાજધાની હૈદરાબાદ ખાતે આયોજિત 'ગિગ વર્કર્સ રેલી'માં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધી એક મહિલા રાઇડરના સ્કૂટર પાછળ બેઠા હતા અને મુસાફરી દરમિયાન તેમની સમસ્યાઓ તથા કામકાજના અનુભવો અંગે સીધી વાતચીત કરી હતી. રાહુલ ગાંધી શનિવારે હૈદરાબાદમાં ગિગ વર્કર્સની રેલીમાં સામેલ થયા. તેઓ મહિલા રાઇડરની પાછળ બેઠા અને તેમની સાથે વાતચીત કરી.આ દરમિયાન રાહુલ કહ્યું, 'ભાજપ-RSS ગિગ વર્કર્સને મજૂર બનાવવા માંગે છે. તેઓ તમારી પાસે 24 કલાક કામ કરાવીને અંબાણી-અદાણી જેવા અબજોપતિઓને ફાયદો પહોંચાડવા માંગે છે. જ્યારે કોંગ્રેસ તમને મજૂર નહીં, પરંતુ પાર્ટનર બનાવવા માંગે છે.'તેલંગાણા વિધાનસભામાં ગિગ વર્કર્સ કાયદો 2 જૂને લાગુ થયો હતો. ત્યારથી તેમને અનેક સુવિધાઓ આપવામાં આવી રહી છે.રાજસ્થાન ગિગ વર્કર્સ માટે કાયદો બનાવનારું પ્રથમ રાજ્ય છે. આ ઉપરાંત, કર્ણાટક, બિહાર અને ઝારખંડમાં પણ આ કાયદો બની ચૂક્યો છે.

સરકારની મુખ્ય કલ્યાણકારી જાહેરાતો

તેલંગાણા વિધાનસભામાં ૨ જૂનના રોજ ગિગ વર્કર્સ કાયદો લાગુ કરવામાં આવ્યો છે, જેના હેઠળ રાજ્ય સરકાર નીચે મુજબની સુવિધાઓ આપવા જઈ રહી છે:

વીમા સુરક્ષા: અકસ્માત અને બીમારીના સમયે પરિવારને આર્થિક સંકટમાંથી બચાવવા માટે દરેક ગિગ વર્કરને રૂ. ૧૦ લાખનું હેલ્થ ઈન્સ્યોરન્સ અને રૂ. ૫ લાખનો અકસ્માત વીમો આપવામાં આવશે.

ભવિષ્ય નિધિ: દરેક રાઇડ કે ડિલિવરી ટ્રાન્ઝેક્શનની રકમમાંથી ૧ ટકા હિસ્સો સીધો ગિગ વર્કરના બેંક ખાતામાં તેમના સુરક્ષિત ભવિષ્ય માટે જમા કરવામાં આવશે.

રેસ્ટ ઝોન: આખો દિવસ તડકામાં વાહન ચલાવતા વર્કર્સના આરામ માટે તેલંગાણાના શહેરોમાં વિશેષ 'રેસ્ટ ઝોન' તૈયાર કરવામાં આવશે.

વિચારધારા અને રાજકીય નિવેદન

રાહુલ ગાંધી હૈદરાબાદ ગિગ વર્કર્સ રેલી ૨૦૨૬ ને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કેન્દ્રની શાસક પાર્ટી પર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, '૨૧મી સદીમાં બે વિચારધારાઓ કામ કરી રહી છે. ભાજપ અને RSS ગિગ વર્કર્સ પાસેથી ૨૪ કલાક કામ કરાવીને તેમને માત્ર મજૂર બનાવી રાખવા અને મોટા ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવા માંગે છે. જ્યારે કોંગ્રેસની વિચારધારા તમને મજૂર નહીં, પરંતુ પાર્ટનર (ભાગીદાર) બનાવીને સુરક્ષા અને સુવિધા આપવાની છે.રાહુલે આરોપ લગાવ્યો કે બીજેપી-આરએસએસ ગિગ વર્કર્સ પાસેથી 24 કલાક કામ કરાવીને મોટા ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવા માગે છે.

સામાજિક સુરક્ષા તરફનું કદમ

ડિજિટલ પ્લેટફોર્મ અને ડિલિવરી ક્ષેત્રે કાર્યરત કરોડો યુવાનો માટે સામાજિક અને આર્થિક સુરક્ષા એ આજના સમયની મુખ્ય જરૂરિયાત બની છે, જેને ધ્યાનમાં રાખીને વિવિધ રાજ્યોમાં નીતિગત કાયદાઓ ઘડવાની દિશામાં કામગીરી થઈ રહી છે. તેલંગાણાના શહેરોમાં તમે આખો દિવસ તડકામાં સ્કૂટર ચલાવો છો, પરંતુ આરામ કરવા માટે સમય નથી. તેથી રાજ્ય સરકાર ગિગ વર્કરો માટે રેસ્ટ ઝોન બનાવવા જઈ રહી છે.અકસ્માત થાય છે, બીમારી થાય છે, તેનાથી નુકસાન થાય છે. પરિવાર પરેશાન થાય છે.

રેલવે પોલીસની હદમાં કુદરતી રીતે પણ એકનું મોત

વસઈથી વૈતરણા વચ્ચે ટ્રેનની અડફેટે ૨૪ કલાકમાં ચારનાં મોત

મુંબઈ : વસઈ રેલવે પોલીસની હદમાં ૨૪ કલાકમાં પાંચના મોત થયાં હતાં. આ પાંચ પૈકી એક વ્યક્તિનું કુદરતી રીતે મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય ચાર લોકોનાં ટ્રેન અકસ્માતમાં જીવ ગયા હતા.છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિરાર, નાલાસોપારા, વસઈ અને નાયગાંવ રેલવે સ્ટેશન પરથી મુંબઈ તરફ મુસાફરી કરતા લોકોની સંખ્યામાં મોટો વધારો થયો છે. ખાસ કરીને સવાર અને સાંજના સમયે લોકલ ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળે છે. ભીડને કારણે અનેક મુસાફરો ટ્રેનના દરવાજે લટકીને મુસાફરી કરવા મજબૂર બને છે. આ ઉપરાંત પાટા ઓળંગવા જેવી બેદરકારી પણ જીવલેણ સાબિત થઈ રહી છે. વસઈથી વૈતરણા વચ્ચેના રેલવે વિભાગમાં માત્ર ૨૪ કલાકમાં બનેલી પાંચ મૃત્યુની ઘટનાઓએ મુસાફરોની સુરક્ષાનો પ્રશ્ન ફરી એકવાર ગંભીર બનાવ્યો છે. પોલીસને બે મૃતકોના વારસદારોની ઓળખ મળી છે.

જ્યારે અન્ય મૃતકોના વારસદારોની શોધખોળ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે ચાલુ વર્ષે જ વસઈ લોહમાર્ગ પોલીસ સ્ટેશનની હદમાં અત્યાર સુધીમાં ૧૫૩ જેટલા મૃત્યુ નોંધાઈ ચૂક્યાં છે. વારંવાર બનતા આવા અકસ્માતો વચ્ચે લોકલ ટ્રેનમાં મુસાફરી કરતા લાખો લોકોની સુરક્ષા અને રેલવે વ્યવસ્થામાં સલામતીનાં પગલાં વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત ફરી એકવાર સામે આવી છે.

બસમાં સવાર યાત્રીઓ વિદ્યાર્થીઓ હતાં

આસામનાં કાઝીરંગામાં ટ્રક અને મિની બસ વચ્ચે ટક્કર : 26નાં મોત

ગુવાહાટી : કાઝીરંગામાં ટ્રક અને યાત્રીઓથી ભરેલી મિની બસ સામસામે ટકરાઈ ગઈ હતી. જેના કારણે ૨૬ લોકોનાં મોત થયા હતાં. વાહનમાં સવાર મોટા ભાગનાં યાત્રીઓ વિદ્યાર્થીઓ હતાં.યાત્રીઓ બંને વાહનોની વચ્ચે ફસાઈ ગયા હતાં. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું.પોલીસે અત્યાર સુધી એ માહિતી આપી નથી કે બસમાં કુલ કેટલા લોકો સવાર હતાં. ઘાયલોને કોહોરા મોડલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ગંભીર રીતે ઘાયલ લોકોને વધુ સારી સારવાર માટે જોરહાટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતાં. ગોલાઘાટનાં વરિષ્ઠ પોલીસ સુપ્રિટેન્ડેન્ટ સ્વપ્નીલ ડેકાએ જણાવ્યું હતું કે ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માતનો ભોગ બનેલ મિની બસના ટ્રાફિક ચલનની વિગતો સામે આવી છે. આ બસનાં ૧૨ ચલણ ઈશ્યુ થયા હતાં. જેની કુલ રકમ ૩૮૫૦૦ રૂપિયા થઈ હતી જે ભરી દેવામાં આવી



હતી. જો કે ૪૦૦૦ રૂપિયાનું એક ચલણ હજી ભરવાનું બાકી છે. પોલીસનાં એક અધિકારીનાં જણાવ્યા અનુસાર મિની બસની ઝડપ ખૂબ જ વધારે હતી. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે ખૂબ જ વધારે ઝડપને કારણે ડ્રાઈવરે વાહન પરનો અંકુશ ગુમાવી દીધો હતો. ત્યારબાદ બસ સામેથી આવતા ટ્રક સાથે ટકરાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ આસામ સરકારમાં પંચાયત અને ગ્રામીણ વિકાસ પ્રધાન અતુલ બોરા ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. તે ગોલાઘાટની સ્થાનિક વિધાનસભા બેઠકનાં ધારાસભ્ય પણ છે.

'રાહુલની જેમ મારો ફોન પણ ટેપ થાય છે': સેમ પિત્રોડાનું નિવેદન

PM સાથેના મારા સંબંધો રાજકારણથી અલગ

(એજન્સી) નવી દિલ્હી | તા 14



ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સેમ પિત્રોડાએ કહ્યું- પીએમ મોદી સાથેના તેમના સંબંધો રાજકારણથી અલગ છે. એક મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે પીએમ મોદી સાથે દિવાળી અને ગુજરાતી નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લેને લઈને ઊભા થયેલા વિવાદ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે.પિત્રોડાએ કહ્યું કે વ્યક્તિગત સંબંધોને રાજકીય હરીફાઈથી અલગ રાખવા જોઈએ. તેમણે કહ્યું-મોદી હંમેશા તેમના અને તેમની પત્ની પ્રત્યે ઉષ્મા અને આત્મીયતા દર્શાવતા રહ્યા છે. હું તમારી સાથે અસહમત હોઈ શકું છું અને તેમ છતાં તમારી સાથે કૉફી પી શકું છું.

'મારો ફોન પણ ટેપ થાય છે': સેમ પિત્રોડા

રાહુલ ગાંધીના ફોન ટેપિંગના આરોપોથી પોતાને અલગ કરતાં સેમ પિત્રોડાએ કહ્યું, 'વડાપ્રધાન આવું કરતા નથી, વડાપ્રધાન કોઈ સ્કુડ્રાઈવર લઈને કમ્પ્યુટર પર બેસી જતા નથી.' જોકે સેમ પિત્રોડાનું કહેવું છે કે તેમની પાસે એવું માનવા માટે નક્કર કારણ છે કે તેમનો ફોન પણ ટેપ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું, 'મારો ફોન ટેપ થઈ રહ્યો છે, મારા લેપટોપ પર હુમલા થઈ રહ્યા છે અને મારા બેંક ખાતાઓ પર નજર રાખવામાં આવી રહી છે. મેં નિષ્ણાતોની સલાહ લીધી છે અને મારા ઉપકરણની તપાસ કર્યા બાદ તેમણે મને ફોન ટેપિંગ અંગે ચેતવણી આપી છે.' તેમણે એ જણાવ્યું નથી કે તેમને કોના પર શંકા છે કે તેમનો ફોન કોણે ટેપ કર્યો છે.

રાહુલ ગાંધીના ફોન ટેપિંગના આરોપ પર પણ બોલ્યા

પિત્રોડાએ રાહુલ ગાંધીના ફોનની દેખરેખ સંબંધિત આરોપો પર કહ્યું કે તેમના ફોન અને ડિવાઈસ પર પણ સતત હુમલા થતા રહે છે. જોકે, તેમણે આ પાછળ કોણ છે તે જણાવ્યું નહોતું. રાહુલ ગાંધીના અમેરિકા પ્રવાસ અંગે તેમણે કહ્યું કે ત્યાં તેઓ વિદ્યાર્થીઓ અને થિંક ટેન્કને મળે છે. કોંગ્રેસનો કોઈ ભારતવિરોધી એજન્ડા નથી. પાર્ટી લોકશાહી, વિવિધતા અને સમાવેશ પર ભાર મૂકે છે.તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે શુભેચ્છાઓની આપ-લે કોંગ્રેસ અને ભાજપ વચ્ચેના સંબંધો સુધારવાનો પ્રયાસ નહોતો. આ માત્ર સેમ પિત્રોડા અને નરેન્દ્ર મોદી વચ્ચેની અંગત વાતચીત હતી.

ઓક્ટોબરમાં ભારતની ગુડ્સ નિકાસ 49.47 અબજ ડોલરની નવી ટોચે

નવી દિલ્હી : ભારતની વેપાર ખાધ ઓક્ટોબરમાં વધીને ૩૯.૮૮ અબજ ડોલર થઈ ગઈ છે. જે છેલ્લા ૧૨ મહિનાનાં ઉચ્ચ સ્તરે છે. આ દરમિયાન વસ્તુઓની આયાત વિક્રમજનક ૮૯.૩૫ અબજ ડોલર રહી છે. બીજી તરફ ભારતની નિકાસ પણ અત્યાર સુધીની સૌથી વધુ ૪૯.૪૭ અબજ ડોલર રહી છે. વાર્ષિક ધોરણે નિકાસમાં ૪૫ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.ગયા વર્ષે ઓક્ટોબરમાં ભારતની વેપાર ખાધ ૪૨.૫૮ અબજ ડોલર રહી હતી. તે વખતે આયાત ૭૬.૬૯ અબજ ડોલર રહી હતી.ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં પ્રથમ સાત મહિના એટલે કે એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન કુલ નિકાસ ૩૦૯.૦૬ અબજ ડોલર રહી છે. જે ગયા વર્ષનાં સમાન ગાળા કરતા ૨૨ ટકા વધારે છે.આ સમયગાળામાં કુલ આયાત ૧૬ ટકા વધીને ૫૨૭.૨૧ અબજ ડોલર રહી છે. આ રીતે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં પ્રથમ સાત મહિનાઓમાં દેશની વેપાર ખાધ ૨૧૮.૧૫ અબજ ડોલર રહી છે.

ફોસલાવીને હોટલમાં લઈ ગયા હોવાનો આરોપ

ઉત્તરાખંડમાં શરમજનક ઘટના, સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ, ABVPના નેતા સહિત 4 પકડાયા

ઉત્તરાખંડ : ઉત્તરાખંડના હલ્દવાનીમાં સાડા 15 વર્ષની સગીરા સાથે હોટલમાં સામૂહિક દુષ્કર્મની ગંભીર ઘટના સામે આવી છે. આ કેસમાં પોલીસે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના નેતા ધીરજ બિષ્ટ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે. અન્ય આરોપીઓની ઓળખ નિતિન પાલ, અંશ ખત્રી અને હિમાંશુ બોની તરીકે થઈ છે. મુખ્ય આરોપી ધીરજ બિષ્ટે તાજેતરમાં હલ્દવાનીની MBPG કોલેજમાં યોજાયેલી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં ABVP તરફથી પ્રમુખ પદ માટે ચૂંટણી લડી હતી. પોલીસે સમગ્ર મામલે માહિતી આપતાં જણાવ્યું હતું કે કિશોરીના પરિવારની ફરિયાદના આધારે મુખાની પોલીસ સ્ટેશનમાં ચારેય આરોપીઓ વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ ફરિયાદ દાખલ થઈ છે. પીડિતાના પરિવાર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, ચારેય યુવકો સગીરાને ફોસલાવીને અને દબાણ કરીને મુખાની વિસ્તારની એક હોટલમાં લઈ ગયા હતા. ત્યાં તેને ડરાવી-ધમકાવી તેની મરજી વિરુદ્ધ યૌન શોષણ કરવામાં આવ્યું હોવાનો આરોપ છે. પરિવારની ફરિયાદ મળતાં જ પોલીસને તાત્કાલિક FIR નોંધવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા. તેમણે આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવી હતી અને આરોપીઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કર્યા બાદ હોટલ પરિસરની તપાસ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન હોટલના CCTV ફૂટેજ અને ઘટનાસ્થળેથી મળેલા પુરાવાઓના આધારે ઘટનાની પુષ્ટિ થઈ હોવાનું SSPએ જણાવ્યું હતું.આ ઉપરાંત, ચારેય આરોપીઓએ પોલીસ કસ્ટડીમાં પૂછપરછ દરમિયાન ઘટનામાં સંડોવણી સ્વીકારી હોવાનો પણ પોલીસનો દાવો છે. હાલ કિશોરીની મેડિકલ તપાસ સહિતની જરૂરી કાયદાકીય કાર્યવાહી ચાલી રહી છે. પોલીસે આરોપીઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

2027માં ગરમી તમામ રેકોર્ડ તોડશે, 1950 બાદ સૌથી ઘાતક અલ નીનોની ચેતવણી

નવી દિલ્હી : શિયાળો પૂરો થયા બાદ આવનારી ગરમી આ વખતે લોકોને ભારે પરેશાન કરી શકે છે. વર્ષ 2027માં તાપમાનના જૂના તમામ રેકોર્ડ તૂટવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકાની હવામાન એજન્સી નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA)એ 1950 પછીના સૌથી શક્તિશાળી અલ નીનોની ચેતવણી આપી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ સતત ગંભીર બની રહી છે અને 2027ના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન પણ તે અત્યંત મજબૂત સ્થિતિમાં રહી શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ અલ નીનો 1950 પછીનો સૌથી શક્તિશાળી સાબિત થઈ શકે છે. તેની અસરથી ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરની સપાટીના તાપમાનના જૂના રેકોર્ડ તૂટી શકે છે. આ ફેરફારની અસર વિશ્વભરના હવામાન ચક્ર પર જોવા મળી શકે છે.

સરકારની તિજોરી છલકાઈ : નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને 14.41 લાખ કરોડ

નવી દિલ્હી : આવકવેરા વિભાગે ૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીનાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનાં આંકડા જારી કર્યા છે. નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૧.૭૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધીને ૧૪.૪૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૭,૫૦,૨૮૫.૮૯ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષનાં સમાન ગાળામાં આ આંકડો ૧૫,૩૫,૦૭૬.૩૧ કરોડ રૂપિયા હતો.

આ રીતે ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૪.૦૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આંકડા અનુસાર સરકારે ૩,૦૮,૩૦૬.૯૮ કરોડ રૂપિયાનું રિફંડ પણ જારી કર્યું છે.એક વર્ષ અગાઉ આ જ સમયગાળામાં રિફંડનો આંકડો ૨,૪૪,૮૭૨.૨૧ કરોડ રૂપિયા હતો.



એટલે કે રિફંડમાં વાર્ષિક ધોરણે ૨૫.૯૧ ટકાનો વધારો થયો છે.રિફંડ પછી ૧૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી કુલ નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૪,૪૧,૯૭૮.૯૧ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે સમાન ગાળામાં આ ૧૨,૯૦,૨૦૪.૧૦ કરોડ રૂપિયા હતું. ગયા વર્ષની સરખામણીમાં તેમાં ૧૧.૭૬ ટકાનો વધારો જોવા મળ્યો છે.

ગ્રોસ કોર્પોરેટ ટેક્સ ૮,૦૧,૪૭૧.૭૧ કરોડ રૂપિયા રહ્યું છે. જો કે ૧,૬૯,૫૧૨.૧૮ કરોડ રૂપિયાનાં રિફંડ પછી નેટ કોર્પોરેટ ટેક્સ ૬,૩૧,૯૫૯.૫૩ કરોડ રૂપિયા રહ્યું છે.ગ્રોસ નોન કોર્પોરેટ ટેક્સ દ્વારા ૮,૯૪,૭૧૬.૧૮ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા છે. જો કે ૧,૩૮,૭૭૧.૨૨ કરોડ રૂપિયાનાં રિફંડ પછી આ રકમ ૭,૫૫,૯૪૪.૯૬ કરોડ રૂપિયા રહી છે. સરકારે ૫૪,૦૭૭.૯૦ કરોડ રૂપિયા સિક્યોરિટી ટ્રાન્ઝેકશન ટેક્સ પેટે એકત્ર કર્યા છે.

પાત્ર ન હોય તેવા કર્મચારીઓ સામે લટકતી તલવાર

રેલવેમાં સરકારી નોકરી છતાં 1.82 લાખ કર્મચારીઓ પાસે રેશનકાર્ડ, તપાસના આદેશથી ખળભળાટ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

રેલવેના 1.82 લાખથી વધુ કર્મચારીઓએ સારો પગાર હોવા છતાં નિયમ વિરુદ્ધ રેશન કાર્ડ બનાવી સસ્તા અનાજનો લાભ લીધો છે. રેલવે બોર્ડે આ મામલે કડક વલણ અપનાવી તમામ રેશન કાર્ડની તપાસના આદેશ આપ્યા છે. પાત્રતા ન ધરાવતા કર્મચારીઓને તાત્કાલિક રેશન કાર્ડ સરેન્ડર કરવા સૂચના અપાઈ છે, અન્યથા કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ ઘટના દેશભરમાં ચાલતા NFSA હેઠળના વેરિફિકેશન અભિયાન દરમિયાન સામે આવી છે.સરકારી નોકરી અને સારોએવો પગાર મળવા છતાં કેટલાક કર્મચારીઓની લાલચ ઓછી થવાનું નામ નથી લઈ રહી. રેલવે વિભાગમાં સામે આવેલી એક ચેંકાવનારી બાબત આ વાતની સાબિતી આપે છે. રેલવેના 1.82 લાખથી વધુ કર્મચારીઓએ નિયમો વિરૂદ્ધ જઈને પોતાના નામે સસ્તા અનાજના 'રેશન કાર્ડ' બનાવી લીધા છે અને સરકારી અનાજનો લાભ લઈ રહ્યા છે.આ ગંભીર બાબત સામે આવતાની સાથે જ રેલવે બોર્ડ દ્વારા કડકાઈ દાખવી તમામ કર્મચારીઓના રેશન કાર્ડની ઊંડાણપૂર્વક તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. એટલું જ નહીં, જે કર્મચારીઓ પાત્રતા ધરાવતા નથી છતાં લાભ લઈ રહ્યા છે તેમને તાત્કાલિક પોતાના રેશન કાર્ડ સરેન્ડર કરી દેવા સૂચના આપવામાં આવી છે. એક અહેવાલ મુજબ, રેલવે બોર્ડે આ મામલે ગત 11 નવેમ્બરના રોજ એક સત્તાવાર પત્ર જાહેર કર્યો છે. આ પત્રમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગ દ્વારા સમગ્ર દેશમાં એક વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય 'રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ' (NFSA) હેઠળ મળતા સસ્તા અનાજનો લાભ માત્ર અને માત્ર ખરેખર જરૂરિયાતમંદ અને પાત્ર વ્યક્તિઓ સુધી જ પહોંચાડવાનો છે. આ વેરિફિકેશન પ્રક્રિયા દરમિયાન જ દેશભરમાંથી 1,82,283 જેટલા સેવારત રેલવે કર્મચારીઓ એવા મળી આવ્યા છે કે જેમના નામ શંકાસ્પદ રેશન કાર્ડ ધારકો તરીકે મેચ થઈ રહ્યા છે. રેલવે બોર્ડે પોતાના પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, આ યાદીમાં સામેલ તમામ કર્મચારીઓના કિસ્સાની ગંભીરતાથી ચકાસણી થવી જોઈએ. વેરિફિકેશન બાદ જ એ સ્પષ્ટ થશે કે કયો કર્મચારી ખરેખર નિયમો મુજબ રાશન કાર્ડ રાખવા માટે પાત્ર છે અને કોણે આ સુવિધા જતી કરવી પડશે. બોર્ડે તમામ કર્મચારીઓને અપીલ કરી છે કે જો તેઓ નિર્ધારિત માપદંડો હેઠળ પાત્ર સાબિત થતા ન હોય, તો તેઓ કોઈપણ દંડ કે કાર્યવાહીથી બચવા માટે સ્વેચ્છાએ પોતે જ પોતાનું રાશન કાર્ડ સરેન્ડર કરી દે.નિયમોની વાત કરીએ તો, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ દેશના ગરીબ, લાચાર અને જરૂરિયાતમંદ પરિવારોને અત્યંત રાહત દરે અનાજ પૂરું પાડવામાં આવે છે. પરંતુ આ યોજનાનો દુરુપયોગ ન થાય તે માટે સરકારે ચોક્કસ પાત્રતાની શરતો નક્કી કરી છે. કેન્દ્રના ખાદ્ય વિભાગના જણાવ્યા અનુસાર, આ શરતોને લાગુ કરવામાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુખ્ય ભૂમિકા હોય છે. રેલવે બોર્ડે પણ પોતાના પત્રમાં આ જ વ્યવસ્થાનો હવાલો આપ્યો છે.

વર્ષોથી આદિવાસી સમાજનું શોષણ કરનાર ભાજપને હવે અચાનક આદિવાસીઓ કેમ યાદ આવ્યા?: મનોજ સોરઠીયા

જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરતાં પહેલાં ભાજપ આદિવાસીઓને જળ, જંગલ અને જમીનના અધિકારો આપે

(એજન્સી) અમદાવાદ | તા.14

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આવતીકાલે ભારતીય જનતા પાર્ટી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવા જઈ રહી છે, સૌથી મોટો સવાલ એ છે કે ભાજપને હવે રહી રહીને આદિવાસી સમાજ કેમ યાદ આવી રહ્યો છે? આટલા વર્ષોથી તેઓ આદિવાસી સમાજનું અને આદિવાસી વિસ્તારોનું શોષણ કરી રહ્યા છે, પેસા એક્ટને આજ દિન સુધી જમીન પર લાગુ કરવામાં આવ્યો નથી, જળ, જંગલ, જમીનના અધિકારો આજદિન સુધી આપ્યા નથી, છતાં પણ ભાજપને હવે આદિવાસી સમાજ માટે પ્રેમ ઉભરાઈ આવ્યો હોય એમ મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓના ધાડાના ધાડા આદિવાસી પટ્ટામાં ઉતરી આવ્યા છે. કેમ ભાઈ? હવે આદિવાસી સમાજ તમને કેમ યાદ આવ્યો?

પેસા એક્ટ લાગુ કરો અને આદિવાસી સમાજને ન્યાય આપો, પછી મત માંગવા જવાની જરૂર નહીં પડે

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના એક ધારાસભ્ય - એક લોકપ્રિય નેતા ચૈતર વસાવા જ્યારે આદિવાસી સમાજ માટે હક માંગે છે, જ્યારે પોતાના વિસ્તાર માટે સવાલ પૂછે છે, તો તમે એમને જેલમાં નાંખવાનું કામ કરો છો, અનેક વર્ષોથી તમે આદિવાસી લોકો સાથે અન્યાય કરવાનું કામ કરતા આવ્યા છો અને તમે હવે આદિવાસી સમાજના લોકોને રીઝવવા માટે નાટકો કરવાનું શરૂ કર્યું છે. પહેલી વાત તો એ કે આ જનજાતિ નહીં પરંતુ આદિવાસી લોકો છે, આ લોકો આદિ સમયના રહેવાસી છે એવું તમે માનો, આ લોકોને અધિકારો આપવામાં તમને બિલકુલ રસ નથી પરંતુ તમારે ધતિંગો કરવામાં રસ છે. હું ભાજપના લોકોને કહેવા માગું છું કે ધારાસભ્ય ચૈતર વસાવા અધિકારો માટે લડી રહ્યા છે અને ન્યાય માટે લડી રહ્યા છે તો એમને એ અધિકાર અને ન્યાય આપો અને ત્યારબાદ તમે આદિવાસી વિસ્તારમાં ફરવાનું શરૂ કરો, જળ જંગલ જમીનના અધિકારો આપો, પેસા એક્ટ લાગુ કરો અને એ પછી તમારે આદિવાસી વિસ્તારોમાં મત માંગવા પણ જવું નહીં પડે.



છેલ્લા 5 વર્ષમાં અમૂલે દૂધના ભાવમાં ₹12નો વધારો કર્યો, પરંતુ પશુપાલકોને કેટલો ફાયદો થયો?: પાયલ સાકરીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરીયાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગઈકાલે અમુલ કંપનીએ દૂધના ભાવમાં ફરીથી ભાવ વધારો કર્યો. છેલ્લા પાંચ વર્ષમાં અમુલ કંપનીએ 12 રૂપિયાનો વધારો કર્યો છે. અમુલ એ કોઈ એવી ખાનગી કંપની નથી જે મનફાવે એમ ભાવ વધારો કરી દે અને લોકો પર મોંઘવારીનો ભાર ઝીંકી દે. એ સહકારી વ્યવસ્થા છે તો પોતાની જવાબદારી પ્રમાણે કયા કારણોસર ભાવ વધારો કરવામાં આવ્યો એનું સ્પષ્ટકરણ દર્શાવવું જોઈએ. આ ભાવવધારાથી પશુપાલકોને કેટલો ફાયદો થાય છે એ વિશે પણ માહિતી જાહેર કરવી જોઈએ. છેલ્લા પાંચ વર્ષમાં અમૂલના ટર્નઓવરમાં 58% ની વૃદ્ધિ થઈ છે પરંતુ સવાલ એ પેદા થાય છે કે એની સામે પશુપાલકોને કેટલા ટકાનો ભાવ વધારાનો ફાયદો મળ્યો. લોકસભામાં પશુપાલન અને ડેરી વિભાગે જે પ્રમાણે આંકડાઓ જાહેર કર્યા કે પશુપાલકો પાસે કેટલા રૂપિયાથી દૂધ ખરીદવામાં આવે છે, તો ગાયનું દૂધ 2025-26 માં 36 રૂપિયા 70 પૈસે ખરીદવામાં આવતું હતું. અને ભેંસનું દૂધ 49 રૂપિયા અને 30 પૈસે ખરીદવામાં આવતું હતું તો ગ્રાહકો સુધી જ્યારે આ દૂધ પહોંચે છે એમાં જે તફાવત છે એ આટલો મોટો તફાવત કેમ છે?વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, તો આનો જે આખો હિસાબ કિતાબની માયાજાળ છે એને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર અને બોર્ડ ઓફ ડિરેક્ટરે જાહેર કરવું જોઈએ. મારી સ્પષ્ટ માંગણી છે કે અમને જણાવવામાં આવે કે છેલ્લા પાંચ વર્ષમાં પશુપાલકોને ભાવ વધારાનો કેટલો ફાયદો થયો અને કેટલા લીટર દૂધ ખરીદ્યું અને કેટલા રૂપિયાની ચુકવણી કરવામાં આવી.



ભાજપના કાર્યક્રમોથી દૂર રહો અને ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી આદિવાસી સમાજના પોતાના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉજવો: નિરંજન વસાવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ એક ગંભીર મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના નેતાઓને આજે આદિવાસી લોકો પ્રત્યે પ્રેમ ઉભરાઈ આવ્યો છે. આજે ટ્રાઈબલ વિસ્તારમાં અલગ અલગ 500 જગ્યાએ એ લોકો કાર્યક્રમ કરવા જઈ રહ્યા છે. 9 ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે અને આખી દુનિયાના લોકો આ દિવસને ધામધૂમથી ઉજવતા હોય છે, ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કે એમના કોઈ મંત્રી દ્વારા પણ એક ટ્વીટ કરીને પણ આ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવી ન હતી. હવે સવાલ એ પેદા થાય છે કે 151મી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી સમયે એ લોકોને એવો કયો પ્રેમ ઉભરાયો કે એ લોકો હવે 18 તારીખ સુધી કાર્યક્રમ કરવા જઈ રહ્યા છે? કાર્યક્રમના નામે એ લોકો કરોડો રૂપિયાનો ધુમાડો કરશે પરંતુ સામાન્ય લોકોને એનો શું લાભ મળે છે? પૈસાનો ધુમાડો કરીને આ લોકો આદિવાસી સમાજના લોકોને પોતાના વશમાં કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'આપ' નેતા નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે અમારા આદિવાસી લોકોના જનજાતિના નામે અને વનબંધુના નામે મોટા મોટા હોર્ડિંગ્સ, પોસ્ટર અને બેનર લગાવવામાં આવે છે, તો હું કહેવા માગું છું કે અમે આદિવાસી લોકો છીએ, અમે પ્રકૃતિપુજક છીએ અને આ દેશના મૂળ માલિકો છીએ, ત્યારે તમે વનબંધુ અને જનજાતિના નામે અમારું અપમાન કરો છો. આની સાથે સાથે અમે તમામ આદિવાસી સમાજના લોકો અને સંગઠનોને કહી રહ્યા છીએ કે આપણે આપણા વિસ્તારોમાં વર્ષોથી ભગવાન બિરસા મુંડાના કાર્યક્રમ કરતા આવ્યા છીએ, તો હવે જ્યાં જ્યાં આદિવાસી સમાજ દ્વારા ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે એ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આપ હાજરી આપજો અને ભાજપ સરકાર દ્વારા જે કાર્યક્રમમાં થવા જઈ રહ્યા છે એમાં જવાનું ટાળજો. જેથી ભાજપ સરકારમાં બેઠેલા નેતાઓ અને મંત્રીઓને પણ ખબર પડે કે આ જ નો આ દિવાસી સમાજ જાગૃત થયો છે.



અમદાવાદ બનશે ડિજિટલ સ્માર્ટ સિટી!

2,000 કિમીથી વધુ ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક અને બે લાખ સ્માર્ટ સ્ટ્રીટલાઇટ પોલ ઊભા કરાશે

(એજન્સી) અમદાવાદ | તા.14

શહેરને ડિજિટલ કનેક્ટિવિટીથી સજ્જ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરવ્યાપી ઓપ્ટિકલ ફાઇબર અને સ્માર્ટ સ્ટ્રીટલાઇટ નેટવર્ક ઊભું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ શહેરમાં ૨,૦૦૦ કિલોમીટરથી વધુ લંબાઈનું ઓપ્ટિકલ ફાઇબર કેબલ (ઓએફસી) નેટવર્ક બિછાવવામાં આવશે, જ્યારે અંદાજે બે લાખ સ્ટ્રીટલાઇટ પોલને ટેલિકોમ ગ્રેડ સ્માર્ટ પોલમાં રૂપાંતરિત કરાશે, તેના પરિણામે એએમસીની મુખ્ય કચેરીઓ, ઝોનલ અને વોર્ડ કચેરીઓ, હોસ્પિટલો તથા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર હાઈસ્પીડ નેટવર્કથી જોડાશે. સ્માર્ટ પોલ પર સ્માર્ટ લાઇટ કંટ્રોલર, સેન્સર અને રિમોટ મોનિટરિંગ સિસ્ટમ લગાવવામાં આવશે.

આ ઉપરાંત 4G/5G સ્મોલ સેલ, પબ્લિક વાઈ-ફાઈ, IoT ગેટવે અને સર્વેલન્સ કેમેરા સ્થાપિત કરવા માટેની સુવિધા ઊભી કરાશે. આ માળખાથી સ્ટ્રીટલાઇટના સંચાલન અને વીજ વપરાશનું મોનિટરિંગ કરી શકાશે, સાથે જ ટ્રાફિક મેનેજમેન્ટ, જાહેર સુરક્ષા અને ટેલિકોમ કનેક્ટિવિટી માટે પણ તેનો ઉપયોગ થશે.



પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડલ હેઠળ અમલી

આ પ્રોજેક્ટ પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડલ હેઠળ અમલી બનશે, જેમાં મંજૂર પ્રોજેક્ટ ખર્ચના ૨૫ ટકા એએમસી અને બાકીના ૭૫ ટકા રકમ પસંદગી પામેલા કન્સેસનેર દ્વારા રોકાણ કરવામાં આવશે. એએમસીનું ફન્ડિંગ પણ તબક્કાવાર રહેશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સપ્લાય સમયે ૧૦ ટકા, સમગ્ર નેટવર્કનું કામ પૂર્ણ કરી ટેસ્ટિંગ અને કમિશનિંગ બાદ પાંચ ટકા તથા બાકીના ૧૦ ટકા ૧૦ વર્ષના કન્સેસન સમયગાળા દરમિયાન વાર્ષિક સમાન હપ્તામાં ચૂકવાશે.

દિવાળી વેકેશનમાં પ્રવાસીઓથી ઊભરાયું કાંકરિયા

(એજન્સી) અમદાવાદ | તા.14

દિવાળી વેકેશન દરમિયાન અમદાવાદના લોકપ્રિય પર્યટન સ્થળ કાંકરિયા લેકફ્રન્ટ ખાતે સહેલાણીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. 9થી 11 નવેમ્બર દરમિયાન માત્ર ત્રણ દિવસમાં 1,57,690 લોકોએ કાંકરિયાની મુલાકાત લીધી હતી. ખાસ વાત એ છે કે, ગયા મહિને એટલે કે ઓક્ટોબરની આ જ તારીખો દરમિયાન ત્રણ દિવસમાં માત્ર 34,063 મુલાકાતીઓ નોંધાયા હતા. આમ, એક જ મહિનામાં આ ત્રણ દિવસની મુલાકાતીઓની સંખ્યામાં 1,23,627નો વધારો થયો છે, જે ટકાવારીમાં આશરે 363 ટકાનો ઉછાળો દર્શાવે છે. એટલે કે નવેમ્બરમાં મુલાકાતીઓની સંખ્યા ઓક્ટોબરની સરખામણીએ 4.63 ગણી થઈ હતી. મુલાકાતીઓના આંકડા પર નજર કરીએ તો 9 નવેમ્બરે સોમવાર હોવા છતાં કોર્પોરેશન દ્વારા કાંકરિયા પરિસર મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવ્યુ હતુ. આ દિવસે 28,572 લોકોએ મુલાકાત લીધી હતી. તેની સામે 9 ઓક્ટોબરે માત્ર 5,941 મુલાકાતીઓ નોંધાયા હતા. એટલે કે એક મહિનામાં આ તારીખે મુલાકાતીઓની સંખ્યામાં 381 ટકાથી વધુનો વધારો થયો હતો. 10 નવેમ્બરે કાંકરિયામાં સૌથી વધુ ધસારો જોવા મળ્યો હતો. આ દિવસે 67,097 લોકોએ મુલાકાત લીધી હતી, જ્યારે 10 ઓક્ટોબરે 10,522 મુલાકાતીઓ આવ્યા હતા. આમ, એક જ મહિનામાં આ તારીખે મુલાકાતીઓની સંખ્યામાં આશરે 538 ટકાનો વધારો નોંધાયો હતો. ત્રણ દિવસના કુલ આંકડામાં આ દિવસનો હિસ્સો સૌથી વધુ રહ્યો હતો. 11 નવેમ્બરે પણ 62,021 મુલાકાતીઓ નોંધાયા હતા. તેની સામે 11 ઓક્ટોબરે 17,600 લોકોએ કાંકરિયાની મુલાકાત લીધી હતી.

આટલા વર્ષો સુધી ભાજપને ભગવાન બિરસા મુંડા યાદ ન આવ્યા,

હવે આદિવાસી પટ્ટામાં રાજકીય નાટકો કેમ કરી રહ્યા છો?: રાધિકા રાઠવા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવાએ એક મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આવતીકાલે 15 નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતી છે અને સમસ્ત આદિવાસી પટ્ટામાં લોકો બિરસા મુંડાને યાદ કરવાના છે. હું ભાજપ સરકારને પૂછવા માગું છું કે આટલા વર્ષો બાદ તમને ભગવાન બિરસા મુંડા યાદ આવ્યા? તમે લોકોએ સમસ્ત આદિવાસી પટ્ટામાં પ્રોગ્રામ ગોઠવ્યા છે અને ઈતિહાસમાં પહેલીવાર તમે એમનું નામ લીધું છે. જો તમે આદિવાસી લોકોને બચાવવા માંગતા હતા તો આટલા ટાઈમ સુધી તમે ક્યાં હતા? તમે આજ સુધી પેસા એક્ટ લાગુ કર્યો નથી, તમે સનદની જમીન આપવાનો વાયદો કરો છો પરંતુ તમે ધારાસભ્ય ચૈતર વસાવાને સનદની જમીનના ખોટા કેસમાં જેલમાં પૂર્યા છે. અમે ઉમરગામથી અંબાજી સુધી ન્યાય યાત્રા લઈને નીકળ્યા હતા તો તમને એવું લાગ્યું કે આદિવાસી પટ્ટો તમારા હાથમાંથી જાય છે એટલા માટે તમે હવે નાટકો ગોઠવી રહ્યા છો?વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રાધિકા રાઠવાએ જણાવ્યું હતું કે, તમે સરકારની જે ગ્રાન્ટો આ પ્રોગ્રામોમાં વાપરવાના છો એ ગ્રાન્ટને તમે આદિવાસી લોકોના ભલા કરવા માટે વાપરો. આ રકમને તમે રોડ રસ્તા, શિક્ષણ, સ્વાસ્થ્ય વ્યવસ્થામાં વાપરો, નહીં કે લાખો કરોડોના પ્રોગ્રામ કરો, તમે આ નાટકો બંધ કરો. જો તમે આદિવાસીઓના મસીહા હોવ તો પહેલા પેસા એક્ટ લાગુ કરો અને આદિવાસી લોકોને તેમના હક અને અધિકાર આપો, પંચાયતના તેમના હક અને અધિકાર આપો. ત્યારે અમે માનીશું કે તમે સાચે જ આદિવાસી લોકોના હિતેચ્છુ છો અને તમે ભગવાન બિરસા મુંડામાં માનો છો. આવતીકાલે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ છોટાઉદેપુર ખાતે એક મોટા પ્રોગ્રામમાં આવવાના છે તો હું એમને એક રજૂઆત કરવા માંગુ છું કે આવતીકાલે તમે પેસા એક્ટ લાગુ કરવાની ઘોષણા કરો, તમારી સામે અમે આટલી જ માંગણી કરીએ છીએ.



ઉમરગામથી અંબાજી સુધીની ન્યાય યાત્રાથી ભાજપને આદિવાસી પટ્ટો હાથમાંથી જતો દેખાયો એટલે હવે કાર્યક્રમો ગોઠવી રહી છે

અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લીટર ₹4નો વધારો કર્યો, મોંઘવારીનું દૂધ જનતા ક્યાં સુધી પીતી રહેશે?: ડો. કાયનાત અંસારી આથા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડોક્ટર કાયનાત અંસારી આથાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે અમુલે દૂધના ભાવમાં પ્રતિ લીટર ચાર રૂપિયાનો વધારો કર્યો છે. જીવન જરૂરિયાતની જેમ મહત્વપૂર્ણ ચીજ વસ્તુઓ હોય છે તેના ભાવ પર સરકારે નિયંત્રણ રાખવાની જરૂર હોય છે, હાલ આપણા દેશમાં દૂધ જેવી જીવન જરૂરિયાતની વસ્તુ બીજી કોઈ હોય એવું મને લાગતું નથી, નાના બાળકોને હવે દૂધ પીવડાવવું પણ સરકારે મોંઘુ કરી દીધું છે. સરકાર જો એમ કહેતી હોય કે "આ એટલા માટે થયું છે કારણ કે દુષ્કાળ જેવી પરિસ્થિતિ અને માલધારીઓ પાસે ઘાસચારાની પણ વ્યવસ્થા નથી" તો આ પૂરું પાડવાની જવાબદારી કોની છે? સરકારની જવાબદારી છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડોક્ટર કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે, સરકાર માલધારીઓને મદદ કરતી નથી. આ મુદ્દે જે પણ ડિબેટ કરવી હોય એના માટે અમે તૈયાર છીએ, ગ્રાઉન્ડ ઉપર છીએ, જે પણ મંત્રી સાથે ડિબેટ કરાવવી હોય કે ગ્રાઉન્ડ ઉપર આવીને પરિસ્થિતિ જોવી હોય તો જોઈ શકે છે, એ લોકો એ પણ જોઈ શકે છે કે માલધારીઓ હિજરત કરી રહ્યા છે, ખેડૂતો પરેશાન છે. જ્યારે સરકારે કંઈક આપવાનું છે ત્યારે સરકાર કંઈ આપતી નથી અને મોંઘવારી આજે ચરમસીમાએ પહોંચી છે, જનતા ક્યાં સુધી આ મોંઘવારીનું દૂધ પીતી રહેશે? આ ખૂબ જ મોટો સવાલ છે અને હવે આ સવાલ સરકારને પૂછવાની જરૂર છે, દુઃખ સાથે કહેવું પડે છે કે આ સરકાર સંપૂર્ણ રીતે નિષ્ફળ છે.

અમદાવાદના ગોતા-બોપલ સહિત અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા સર્જાશે

NEWS BRIEF



(એજન્સી) | અમદાવાદ તા.14

અમદાવાદમાં જાસપુર 200 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ટ્રંક મેઈન લાઈનના સમારકામ અને શિફ્ટિંગને કારણે મંગળવારે પાણી પુરવઠો ખોરવાશે. લીલાપુર ગામ નજીક 1300 મિમી લાઈનનો સ્પિન્ડલ રોડ બદલાશે, જ્યારે અંબર ટાવર પાસે 750 મિમી લાઈન શિફ્ટ કરાશે. ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનના ગોતા, થલતેજ, બોપલ-ઘુમા, સરખેજ સહિત 12 જેટલા વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનો પ્રભાવિત થશે, જેથી લોકોને પાણીની મુશ્કેલી પડશે. અમદાવાદમાં જાસપુર 200 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે જોડાયેલી ટ્રંક મેઈન લાઈનના સમારકામ અને લાઈન શિફ્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવનારી છે. જેના પગલે મંગળવારે ઉત્તર-પશ્ચિમ તેમજ દક્ષિણ પશ્ચિમ ઝોનના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠાને અસર થશે. આ કામગીરી દરમિયાન બંને ઝોનનાં આશરે 12 વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનને અસર થવાની શક્યતા છે. જાસપુરની 200 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ક્ષમતાની ટ્રંક મેઈન લાઈનમાં બે સ્થળે કામગીરી કરવાની છે. પ્રથમ કામગીરી લીલાપુર ગામ નજીક લીલાપુર તળાવની બાજુમાં આવેલી 1300 મિમીની લાઈન પર કરવામાં આવશે. આ લાઈનનો સ્કાઉર વાલ્વનો સ્પિન્ડલ રોડ ક્ષતિગ્રસ્ત થયો હોવાથી તેને બદલીને નવો સ્પિન્ડલ રોડ લગાવવામાં આવશે. બીજી તરફ સરખેજ નેશનલ હાઈવે પર અંબર ટાવર અને ક્લાસિક હોમ નજીક કેડિલા સર્કલથી એપીએમસી તરફ જતી 750 મિમીની ટ્રંક મેઈન લાઈનનું શિફ્ટિંગ કરવામાં આવશે. આ લાઈન ડ્રેનેજ રિહેબિલિટેશનની કામગીરીમાં અડચણરૂપ બનતી હોવાથી તેને ખસેડવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ બંને કામગીરીને કારણે પાણી પુરવઠાની વ્યવસ્થા ખોરવાશે. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, કામગીરી દરમિયાન ઉત્તર-પશ્ચિમ ઝોનનાં આશરે 12 વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનને અસર થશે. આ સમયગાળા દરમિયાન તમામ સ્ટેગર્ડ વોટર સપ્લાય પણ બંધ રાખવામાં આવશે. પરિણામે ગોતા, થલતેજ, શીલજ, બોપલ-ઘુમા, સરખેજ, મકતમપુરા સહિતના વિસ્તારોના રહેવાસીઓને પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. બીજી તરફ મકતમપુરા વોર્ડમાં મુસ્કાન ગાર્ડન, એપીએમસી અને સંકલિતનગર વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનને પાણી પૂરું પાડતી 700 મિમીની 24 કલાકની લાઈનમાં પણ લીકેજની સમસ્યા સામે આવી છે. આ લાઈનનો આશરે 15 મીટરનો ભાગ બદલવાની જરૂર છે. હાલમાં લીકેજનું કામચલાઉ સમારકામ કરવામાં આવ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપાલિટીના કર્મચારીઓનું સંચાલન AI કરશે

(એજન્સી) | અમદાવાદ તા.14

અમદાવાદ મ્યુનિ. દ્વારા સ્માર્ટ સિસ્ટમ બાદ હવે AI આધારિત નીત-નવી ઓનલાઈન સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. હવે મ્યુનિ.ના કર્મચારીઓને કામ સોંપવાથી લઈને તેમની કામગીરીનું મૂલ્યાંકન સહિતની બાબતોનું સંચાલન પણ AI કરશે! જેના માટે રૂ. 7 કરોડના ખર્ચે AI આધારિત એમ્પ્લોયી મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવાનું આયોજન કરાયું છે. આ નવી સિસ્ટમ લાગુ થયા બાદ કર્તવ્યપરાયણ કર્મચારીઓની કદર થશે, જ્યારે કામચોરી કરતા અને બેદરકાર કર્મચારીઓ પર લગામ પણ આવશે. અમદાવાદ મ્યુનિ.માં હાલ કાયમી અને કોન્ટ્રાક્ટ પર 18થી 20 હજાર જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા છે. જો કે તેમની કામગીરી, નિયમિતતા, સિનિયોરિટી વગેરે મુદ્દે વારંવાર પ્રશ્નો ઊભા થતા હોય છે. અત્યારે ફક્ત કર્મીઓની હાજરી અને પગાર જેવી સામાન્ય બાબતો માટે રૂટિન ઓનલાઈન સિસ્ટમ છે. તેવામાં હવે કર્મચારીઓના કામ પર ચાંપતી નજર રાખવા મ્યુનિ. દ્વારા આશરે રૂ. 7 કરોડના ખર્ચે AI આધારિત એમ્પ્લોયી મેનેજમેન્ટ સિસ્ટમ તૈયાર કરાશે. જેમાં કયા કર્મીને કયું કામ સોંપવું? તે પણ હવે AIના સૂચનો પરથી નક્કી કરશે.

સાબરમતી રિવરફ્રન્ટ છઠ ઘાટ પર નદીમાં છોડાયું પાણી

(એજન્સી) | અમદાવાદ તા.14

અમદાવાદના સાબરમતી છઠ ઘાટ પર છઠ પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. AMC દ્વારા નદીમાં પાણી છોડવા સહિત ઘાટની સફાઈ કામગીરી પૂર્ણ કરાઈ છે; હજારો શ્રદ્ધાળુઓ ઉમટવાની શક્યતાને પગલે પોલીસ અને ટ્રાફિકનો ચુસ્ત બંદોબસ્ત, આવતીકાલે મુખ્યમંત્રી હાજર રહે તેવી શક્યતા. લોકઆસ્થાના મહાપર્વ છઠ પૂજાને લઈને અમદાવાદ શહેરમાં ભારે ઉત્સાહ અને તડામાર તૈયારીઓ જોવા મળી રહી છે. ખાસ કરીને અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સ્થિત છઠ ઘાટ પર છઠ પૂજાનું અત્યંત ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૂર્યદેવની આરાધના અને અર્ઘ્ય અર્પણ કરવા માટે શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નું સમગ્ર તંત્ર સજ્જ બન્યું છે. આ ભવ્ય ધાર્મિક મહોત્સવમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટવાની શક્યતા છે, તેમજ આવતીકાલે રાજ્યના મુખ્યમંત્રી પણ આ કાર્યક્રમમાં હાજર રહે તેવી પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓ પવિત્ર જળમાં ઉભા રહીને સૂર્યદેવની આરાધના કરી શકે તે માટે AMC દ્વારા સાબરમતી નદીમાં નવું પાણી છોડવામાં આવ્યું છે. આ ઉપરાંત સમગ્ર છઠ ઘાટ અને આસપાસના પરિસરની સફાઈ કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.

મહાદેવ બેટિંગ' કેસમાં CBIની મોટી કાર્યવાહી

ગુજરાતના અમદાવાદ, સુરત અને વડોદરા સહિત 6 રાજ્યમાં દરોડા



(એજન્સી) | અમદાવાદ તા.14

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ 'મહાદેવ ઓનલાઈન બુક' બેટિંગ એપ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, CBIએ 6 રાજ્યોમાં 33 સ્થળોએ દરોડા પાડ્યા છે. આ દરોડા ગેરકાયદેસર ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મ 'મહાદેવ ઓનલાઈન બુક' સાથે સંકળાયેલા 'પેનલ ઓપરેટરો'ના ઠેકાણાઓ પર કરવામાં આવ્યા હતા. CBIના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી 'મહાદેવ એપ'ના મુખ્ય પ્રમોટરોમાંના એક, સૌરભ ચંદ્રાકરની પૂછપરછ દરમિયાન મળેલી માહિતીના આધારે હાથ ધરવામાં આવી હતી. સૌરભ ચંદ્રાકરને ઓમાનથી ભારત લાવવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ દરોડા પ્લેટફોર્મના મુખ્ય પ્રમોટરોમાંના એક અને મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકરને ઓમાનથી ભારત લાવ્યા બાદ થયેલા ખુલાસાઓને પગલે પાડવામાં આવ્યા હતા. જે શહેરોમાં તપાસ કરવામાં આવી તેમાં અમૃતસર, દિલ્હી, નાગૌર, ધોલપુર, ભોપાલ, રાયપુર, દુર્ગ, ઈન્દોર, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ અને નાગપુરનો સમાવેશ થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

સુરતના દંપતીનું કર્ણાટકમાં કરૂણ બોટ અકસ્માત મોત, કુશલનગર હરંગી બેકવોટર્સમાં ડૂબી ગયું દંપતી

કર્ણાટકના કોડાગુમાં બોટ પલટી ગુજરાતી દંપતી મોત

(એજન્સી) કોડાગુ | તા. 14




કર્ણાટકના કોડાગુ જિલ્લાના કુશલનગર નજીક આવેલ રમણીય હરંગી બેકવોટર્સ વિસ્તારમાં વેકેશનની મજા માણવા માટે ગયેલા સુરતના એક સુખી પરિવાર પર શનિવારે અચાનક મોટો આફતનો તૂટી પડ્યો હતો, જ્યાં હાઈસ્પીડ બોટિંગ દરમિયાન અચાનક બોટ પલટી ખાઈ જવાથી સુરતના પચાસ વર્ષીય ધર્મેશભાઈ અને તેમના પત્ની નિમ્મીબેનનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની સાથે રહેલા બે માસૂમ સંતાનોનો સદનસીબે ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો હતો અને આ ગોઝારી ઘટનાને પગલે સમગ્ર પરિવાર તેમજ વતનમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

મૂળ ગુજરાતના અને સુરત તથા આસપાસના વિસ્તાર સાથે સંકળાયેલા આ પરિવાર માટે રજાઓ ગાળવાનો આ ઉત્સાહભર્યો પ્રવાસ ક્યારેય ન ભૂલાય તેવી ગોઝારી દુર્ઘટનામાં ફેરવાઈ ગયો હતો. પરિવાર કુશલનગર નજીક હરંગી બેકવોટર્સ ખાતે 'એડવેન્ચર વોટર સ્પોર્ટ્સ' દ્વારા સંચાલિત બોટમાં સવાર થઈને કુદરતી સૌંદર્યની વચ્ચે બોટિંગની મજા માણી રહ્યો હતો. આનંદ અને ઉલ્લાસના આ માહોલ વચ્ચે અચાનક બોટ ચાલકે પૂરપાટ ઝડપે હાઈસ્પીડ વળાંક લેવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે બોટ સંતુલન ગુમાવી બેઠી હતી અને ક્ષણવારમાં જ પલટી ખાઈ ગઈ હતી. બોટ પલટતાની સાથે જ પરિવારના ચારેય સભ્યો ઊંડા પાણીમાં ફંગોળાઈને ખાબક્યા હતા, જેના કારણે ત્યાં હાજર લોકોમાં પણ દોડધામ મચી ગઈ હતી અને ભારે હલચલ મચી ગઈ હતી.

આ દુર્ઘટનાની સૌથી વધુ હૃદયદ્રાવક બાબત એ રહી કે બોટિંગ શરૂ કરતા પહેલા જ પરિવારના તમામ સભ્યોએ સુરક્ષાના કડક નિયમોનું પાલન કરીને લાઈફ જેકેટ પહેરેલા હતા. બોટ પલટતાની સાથે જ સ્થાનિક તરવૈયાઓ અને વોટર સ્પોર્ટ્સનો સ્ટાફ તાત્કાલિક મદદે દોડી આવ્યો હતો અને પાણીમાં તરેલા બંને સંતાનોને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. પરંતુ કમનસીબે, ધર્મેશભાઈ અને તેમના પત્ની નિમ્મીબેન પલટી ગયેલી ભારેખમ બોટની બરાબર નીચે જ ફસાઈ ગયા હતા. લાઈફ જેકેટ પહેરેલું હોવા છતાં બોટના વજન અને પાણીના તીવ્ર પ્રવાહના કારણે તેઓ બહાર આવી શક્યા ન હતા અને પાણીમાં ગૂંગળાઈ જવાથી બંનેનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું હતું. નજર સમક્ષ જ માતા-પિતા સાથે બનેલી આ ઘટનાથી બંને બાળકો માનસિક આઘાતમાં સરી પડ્યા હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ સ્ટેશનનો કાફલો અને ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી આવી હતી. અધિકારીઓની દેખરેખ હેઠળ સંયુક્ત રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ભારે જહેમત બાદ પાણીમાંથી દંપતીના શબને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ બંનેના પાર્થિવ દેહને પોસ્ટમોર્ટમ માટે નજીકના સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસે આ મા અંગે ગુનો નોંધીને વોટર સ્પોર્ટ્સ સંચાલકોની કથિત બેદરકારી સહિતની વિવિધ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. દેસાઈ સમાજના અગ્રણીઓએ આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પ્રશાસન સાથે સંકલન સાધીને મૃતદેહોને સુરત લાવવાની તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે, જેથી સ્વજનો અંતિમ દર્શન કરી શકે.

રાજકોટનો ગોંડલ ચોકડી ઓવરબ્રિજ બે વર્ષમાં જર્જરિત, બ્રિજની નબળી કામગીરીની પોલ ખુલી



રાજકોટ | વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે રાજકોટ શહેરમાં પ્રજાના પરસેવાના ટેક્સના કરોડો રૂપિયાનું કેવી રીતે આંધણ થઈ રહ્યું છે, તેનો જીવતો-જાગતો પુરાવો ગોંડલ ચોકડી ખાતે સામે આવ્યો છે. વર્ષોની લાંબી પ્રતીક્ષા અને કરોડો રૂપિયાના જંગી ખર્ચે તૈયાર કરવામાં આવેલો ગોંડલ ચોકડી ઓવરબ્રિજ લોકાર્પણના માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં જર્જરિત બની ગયો છે. બ્રિજના સાંધામાં મોટી તિરાડો પડી જતાં અને એક બાજુનો ભાગ તૂટી જતાં તંત્રની કામગીરી સામે શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ સમારકામના નામે બ્રિજ પર બ્રેકર ચલાવીને તૂટેલો ભાગ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સામાન્ય રીતે કોઈપણ ઓવરબ્રિજનું નિર્માણ આગામી દાયકાઓ સુધી મજબૂત રીતે ટકી રહે તેવા આયોજન સાથે કરવામાં આવતું હોય છે. પરંતુ, ગોંડલ ચોકડી ઓવરબ્રિજ માત્ર ૨૪ મહિનામાં જ ખસ્તાહાલ બની ગયો છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોનો સીધો આક્ષેપ છે કે બ્રિજના નિર્માણ કાર્યમાં અત્યંત નબળી અને હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરવામાં આવ્યું છે, જેના કારણે આટલા ટૂંકા સમયમાં બ્રિજમાં ગાબડાં અને તિરાડો પડવા લાગ્યા છે.

વડોદરામાં તસ્કરોનો તરખાટ, નિવૃત્ત મહિલાના ઘરે ચોરી, બંધ મકાનના તાળા તૂટતાં ખળભળાટ

(એજન્સી) વડોદરા | તા. 14

સંસ્કારી નગરી ગણાતા વડોદરા શહેરમાં તસ્કરોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે, જ્યાં શહેરના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં આવેલી ગોરાના પાર્ક સોસાયટીમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા જીઈબીના પૂર્વ મહિલા કર્મચારી જયશ્રીબેન મહંત પોતાના ભાભીના અવસાન પ્રસંગે અંતિમ વિધિમાં હાજરી આપવા માટે બહાર ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને નિશાન બનાવીને અજાણી ચોર ટોળકીએ સોનાના કીમતી દાગીના અને રોકડ રકમ મળીને કુલ પાંચ લાખ બાસઠ હજાર રૂપિયાની મતાની ચોરી કરી ફરાર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને વારસિયા પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત થતી સવિસ્તર વિગતો અનુસાર, વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલી ગોરાના પાર્ક સોસાયટીમાં ૬૩ વર્ષીય જયશ્રીબેન ઇજ્જતરામ મહંત રહે છે, જેઓ અગાઉ ગુજરાત વીજ કંપનીમાં ફરજ બજાવતા હતા અને હાલ નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમના મકાનના ઉપરના માળે રાજુભાઈ નામના વ્યક્તિ ભાડૂત તરીકે રહે છે. તાજેતરમાં જયશ્રીબેનના ભાભીની તબિયત લથડતાં તેમને હાલોલ ખાતેની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું દુ:ખદ અવસાન થયું હતું. ભાભીના અવસાનના સમાચાર મળતાં જયશ્રીબેન શોકમગ્ન હાલતમાં આજવા રોડ પર આવેલી સેવાકુંજ સોસાયટી ખાતે ભાભીના ઘરે ગયા હતા અને અંતિમ વિધિની તમામ ધાર્મિક ક્રિયાઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ત્યાં જ રોકાયા હતા.

આ ઘટનાની સૌથી કમનસીબ બાબત એ રહી કે જે સમયે જયશ્રીબેન મરણ પ્રસંગમાં હાજરી આપવા માટે ઘર બંધ કરીને બહાર ગયા હતા, બરાબર તે જ સમયગાળા દરમિયાન તેમના મકાનના ઉપરના માળે રહેતા ભાડૂત રાજુભાઈ પણ દિવાળીના તહેવારની રજાઓ માણવા માટે પોતાના વતન મહીસાગર ખાતે ગયા હતા.

ડેડીયાપાડામાં જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય તૈયારીઓ પૂર્ણ



(એજન્સી) ડેડીયાપાડા | તા. 14

આગામી પંદરમી નવેમ્બરના પાવન અવસરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે યોજાનાર ભવ્ય અને ઐતિહાસિક જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીને અત્યંત સુવ્યવસ્થિત, ગૌરવપૂર્ણ અને નિર્વિઘ્ન બનાવવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે, જેના ભાગરૂપે આજે ડેડીયાપાડા ખાતે એક ઉચ્ચસ્તરીય આયોજન અને સમીક્ષા બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરમાં જનજાતીય સમુદાયના અદ્ભુત યોગદાન, સમૃદ્ધ સંસ્કૃતિ અને ભવ્ય ઈતિહાસને યાદ કરવા માટે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી રહી છે. ધરતી આબા તરીકે આદરપૂર્વક યાદ કરવામાં આવતા મહાન સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિના આ પવિત્ર અવસરે નર્મદા જિલ્લાના આદિવાસીહાર્દ સમાન ડેડીયાપાડા ખાતે આયોજિત થનારા મુખ્ય રાજ્ય અથવા જિલ્લા સ્તરીય કાર્યક્રમને અત્યંત સફળ બનાવવા માટે વહીવટી તંત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. આદિવાસી સમાજના ઉત્થાન, જળ, જંગલ અને જમીનના અધિકારો માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા ભગવાન બિરસા મુંડાજીના અમૂલ્ય આદર્શોને નવી પેઢી સુધી પહોંચાડવા માટે આ ઉત્સવ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આઝાદીના અમૃત મહોત્સવના આ સમયગાળામાં આદિવાસી નાયકોના બલિદાનને નમન કરવાનો આ શ્રેષ્ઠ અવસર છે. આગામી ભવ્ય કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપવા અને વિવિધ વિભાગો વચ્ચે ઉત્તમ તથા સચોટ સંકલન સાધવાના હેતુથી પ્રાંત અધિકારી સુશ્રી જુહી પાંડેની વિશેષ અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ આયોજન અને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

પશ્ચિમ રેલવે વડોદરા મંડળની ઐતિહાસિક કમાણી, આવકનો અદ્ભુત આંકડો

(એજન્સી) વડોદરા | તા. 14

ભારતીય રેલવેના અંતર્ગત આવતા મહત્વપૂર્ણ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા હાલમાં જ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન પોતાની વ્યાપારી ગતિવિધિઓ અને કુશળ સંચાલનના બળે એક જ દિવસમાં અત્યાર સુધીની સર્વોચ્ચ બાર કરોડ અઠ્ઠાનવે લાખ રૂપિયાની કુલ માતબર આવક પ્રાપ્ત કરીને એક નવો અને ગૌરવશાળી ઈતિહાસ રચી દીધો છે, જેમાં વિવિધ ક્ષેત્રોની ઉત્કૃષ્ટ કામગીરીનું યોગદાન રહેલું છે.

મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત થતી સવિસ્તર અને સત્તાવાર વિગતો અનુસાર, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે પોતાની આર્થિક ક્ષમતાનો પરિચય આપતા અગાઉના તમામ રેકોર્ડ પાછળ છોડી દીધા છે. આનાથી પહેલાં આ મંડળે એક દિવસમાં મહત્તમ અગિયાર કરોડ઼ સેંત્રીસ લાખ રૂપિયાની આવક મેળવી હતી, પરંતુ આ વખતે તમામ સીમાઓને પાર કરીને એક જ દિવસમાં બાર કરોડ અઠ્ઠાનવે લાખ રૂપિયાની કુલ કમાણી હાંસલ કરી છે. આ અભૂતપૂર્વ સફળતા પાછળ મુસાફરોની અવરજવર, માલ પરિવહન એટલે કે ફ્રેઈટ આવક, પાર્સલ સેવાઓ તેમજ ટિકિટ ચેકિંગની સઘન ઝુંબેશની અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે, જેના કારણે વડોદરા મંડળ સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારું અગ્રણી મંડળ બની ગયું છે.

માત્ર મુસાફર ભાડા જ નહીં, પરંતુ માલ પરિવહન અથવા ફ્રેઈટ ક્ષેત્રે પણ વડોદરા મંડળે એક દિવસમાં દસ કરોડ એક્યાશી લાખ રૂપિયાની સર્વોચ્ચ આવક પ્રાપ્ત કરીને ચાલુ નાણાકીય વર્ષનો એક અત્યંત શાનદાર રેકોર્ડ પોતાના નામે કર્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આનાથી પહેલાં મંડળે એક દિવસમાં નવ કરોડ બત્રીસ લાખ રૂપિયાની માલ લોડિંગ આવક નોંધાવી હતી. આ માલ પરિવહનમાં કોલસો, અનાજ, લોખંડની કોઈલ્સ, પાઈપ તેમજ વિવિધ પ્રકારના કન્ટેનર જેવી આવશ્યક અને મહત્વપૂર્ણ સામગ્રીઓની હેરફેરનો મોટો ફાળો રહ્યો છે, જેણે રેલવેની તિજોરીને સમૃદ્ધ બનાવવામાં સિંહફાળો આપ્યો છે. આ ભવ્ય સફળતા પાછળ મંડળ રેલવે મેનેજરશ્રી રાજૂ ભડકેનું માર્ગદર્શન અને સચોટ નેતૃત્વ સૌથી મોટું પરિબળ સાબિત થયું છે.

વડોદરામાં ઈન્સ્ટાગ્રામ અપડેટની લિંક પર ક્લિક કરતા યુવકનો ફોન હેક થયો

વડોદરા | સંસ્કારી નગરી વડોદરા શહેરમાં સાયબર ગઠિયાઓ અવનવા કીમિયા અજમાવીને નાગરિકોના બેંક ખાતા સાફ કરી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો બનાવ ખોડીયાર નગર વિસ્તારમાં સામે આવ્યો છે, જ્યાં 'ઈન્સ્ટાગ્રામ અપડેટ'ના એક નોટિફિકેશન પર ક્લિક કરવા જતાં યુવકનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો અને ગઠિયાઓએ તેના બેંક ખાતામાંથી ૯૪,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે ભોગ બનનાર યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં સાયબર છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના શ્રાવસ્તી જિલ્લાના વતની અને હાલ રોજગારી અર્થે વડોદરાના ખોડીયાર નગર વિસ્તારમાં આવેલા ભાથુજી નગર ખાતે રહેતા ઈબરાર મુન્નાખાનનું લખનઉની ઈન્ડિયન બેંકમાં બચત ખાતું છે, જેની સાથે તેમનો મોબાઈલ નંબર લિંક છે. ગત ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યાના સુમારે ઈબરાર પોતાના રૂમ પર મોબાઈલમાં ફેસબુક જોઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેમના ફોનની સ્ક્રીન પર 'ઈન્સ્ટાગ્રામ અપડેટ'નું એક નોટિફિકેશન આવ્યું હતું. ઈબરારે સામાન્ય અપડેટ સમજીને જેવું તેના પર ક્લિક કર્યું કે તુરંત જ તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો અને જોતજોતામાં ફોનની સ્ક્રીન સંપૂર્ણપણે કાળી (બ્લેક) થઈ ગઈ હતી. ગભરાયેલા યુવકે ફોન સ્વીચ ઓફ કરીને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ફોન ચાલુ થતાની સાથે જ બે સેકન્ડમાં ફરી બંધ થઈ જતો હતો. પરિસ્થિતિ શંકાસ્પદ જણાતા તેમણે તુરંત જ ફોનમાંથી સીમકાર્ડ બહાર કાઢી લીધું હતું અને ફોન બંધ કરીને મૂકી દીધો હતો.

ડૉ દર્શનાબેન દેશમુખ દ્વારા સફાઈ

નર્મદા સ્વચ્છતા અભિયાન દ્વારા ભવ્ય સફાઈ ઝુંબેશ યોજાઈ



(એજન્સી) રાજપીપળા | તા. 14

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિના પાવન અવસરે જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લામાં તા. ૧૧ થી ૧૮ નવેમ્બર દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહના વિવિધ વિશેષ કાર્યક્રમો અત્યંત ઉત્સાહભેર યોજાઈ રહ્યા છે, જેના અંતર્ગત આજે નાંદોદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં એક વિશાળ સ્વચ્છતા અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું અને સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતાનો સંદેશો ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

દેશભરમાં જનજાતીય સમુદાયના અદ્ભુત યોગદાનને યાદ કરવા અને તેમના ગૌરવશાળી ઈતિહાસને નમન કરવા માટે જનજાતીય ગૌરવ સપ્તાહની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. મહાન સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે યોજાઈ રહેલા આ સપ્તાહમાં વિવિધ રચનાત્મક તથા સામાજિક કાર્યો ઉત્સાહપૂર્વક હાથ ધરવામાં આવી રહ્યા છે. નર્મદા જિલ્લામાં આ અભિયાનને અભૂતપૂર્વ સફળતા મળી રહી છે, જ્યાં ગ્રામીણ અને શહેરી બંને ક્ષેત્રોમાં લોકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશની આઝાદીની લડતમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા અમર સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને હંમેશાં યાદ રાખવા અને તેમની પ્રતિમાઓની ગરિમા જાળવી રાખવાના પવિત્ર ઉદ્દેશ્યથી આ કાર્યક્રમોની સુંદર રૂપરેખા તૈયાર કરવામાં આવી છે, જે સ્થાનિક સ્તરે નાગરિકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરી રહી છે.

આ ભવ્ય અભિયાન દરમિયાન નાંદોદના લોકપ્રિય ધારાસભ્ય ડૉ દર્શનાબેન દેશમુખે ઉપસ્થિત વિશાળ જનસમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજ્યની સાથે સાથે નર્મદા જિલ્લામાં પણ જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અત્યંત ઉત્સાહ અને ભક્તિભાવથી થઈ રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશની આઝાદીની લડતમાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાનુભાવોનું અમૂલ્ય યોગદાન રહ્યું છે, અને તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો સૌથી શ્રેષ્ઠ માર્ગ તેમની સ્મારકો અને પ્રતિમાઓની જાળવણી તથા આસપાસના પરિસરમાં ઉત્તમ સ્વચ્છતા જાળવવાનો છે. તેમણે ઉપસ્થિત નાગરિકોને આહ્વાન કર્યું હતું કે સ્વચ્છતા એ માત્ર કોઈ સરકારી અભિયાન નથી, પરંતુ દરેક નાગરિકની પવિત્ર નૈતિક ફરજ છે, અને જો આપણે આપણા પરિસરો તથા શહેરોને સ્વચ્છ રાખીશું તો જ સાચા અર્થમાં મહાનુભાવોના સ્વપ્નો સાકાર થશે. આ સ્વચ્છતા અભિયાનમાં માત્ર રાજકીય પદાધિકારીઓ કે કાર્યકર્તાઓ જ નહીં, પરંતુ વહીવટી તંત્રના શીર્ષ અધિકારીઓ, જવાબદાર કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ઉત્સાહી સ્થાનિક નાગરિકોએ પણ ઉત્સાહભેર સહભાગી થઈને એક અનુકરણ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પ્રાંત અધિકારી જુહી પાંડે દ્વારા સમીક્ષા, ડેડીયાપાડામાં આયોજન અને સમીક્ષા બેઠક

ડેડીયાપાડામાં જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય તૈયારીઓ પૂર્ણ

(એજન્સી) ડેડીયાપાડા | તા. 14

આગામી પંદરમી નવેમ્બરના પાવન અવસરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે યોજાનાર ભવ્ય અને ઐતિહાસિક જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીને અત્યંત સુવ્યવસ્થિત, ગૌરવપૂર્ણ અને નિર્વિઘ્ન બનાવવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે, જેના ભાગરૂપે આજે ડેડીયાપાડા ખાતે એક ઉચ્ચસ્તરીય આયોજન અને સમીક્ષા બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભરમાં જનજાતીય સમુદાયના અદ્ભુત યોગદાન, સમૃદ્ધ સંસ્કૃતિ અને ભવ્ય ઈતિહાસને યાદ કરવા માટે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી રહી છે. ધરતી આબા તરીકે આદરપૂર્વક યાદ કરવામાં આવતા મહાન સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિના આ પવિત્ર અવસરે નર્મદા જિલ્લાના આદિવાસીહાર્દ સમાન ડેડીયાપાડા ખાતે આયોજિત થનારા મુખ્ય રાજ્ય અથવા જિલ્લા સ્તરીય કાર્યક્રમને અત્યંત સફળ બનાવવા માટે વહીવટી તંત્ર એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. આદિવાસી સમાજના ઉત્થાન, જળ, જંગલ અને જમીનના અધિકારો માટે પોતાના પ્રાણ ન્યોછાવર



કરનારા ભગવાન બિરસા મુંડાજીના અમૂલ્ય આદર્શોને નવી પેઢી સુધી પહોંચાડવા માટે આ ઉત્સવ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આઝાદીના અમૃત મહોત્સવના આ સમયગાળામાં આદિવાસી નાયકોના બલિદાનને નમન કરવાનો આ શ્રેષ્ઠ અવસર છે.

આગામી ભવ્ય કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપવા અને વિવિધ વિભાગો વચ્ચે ઉત્તમ તથા સચોટ સંકલન સાધવાના હેતુથી પ્રાંત અધિકારી સુશ્રી જુહી પાંડેની વિશેષ અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ આયોજન અને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંલગ્ન તમામ સરકારી વિભાગોના અધિકારીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંત અધિકારીએ અત્યાર સુધી થયેલી તૈયારીઓની પળેપળની માહિતી મેળવી હતી અને કાર્યક્રમમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ કે વહીવટી ખામી ન રહે તે માટે કડક સૂચનાઓ આપી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ મહાનુભાવની જયંતિની ઉજવણી માત્ર એક સરકારી ઉત્સવ ન બનવી જોઈએ, પરંતુ તેમાં જનજાગૃતિ, ઉત્સાહ અને જનભાગીદારીનો અદ્ભુત સમન્વય જોવા મળવો જોઈએ. બેઠક દરમિયાન કાર્યક્રમ સ્થળની રૂબરૂ મુલાકાત લઈને સ્થળ પરની વ્યવસ્થાઓનું પણ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને દરેક પાસા પર ગંભીરતાથી ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત, સલામતી અને સુરક્ષા વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને પોલીસ વિભાગ સાથે પણ ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. આ વિશાળ જનમેદનીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા અનેકવિધ નાગરિક કેન્દ્રીય વ્યવસ્થાઓ અત્યંત ચોકસાઈપૂર્વક ગોઠવવામાં આવી છે.

એક્સપ્રેસ કેટેગરીમાં પરિવર્તિત થતા મુસાફરોને ભાડામાં રાહત મળશે

વડોદરા-જામનગર ઈન્ટરસિટી ટ્રેનના નંબર બદલાયા

(એજન્સી) વડોદરા | તા. 14

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ દોડતી વડોદરા-જામનગર-વડોદરા ઈન્ટરસિટી ટ્રેનમાં મુસાફરી કરતા હજારો મુસાફરો માટે એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. રેલવે બોર્ડની મંજૂરી અને ટ્રેન સંચાલનના નિયમોને ધ્યાનમાં રાખીને આ ટ્રેનને 'સુપરફાસ્ટ' કેટેગરીમાંથી 'એક્સપ્રેસ' કેટેગરીમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પરિણામે આગામી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭થી બંને દિશાની ટ્રેનોના નંબર બદલાઈ જશે અને સૌથી મોટી રાહતની વાત એ છે કે સુપરફાસ્ટ ચાર્જ હટી જવાથી મુસાફરો માટે ટિકિટના ભાડામાં પણ ઘટાડો થશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણા દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદી અનુસાર, હાલની ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ હવે ૧૨ જાન્યુઆરીથી નવા ટ્રેન નંબર ૧૯૦૨૯ વડોદરા-જામનગર એક્સપ્રેસ તરીકે ઓળખાશે. આ ફેરફારની સાથે જ આ ટ્રેનના જામનગર પહોંચવાના સમયમાં પણ ૧૦ મિનિટનો ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ ટ્રેન રાત્રે ૨૩:૩૦ કલાકે જામનગર પહોંચતી હતી, પરંતુ નવા સમયપત્રક મુજબ હવે તે ૧૦ મિનિટ મોડી એટલે કે રાત્રે ૨૩:૪૦ કલાકે જામનગર સ્ટેશન પર પહોંચશે.

બીજી તરફ, વળતી દિશામાં દોડતી ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસનો નવો ટ્રેન નંબર ૧૯૦૩૦ જામનગર-વડોદરા એક્સપ્રેસ રહેશે. જોકે, મુસાફરોની સુવિધા માટે જામનગરથી વડોદરા તરફ જતી આ ટ્રેનના નિર્ધારિત સમયમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે તેના રાબેતા મુજબના સમયે જ દોડશે.

રેલવે તંત્ર દ્વારા તમામ મુસાફરોને ખાસ અપીલ કરવામાં આવી છે કે તેઓ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ કે ત્યારબાદની પોતાની મુસાફરીનું આયોજન કરતી વખતે બદલાયેલા નવા ટ્રેન નંબર અને સમયની ખાસ નોંધ લે.

બુધવારે સવારે ૦૬:૩૦ કલાકે રકસૌલ સ્ટેશન પહોંચશે

પ્રતાપનગર-રકસૌલ વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન દોડશે

(એજન્સી) વડોદરા | તા. 14

તહેવારોની મોસમ અને મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યાત્રીઓની સુવિધા અને માંગને પૂરી કરવા માટે પ્રતાપનગરથી રકસૌલ સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર 'વન-વે સ્પેશિયલ ટ્રેન'ની એક ખાસ ટ્રિપ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ મુસાફરી કરતા હજારો મુસાફરોને મોટી રાહત મળશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણા દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદી મુજબ, ટ્રેન નંબર ૦૯૧૩૩ પ્રતાપનગર-રકસૌલ વન-વે સ્પેશિયલ આગામી ૧૬ નવેમ્બર, ૨૦૨૬ (સોમવાર) ના રોજ રાત્રે ૨૩:૫૦ કલાકે પ્રતાપનગર સ્ટેશનથી પ્રસ્થાન કરશે. આ ટ્રેન તેની નિર્ધારિત મુસાફરી પૂર્ણ કરીને બુધવારની વહેલી સવારે ૦૬:૩૦ કલાકે રકસૌલ સ્ટેશન પર પહોંચશે.

માર્ગમાં આ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં અનેક મહત્વના સ્ટેશનો પર રોકાશે, જેમાં વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, કપ્તાનગંજ, સિસવા બજાર, બગહા અને નરકટિયાગંજ સ્ટેશનોનો સમાવેશ થાય છે. મુસાફરોની સુવિધા માટે આ સ્પેશિયલ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને દ્વિતીય શ્રેણીના જનરલ ડબ્બાઓ જોડવામાં આવ્યા છે. ટ્રેન નંબર ૦૯૧૩૩ માટેનું ટિકિટ બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની સત્તાવાર વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત અદ્યતન અને વિગતવાર માહિતી મેળવવા માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ પર જઈને ચકાસણી કરી શકે છે.

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

વૃષભ : બ. વ. ઉ.

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

મિથુન : ક. છ. ઘ.

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

કર્ક : ડ. હ.

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે.

સિંહ : મ. ટ.

તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો- સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

કન્યા : પ. ઠ. ણ.

તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેરાન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો.

તુલા : ર. ત.

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો.

વૃશ્ચિક : ન. ય.

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે.

ધન : ભ. ધ. ફ. ઢ.

તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.

મકર : ખ. જ.

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો.

કુંભ : ગ. સ. શ. ષ.

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

મીન : દ. ચ. ઝ. થ.

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.

અયોધ્યામાં બોમ્બ વિસ્ફોટ કરવાનું પણ ષડયંત્ર હતું: અસ્થાના

સાબરમતી એક્સપ્રેસમાં આગ લાગી નહોતી લગાવાઈ હતી, સોનિયા ગાંધીના પુસ્તકમાં દાવા સામે SIT ચીફે ઊઠાવ્યા સવાલ

(એજન્સી) સાબરમતી | તા.14

કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીનાં પુસ્તક 'Belonging: A Journey of Love'માં કરવામાં આવેલી એક ટિપ્પણીને કારણે નવો વિવાદ ઊભો થયો છે. પુસ્તકમાં 2002ના સાબરમતી એક્સપ્રેસ અગ્નિકાંડનો ઉલ્લેખ કરતાં તેમણે લખ્યું છે કે ટ્રેનમાં આગ લાગવાનું કારણ શું હતું તે અંગે વિવાદ છે. હવે આ ટિપ્પણી



સામે સાબરમતી એક્સપ્રેસ અગ્નિકાંડની તપાસ કરનાર ગુજરાત પોલીસની SITનું નેતૃત્વ કરી ચૂકેલા રાકેશ અસ્થાનાએ સવાલો ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે ટ્રેનમાં આગ કોઈ અકસ્માત નહોતો, પરંતુ દેશને અસ્થિર કરવાના ષડયંત્રના ભાગરૂપે લગાવવામાં આવી હતી. રાકેશ અસ્થાનાએ જણાવ્યું હતું કે આ એક મોટું ષડયંત્ર હતું. તેનો હેતુ દેશમાં અસ્થિરતા ઊભી કરવાનો હતો. તેમણે દાવો કર્યો કે તપાસ દરમિયાન પાકિસ્તાન સુધી આ ષડયંત્રના તાર જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું. નકશા જુઓરાકેશ અસ્થાનાના જણાવ્યા અનુસાર, તે સમયે ગુપ્તચર વિભાગ (IB) તરફથી ઈનપુટ મળ્યા હતા કે અયોધ્યામાં બોમ્બ વિસ્ફોટ થઈ શકે છે. આ માટે સાધુના વેશમાં આવી કમંડળમાં બોમ્બ વિસ્ફોટ કરવાની યોજના હોવાની માહિતી હતી. આ ઉપરાંત અન્ય સંવેદનશીલ સ્થળોએ પણ વિસ્ફોટ કરવાનું ષડયંત્ર ઘડવામાં આવ્યું હતું. તેમણે દાવો કર્યો કે આવી પ્રવૃત્તિઓમાં પાકિસ્તાનની ISIની ભૂમિકા રહેતી હતી અને આ જ ષડયંત્રના ભાગરૂપે કારસેવકોથી ભરેલી સાબરમતી એક્સપ્રેસની બોગીને નિશાન બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન આ ષડયંત્રમાં પાકિસ્તાન સુધીના તાર જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું.અસ્થાનાએ જણાવ્યું કે તપાસ દરમિયાન અમન ગેસ્ટ હાઉસના માલિક અબ્દુલ રઝાક કુરકુરની ભૂમિકા પણ સામે આવી હતી. તેની તપાસ કરતાં પાકિસ્તાનથી અનેક ફોન કોલ્સ આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત હિઝબુલના આતંકીઓની અવરજવર અંગે પણ માહિતી મળી હતી. તેમણે વધુમાં કહ્યું કે કારસેવકોને નિશાન બનાવવાની અને તેમના પ્રવાસના માર્ગો પર હુમલા કરવાની તૈયારી કરવામાં આવી હતી. સાબરમતી એક્સપ્રેસને પણ આ જ ષડયંત્રના ભાગરૂપે ટાર્ગેટ બનાવવામાં આવી હતી.તપાસ દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તરફથી કોઈ દબાણ હતું કે નહીં તેવા સવાલના જવાબમાં રાકેશ અસ્થાનાએ સ્પષ્ટ કહ્યું કે તેમના પર કોઈ દબાણ નહોતું. તેમણે જણાવ્યું કે ઘટના જે વિસ્તારમાં બની હતી તે મુસ્લિમ બહુમતી ધરાવતો વિસ્તાર હતો. તપાસમાં અનેક મુસ્લિમ અધિકારીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કેટલાક અધિકારીઓએ વેશ બદલીને પણ તપાસ અભિયાન હાથ ધર્યું હતું. અસ્થાનાના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સહિત કોઈપણ તરફથી તપાસમાં દખલગીરી કરવામાં આવી નહોતી અને પોલીસને નિષ્પક્ષ રીતે કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હતી.રાકેશ અસ્થાએ જસ્ટિસ યુ.સી. બેનર્જી કમિશનના રિપોર્ટ અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. આ કમિશને પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે કારસેવકો ટ્રેનમાં સ્ટવ લઈને મુસાફરી કરી રહ્યા હતા અને તેમાં આગ લાગવાથી સાબરમતી એક્સપ્રેસમાં અગ્નિકાંડ સર્જાયો હતો. આ દાવાને ફગાવતાં અસ્થાનાએ કહ્યું કે એક પીડિતે યુ.સી. બેનર્જી કમિશનના રિપોર્ટને હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને હાઈકોર્ટે તે રિપોર્ટને રદ કર્યો હતો.

આંકોલવાડી કન્યાશાળાના શિક્ષક શ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા દિવાળી વેકેશન અંતર્ગત 'બાળ પ્રતિભા અને સર્જન પર્વ' ઉત્સવ કેમ્પનું આયોજન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.14

દિવાળી પર્વના પવિત્ર અવસરે આંકોલવાડી કન્યા શાળામાં શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા શાળાની દીકરીઓને પરંપરાગત સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન, જતન થાય તેવા હેતુથી લક્ષ્મીપૂજન કરવામાં આવ્યું. દિવાળી વેકેશનનો સર્જનાત્મક અને શૈક્ષણિક ઉપયોગ થાય તથા બાળકોની સુષુપ્ત પ્રતિભાઓને ઉજાગર કરી શકાય તેવા હેતુથી 'બાળપ્રતિભા અને સર્જન પર્વ' ઉત્સવ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં ખાસ વીજળી અને પાણીની



બચત, પોષક હેલ્ધી- અનહેલ્ધી ફૂડની સમજ,તેમજ રંગોળી, ફુગ્ગા રમતો, લાકડીદાવ, વેસ્ટમાંથી બેસ્ટ, ભરતકામ, શ્લોકગાન, પ્રાર્થના, યોગ, પ્રાણાયામ અને શારીરિક કસરત જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. આ ઉપરાંત શાળાનાં ભૂતપૂર્વ શિક્ષકશ્રી હીરજીભાઈ તારપરા દ્વારા બાળકોને જીવન કૌશલ્યો, સંસ્કાર, શિક્ષણનું મહત્ત્વ અને જીવનમાં આગળ વધવા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રાપ્ત માહિતી મુજબ શાળાનાં શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા વેકેશનમાં અવારનવાર આવાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેમાં રમતાં રમતાં શીખવું, શીખતાં શીખતાં સર્જન કરવું અને પ્રવૃત્તિઓ દ્વારા જીવન ઘડતર કરવું એ આ કેમ્પનો મુખ્ય હેતુ રહ્યો છે.

ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી સ્વચ્છતા કર્મચારીઓ સાથે સફાઈ અભિયાનમાં જોડાયા

કમલેશ પટેલ. સંખેડા

લાભ પાંચમના દિવસે બહાદરપુર ગ્રામ પંચાયતના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને તલાટી ભાવેશભાઈ સ્વચ્છતા કર્મચારીઓ સાથે સફાઈ અભિયાનમાં જોડાયા. તેમણે પંચાયત વિસ્તારમાં જાતે સફાઈ કરી હતી. સરપંચ અને તલાટીએ ઝાડુ લઈને સફાઈ કરી અને ગ્રામજનોને આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા અપીલ કરી હતી.આ દરમિયાન સંખેડા



બહાદરપુર એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન ગોપાલભાઈ પટેલના સ્મારકની પણ સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભૌમિકભાઈ દેસાઈએ કહ્યું કે લાભ પાંચમ સ્વચ્છતા અને સંસ્કારનો તહેવાર પણ છે. તેમણે કહ્યું કે સ્વચ્છ ગામ સુખી અને તંદુરસ્ત બની શકે છે.તલાટી ભાવેશભાઈએ સહયોગ બદલ ગ્રામજનોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે પંચાયત દ્વારા આવા સ્વચ્છતા અભિયાન આગળ પણ ચાલુ રાખવામાં આવશે. ગ્રામજનોએ સરપંચ અને તલાટીની પહેલને બિરદાવી હતી.

અભેસિંગભાઈ તડવીએ સૌને આવનારું વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે તેવી શુભેચ્છા પાઠવી

કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીએ બહાદરપુરમાં માતાજીનાં દર્શને આવેલા વડીલોની મુલાકાત લીધી. બહાદરપુરના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને કાર્યકરો પણ તેમની સાથે હતા. બહાદરપુર બજાર અને ટાવર વિસ્તારમાં થયેલી મુલાકાત દરમિયાન ધારાસભ્યે વડીલો સાથે વાત કરી અને તેમના આશીર્વાદ



લીધા. તેમણે વડીલોના સ્વાસ્થ્ય અને પરિવારની સુખાકારી વિશે પૂછ્યું. અભેસિંગભાઈ તડવીએ સૌને આવનારું વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે તેવી શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે વડીલોના આશીર્વાદ અને અનુભવ સમાજ તથા ગામના વિકાસ માટે બળ છે.તેમણે સૌની તંદુરસ્તી અને પરિવારમાં સુખ-શાંતિ રહે તે માટે માતાજીને પ્રાર્થના કરી. સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને કાર્યકરોએ પણ વડીલો સાથે મુલાકાત કરી. માતાજીનાં દર્શને આવેલા વડીલોએ મુલાકાતને આવકારી અને ધારાસભ્ય તથા સરપંચને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે ગ્રામજનો અને કાર્યકરો હાજર રહ્યા.

એક કરોડના દારૂ પર SMCનો દરોડો

ખાખી પર લાગ્યો બુટલેગર સાથે સાંઠગાંઠનો ડાઘ! નાઘેડી દારૂ પ્રકરણમાં હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા સસ્પેન્ડ

(એજન્સી) જામનગર | તા.14

જામનગર પોલીસબેડામાં ભારે ખળભળાટ અને ફફડાટ મચાવી દે તેવી એક મોટી શિસ્તભંગની કાર્યવાહી સામે આવી છે. દોઢ મહિના પૂર્વે જામનગર નજીક આવેલા નાઘેડી ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલા એક કરોડ રૂપિયાના વિદેશી દારૂના દરોડાના પ્રકરણમાં સ્થાનિક પોલીસ કર્મચારીની શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. રેન્જ આઈ.જી. (IG) નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા સ્થાનિક પોલીસની સંડોવણી અંગે હાથ ધરાયેલી ઊંડાણપૂર્વકની તપાસમાં ચોંકાવનારા પુરાવા મળતાં હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજાની રાજકોટ ગ્રામ્ય ખાતે બદલી કરીને તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. દોઢ મહિના અગાઉ જામનગર નજીક નાઘેડી ગામની સીમમાં કુખ્યાત બુટલેગર રામ મોઢવાડિયાના દારૂના નેટવર્ક પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા મોટો દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં અંદાજે એક કરોડ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. આટલા મોટા પાયે દારૂનો જથ્થો સ્થાનિક પોલીસની જાણ બહાર કેવી રીતે ઉતર્યો તે દિશામાં આઈ.જી. નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા સ્થાનિક પોલીસની ભૂમિકા અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી.

ટેકનિકલ સર્વેલન્સ અને કોલ ડિટેલ્સની તપાસમાં ધડાકો થયો હતો કે હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા અને બુટલેગરના પરિજનોના મોબાઈલ નંબર પરથી અનેક વખત વાતચીત થઈ હતી.

એટલું જ નહીં, SMCના દરોડા સમયે પણ ફોન કોલ થયા હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં એવી પણ ચોંકાવનારી હકીકત ખુલી હતી કે દરોડા સમયે હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજાનું મોબાઈલ લોકેશન હેડક્વાર્ટરથી સીધું જ દરોડાના સ્થળ એટલે કે નાઘેડીમાં નોંધાયું હતું.તપાસમાં તમામ પુરાવા સામે આવતા જ ઉચ્ચ અધિકારીઓ દ્વારા હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજાની રાજકોટ ગ્રામ્ય બદલી કરી સસ્પેન્ડ કરવાનો આકરો નિર્ણય લેવાયો છે. આ કડક કાર્યવાહી બાદ જામનગર પોલીસબેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને આગામી દિવસોમાં આ પ્રકરણમાં હજુ વધુ પોલીસકર્મીઓની સંડોવણી સામે આવશે કે કેમ તે અંગે ચર્ચાઓ તેજ બની છે.

પ્રતિ ક્વિન્ટલ રૂ. 8,600 થી રૂ. 8,800નો કપાસનો ભાવ

બોડેલી APMCમાં નવા કપાસના નીચા ભાવથી ખેડૂતોમાં નારાજગી, પોષણક્ષમ ભાવ મળે તેવી માગ

(એજન્સી) બોડેલી | તા.14

છોટાઉદેપુરની બોડેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે નવા કપાસની આવક શરૂ થતાં જ ખરીદીનો પ્રારંભ થયો છે, પરંતુ ખેડૂતોને અપેક્ષા કરતા ઘણા ઓછા ભાવ મળતા અન્નદાતાઓમાં ભારે નિરાશા અને રોષ જોવા મળી રહ્યો છે. સિઝનની શરૂઆતમાં જ બજારભાવ અપેક્ષા કરતા નીચા રહેતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.મળતી માહિતી પ્રમાણે, બોડેલી APMCમાં નવા કપાસની ખરીદીના પ્રારંભે પ્રતિ ક્વિન્ટલ રૂ. 8,600 થી રૂ. 8,800 (અંદાજે રૂ. 1,720 થી રૂ. 1,760 પ્રતિ મણ) સુધીના ભાવ મળી રહ્યા છે. ખેડૂતોને નવી સિઝનમાં સારા ભાવ મળવાની પૂરી આશા હતી,



પરંતુ મહત્તમ ભાવ માત્ર રૂ. 8,800 પ્રતિ ક્વિન્ટલ આસપાસ જ અટકી જતાં ખેડૂતો ભારે નિરાશ થયા છે. એટલું જ નહીં, બોડેલીની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તો કપાસના બજારભાવ સરકાર દ્વારા નિર્ધારિત ટેકાના ભાવ કરતા પણ નીચે જઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે.સરકાર દ્વારા વર્ષ 2026-27 માટે લાંબા તારના કપાસનો ટેકાનો ભાવ (MSP) પ્રતિ ક્વિન્ટલ રૂ. 8,667 (અંદાજે રૂ. 1,733 પ્રતિ મણ) નક્કી કરવામાં આવ્યો છે. આ નિર્ધારિત ટેકાના ભાવની સરખામણીએ ખુલ્લા બજારમાં નીચા ભાવ મળતા ખેડૂતોનું આર્થિક ગણિત સંપૂર્ણપણે બગડ્યું છે.

વર્તમાન સમયમાં ખેતી પાછળનો ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચ્યો છે. કપાસના પાકનું વાવેતર અને જતન કરવા માટે ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી પાછળ માતબર ખર્ચ કર્યો છે. આ તમામ બાબતોના વધેલા ઉત્પાદન ખર્ચ સામે વર્તમાન બજાર ભાવ પૂરતા ન હોવાથી ખેડૂતોને મોટાપાયે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઘરમાં તોડફોડ કરી યુવક પર લોખંડના પાઈપ અને ગુપ્તીથી જીવલેણ હુમલા

ભાવનગર: ગઢડા તાલુકાના માલપરા ગામે જૂની અદાવત અને અગાઉ થયેલી બોલાચાલીની દાઝ રાખીને ૯ ઈસમોએ ઉશ્કેરાઈને એકસંપ થઈ ઘરમાં તોડફોડ કરી ત્રાસ વર્તાવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે ઢસા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, માલપરા ગામના ધાર વિસ્તારમાં રહેતા દિનેશભાઈ બાબુભાઈ પાટડીયા પોતાના કૌટુંબિક કાકાના ઘરે કુળદેવી માતાજીના મઢે દર્શન કરવા ગયા હતા. તે સમયે રણછોડ રેવાભાઈ જોગરાણા, લાખા, વિજય, કાના, ભરત, કરણ, ભીમા અને અન્ય શખ્સો લોખંડના પાઈપ, ગુપ્તી અને લાકડી જેવા મારક હથિયારો સાથે સજ્જ થઈને આવી પહોંચ્યા હતા. અગાઉની અદાવતનું વેર રાખી તમામે દિનેશભાઈના કાકાના ઘર અને દુકાનમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. આ હુમલા દરમિયાન રણછોડએ દિનેશભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે લોખંડના પાઈપનો જીવલેણ ઘા ઝીંક્યો હતો.

મોટા સુરકા ગામે ફટાકડા ફોડવા બાબતે ધીંગાણું, સામસામે લાકડી-પાઈપ-કુહાડીથી હુમલો

સિહોર : ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના મોટા સુરકા ગામે ફટાકડા ફોડવા જેવી બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બની હતી.ફટાકડા થોડે દૂર જઈને ફોડવાનું કહેવા જેવી નજીવી બાબતમાં બંને પક્ષો દ્વારા લાકડીઓ, પાઈપ અને કુહાડી જેવા હથિયારો વડે સામસામે હુમલો કરવામાં આવ્યો હતો.સિહોરના મોટા સુરકા ગામે રહેતા જીવુબેન જીણાભાઈ જોટાણાના ઘર બહાર બાળકો ફટાકડા ફોડતા હોવાથી તેમણે બાળકોને થોડે દૂર જઈને ફટાકડા ફોડવા કહ્યું હતું. આ વાતની અદાવત રાખી લાલા બોઘાભાઈ જોટાણા લોખંડનો પાઈપ લઈને આવી પહોંચ્યા હતા. ત્યારબાદ નરેશ જોટાણા અને કમા જોટાણા હાથમાં લાકડી તથા કુહાડી લઈને જીવુબેનના પતિ જીણાભાઈ સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા.દરમિયાન જીવુબેન અને તેમની પુત્રી મીરાબેન વચ્ચે બચાવવા પડતા લાલા ભાયાભાઈ, મુન્ના અને ઈશાન પણ પાઈપ તથા લાકડીઓ સાથે ધસી આવ્યા હતા. હુમલા દરમિયાન લાલાએ મીરાબેનને ગાલ પર લાફો માર્યો હતો તથા જીવુબેનને ડાબા પગના સાથળના ભાગે લોખંડનો પાઈપ મારી નીચે પાડી દીધા હતા. હુમલાખોરોએ જતાં-જતાં પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.જ્યારે સામા પક્ષે પણ ફટાકડા ફોડવા બાબતે બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. ના પાડવાના મુદ્દે જીણા રામશીભાઈ જોટાણા, ગાંડા જીણાભાઈ જોટાણા, આશીષભાઈ જોટાણા, નાનુભાઈ જોટાણા, ગોપાલ સગ્રામભાઈ જોટાણા, સગ્રામ રામભાઈ જોટાણા અને ગોકુળ ગોબરભાઈ જોટાણા લાકડીઓ લઈને આવી પહોંચ્યા હતા.તેમણે રીનાબેન લાલજીભાઈ જોટાણા, તેમના પતિ લાલજીભાઈ અને તેમના દિયર પર લાકડીઓ અને ધોકા વડે હુમલો કરી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી.પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર સર-ટી હોસ્પિટલમાં હાઈવોલ્ટેજ ડ્રામા

પોલીસ જાપ્તામાંથી ભાગવા જતાં હત્યાના આરોપીની હોસ્પિટલના ધાબા પરથી છલાંગ

(એજન્સી) ભાવનગર | તા.14

ભાવનગરની સર-ટી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ રહેલા હત્યાના એક આરોપીએ પોલીસ જાપ્તામાંથી ફરાર થવાનો ફિલ્મી ઢબે પ્રયાસ કરતા ભારે ચકચાર મચી ગઈ છે. હોસ્પિટલના ધાબા પરથી પડતું મૂકી દેતા ગંભીર ઈજા થ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર બનાવની વિગતો મુજબ પાલીતાણા તાલુકાના ભંડારીયા ગામનો ૨૩ વર્ષીય ભયલુ ભાણાભાઈ દેસાઈ જેસર પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં ઝડપાયો હતો.અગાઉ હથિયાર રિકવરી સમયે તેણે જાતે જ પેટમાં છરીના ઘા મારી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાથી તેને ઓપરેશન બાદ સર-ટી હોસ્પિટલના બીજા માળે દાખલ કરાયો હતો.

ગુરુવારે બપોરે આશરે સાડા બાર વાગ્યાના સુમારે આરોપીની દેખરેખમાં જેસર પોલીસના કોન્સ્ટેબલ રાજેન્દ્રભાઈ બરબસીયા અને ભાવેશભાઈ ચાવડા



તૈનાત હતા. આ દરમિયાન આરોપી ભયલુભાઈએ બાથરૂમ જવાનું બહાનું કાઢ્યું હતું. કોન્સ્ટેબલ રાજેન્દ્રભાઈ તેને સાથે લઈ જઈ રહ્યા હતા, ત્યારે લોબીમાં આવતા ધાબા તરફના દાદરા પર ભયલું એ અચાનક દોટ મૂકી હતી.પોલીસે પીછો કરતા આરોપીએ ધાબાનો દરવાજો જોરથી બંધ કરી દેતા કોન્સ્ટેબલ રાજેન્દ્રભાઈના જમણા હાથની આંગળી દરવાજામાં આવી જતા તેમને ઈજા પહોંચી હતી. તેમ છતાં હિંમત દાખવી કોન્સ્ટેબલે દરવાજો ખોલ્યો, પરંતુ તે પહેલા જ સજાની બીકે આરોપીએ ધાબા પરથી સીધો નીચે ઠેકડો મારી દીધો હતો.નીચે પટકાતા આરોપીને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે મને નાસી જવા દો તેવું રટણ કરતો જોવા મળ્યો હતો. પોલીસે હાજર લોકોની મદદથી તેને તાત્કાલિક ફરી સારવારમાં ખસેડ્યો હતો. આ સમગ્ર મામલે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરજમાં રૂકાવટ અને પોલીસ જાપ્તામાંથી ભાગવાના પ્રયાસ બદલ બી.એન.એસ. કલમ ૨૨૧ અને ૨૬૨ હેઠળ વધુ એક ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

બગદાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

બગદાણા-ઠળીયા રોડ પર કારે છકડાને અડફેટે લેતા વૃદ્ધનું કરુણ મોત

(એજન્સી) ભાવનગર | તા.03

મહુવા તાલુકાના બગદાણા-ઠળીયા રોડ પર બેફામ ગતિએ દોડતી એક કારે છકડાને જોરદાર ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વૃદ્ધનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, તળાજા તાલુકાના રાળગોન ગામના રહેવાસી વજાભાઈ મકવાણા ગત રોજ છકડા (રજી. નં. જીજે-૦૪-એયુ-૬૮૧૭) માં બેસીને બગદાણાથી પોતાના ગામ રાળગોન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન બગદાણા-ઠળીયા રોડ પર આવેલા નાયરા પેટ્રોલ પંપ નજીક સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી હોન્ડા એલિવેટ કાર (રજી. નં. જીજે-૦૪-એએફ-૦૮૬૧) ના ચાલકે છકડાને અડફેટે લીધો હતો.આ અકસ્માતમાં વજાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તળાજા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા,

જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.આ બનાવ અંગે મૃતકના પુત્ર રણછોડભાઈ મકવાણાએ બગદાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી ફરાર કાર ચાલકને ઝડપી પાડવા આગળની તપાસ હાથ ધરી છે.

તુલસીવિવાહ

શહેરના ડાયમંડ ચોકમાં મિત્રમંડળ દ્વારા તુલસીવિવાહ ઉજવાશે



(એજન્સી) ભાવનગર | તા.14

છેલ્લા ૭૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ આગામી તા.૨૧ નવેમ્બરને શનિવારે શહેરના ડાયમંડ ચોક ખાતે મિત્રમંડળ દ્વારા પરંપરાગત રીતે તુલસીવિવાહની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ અવસરે મહાપૂજા, લગ્નગીતના ફટાણા અને જુદા જુદા માતાજીની ઝાંખી સહિતના કાર્યક્રમો યોજાશે.રાજ્ય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત કરેલા આ તુલસી વિવાહની ઉજવણી અંતર્ગત આ વર્ષે ભગવાન લાલજી મહારાજનો વરઘોડો કાળીયાબીડમાં ભગવતી સર્કલમાં આવેલ સદગુરૂ આશ્રમ (સંત પૂ.વિશાલબાપુ) ખાતેથી આવશે. તા.૨૧મીએ બપોરે ૩-૩૦ કલાકે માતા તુલસીવૃંદાની બહેનોની પૂજાવિધિ રાખેલ છે. ભગવાની લાલજી મહારાજ અને માતા તુલસીવૃંદાની બહેનોની પૂજાવિધિ રાખેલ છે. ભગવાન લાલજી મહારાજ અને માતા તુલસીવૃંદાની હસ્તમેળાપની વિધિ રાત્રે ૮-૩૦ કલાકે રાખેલ છે. આ વર્ષે તુલસીવૃંદાનું કન્યાદાન પ્રતિકભાઈ જોષી કરશે. લગ્નવિધિ દરમિયાન લોકગાયિકા રાજશ્રીબેન પરમાર તથા તેમની ટીમ ફટાણા રજુ કરશે. આ સાથે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા જુદા જુદા માતાજીની ઝાંખી કરાવાશે.લગ્નવિધિ બાદ જય બહુચર મા રાધાકૃષ્ણ ગૃપના રાધામાસીનો રાધાકિશનના રાસનો પ્રોગ્રામ રાખેલ છે. આયોજન સંદર્ભે મિત્રમંડળ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

EPF vs NPS : સમજો સંપૂર્ણ ગણિત 25 વર્ષના રોકાણનું ગણિત અને ફંડનું અનુમાન

50,000 રૂપિયા પગાર હોય તો 25 વર્ષમાં કેવી રીતે બની શકે રૂ. 2.46 કરોડનું ફંડ?

(એજન્સી) નવી દિલ્હી | તા 14



નિવૃત્તિ માટે EPF અને NPS, આ બે વિકલ્પો ઉપલબ્ધ છે. 35 વર્ષની ઉંમરનો એક કર્મચારી 25 વર્ષ સુધી દર મહિને 50,000 રૂપિયાના બેઝિક પગાર સાથે રોકાણ કરે તો, EPFમાં 8.25% વ્યાજ સાથે 1.58 કરોડ રૂપિયાનું ફંડ બને છે. જ્યારે NPSમાં 12% રિટર્ન મળે તો 2.46 કરોડ રૂપિયાનું મોટું ફંડ બની શકે છે. આ ગણતરી અમદાવાદના રોકાણકારો માટે પણ મહત્ત્વની છે. નિવૃત્તિ પછી આર્થિક રીતે કોઈના પર નિર્ભર ન રહેવું પડે તે માટે નોકરીના શરૂઆતના વર્ષોથી જ બચત અને રોકાણનું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે. નોકરીયાત વર્ગ પાસે આ માટે કર્મચારી ભવિષ્ય નિધિ એટલે કે EPF અને નેશનલ પેન્શન સિસ્ટમ એટલે કે NPS જેવા ઉત્તમ વિકલ્પો ઉપલબ્ધ છે. બંનેનો હેતુ ભવિષ્ય માટે મોટું ફંડ તૈયાર કરવાનો છે, પરંતુ બંનેમાં રોકાણની પદ્ધતિ અને મળતું રિટર્ન અલગ-અલગ હોય છે. EPFમાં વ્યાજના આધારે નાણાં વધે છે, જ્યારે NPSમાં બજાર આધારિત રોકાણ દ્વારા રિટર્ન મળે છે.જો કોઈ કર્મચારીની મૂળભૂત સેલેરી (બેસિક સેલેરી) 50,000 રૂપિયા મહિનો હોય અને તે આગામી 25 વર્ષ સુધી રોકાણ ચાલુ રાખે, તો નિવૃત્તિ સુધીમાં કયા વિકલ્પમાં વધુ મોટું ફંડ તૈયાર થઈ શકે? ધારો કે 35 વર્ષની ઉંમરનો એક કર્મચારી 60 વર્ષની ઉંમરે નિવૃત્ત થવા માંગે છે, જેમાં સેલેરીમાં દર વર્ષે 5%નો વધારો અને EPF પર વાર્ષિક 8.25% વ્યાજ ગણવામાં આવે તો, 25 વર્ષ પછી EPFમાં આશરે 1.58 કરોડ રૂપિયાનું ફંડ તૈયાર થઈ શકે છે.બીજી તરફ, NPSમાં રિટર્ન બજારના પ્રદર્શન પર આધારિત હોવાથી અલગ-અલગ અંદાજ મુજબ ગણતરી કરવામાં આવી છે. જો NPSમાં 8% રિટર્ન મળે તો 1.43 કરોડ રૂપિયા, 10% રિટર્ન મળે તો 1.87 કરોડ રૂપિયા અને જો 12% રિટર્ન મળે તો આશરે 2.46 કરોડ રૂપિયા સુધીનું ફંડ બની શકે છે. આ સરખામણી પરથી સ્પષ્ટ થાય છે કે જો NPSમાં ઊંચું રિટર્ન મળે તો તે મોટું ફંડ બનાવી શકે છે, જ્યારે EPF નિશ્ચિત અને સુરક્ષિત રિટર્ન આપે છે.

EPFનું સંચાલન કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા કરવામાં આવે છે. તેમાં કર્મચારીના બેસિક પગાર અને મોંઘવારી ભથ્થા (DA)ના 12% નાણાં દર મહિને જમા થાય છે અને નોકરીદાતા (કંપની) પણ પોતાની તરફથી 12% ફાળો આપે છે, જેમાંથી એક હિસ્સો કર્મચારી પેન્શન યોજના (EPS)માં જાય છે. EPFની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં શેરબજારના ઉતાર-ચઢાવનું સીધું જોખમ હોતું નથી અને સરકાર દ્વારા નક્કી કરેલ વ્યાજ મળે છે. નાણાકીય વર્ષ 2025-26 માટે EPFની વ્યાજ દર 8.25% છે, જોકે ભવિષ્યમાં આ દર બદલાઈ શકે છે.NPS એ બજાર સાથે જોડાયેલી રિટર્ન સેવિંગ સ્કીમ છે.

તેમાં રોકાણની રકમ મુખ્યત્વે ત્રણ એસેટ ક્લાસ એટલે કે ઇક્વિટી (શેરબજાર), કોર્પોરેટ બોન્ડ અને સરકારી સિક્યોરિટીઝમાં રોકવામાં આવે છે. ઇક્વિટીમાં રિટર્નની સંભાવના વધુ હોય છે પરંતુ જોખમ પણ વધારે રહે છે. રોકાણકારો પોતાની જરૂરિયાત અને જોખમ લેવાની ક્ષમતા મુજબ 'એક્ટિવ ચોઈસ' અથવા 'ઓટો ચોઈસ' દ્વારા રોકાણનો રેશિયો જાતે અથવા આપમેળે પસંદ કરી શકે છે.

SANDISK અલ્ટ્રા® ડ્યુઅલ ડ્રાઇવ ગો USB ટાઇપ-C કનેક્ટર સાથે USB-C અને USB-A ડિવાઇસ માટે ફાસ્ટ અને ફ્લેક્સિબલ સ્ટોરેજ



(એજન્સી) નવી દિલ્હી | તા 14

તમારા ડિવાઇસના લોકલ સ્ટોરેજને 2TB સુધી વધારો અને સ્પેસ ખૂટી જવાની ચિંતા વગર અનલિમિટેડ ફોટા, વીડિયો અને ફાઈલો કેપ્ચર, સ્ટોર તથા એક્સેસ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મેળવો. SANDISK અલ્ટ્રા® ડ્યુઅલ ડ્રાઇવ ગો USB ટાઈપ-C એ એક પ્રીમિયમ 2-in-1 USB 3.2 Gen 1 ફ્લેશ ડ્રાઇવ છે, જે USB ટાઈપ-C અને USB ટાઈપ-A પોર્ટ ધરાવતા ડિવાઇસ વચ્ચે ફાઈલ ટ્રાન્સફર એકદમ સરળ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. 2TB સુધીની કેપેસિટીમાં ઉપલબ્ધ આ ડ્રાઇવ યુઝર્સને કોઈપણ અલગ એડેપ્ટર વગર કમ્પેટીબિલ સ્માર્ટફોન, ટેબ્લેટ, macOS ડિવાઇસ, Windows PC અને અન્ય ડિવાઇસ વચ્ચે ફોટા, વીડિયો અને અન્ય ફાઈલો ટ્રાન્સફર તથા એક્સેસ કરવાની સુવિધા આપે છે.આજના પર્સનલ ડિવાઇસમાં USB ટાઈપ-C અને USB ટાઈપ-A એમ બંને પોર્ટ જોવા મળતા હોવાથી, અલગ-અલગ ડિવાઇસ વચ્ચે ફાઈલો ટ્રાન્સફર કરવા માટે ઘણીવાર એડેપ્ટર કે વધારાના સ્ટેપ્સની જરૂર પડે છે. SanDisk ની આ ડ્યુઅલ-કનેક્ટર ડિઝાઈન વિવિધ USB પોર્ટ ધરાવતા ડિવાઇસ વચ્ચે ફાઈલ ટ્રાન્સફરનો સૌથી સરળ રસ્તો પૂરો પાડે છે.

News Brief

ધનતેરસ પૂજાથી લઈને દિવાળી કાર્ડ્સ નાઇટ અથવા ભાઈબીજની ભેટો સુધી, તહેવારની ભેટો હવે મિનિટોમાં મળશે Amazon Now પર

(એજન્સી) બેંગલુરુ | તા 14

તહેવારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, અને છેલ્લી ઘડીની ખરીદીની યાદીઓ પણ લાંબી થઈ રહી છે. ઘર સજાવવાથી અને ધનતેરસ પૂજાની તૈયારીથી લઈને દિવાળી કાર્ડ્સ નાઇટનું આયોજન કરવા અને ભાઈબીજ માટે યોગ્ય ભેટ પસંદ કરવા સુધી, Amazon Now ગ્રાહકોને તેમની તહેવારની જરૂરી ચીજવસ્તુઓ મિનિટોમાં ડિલિવર કરવામાં મદદ કરી રહ્યું છે. ભારતના 120થી વધુ શહેરોમાં ઉપલબ્ધ Amazon Now, ગ્રાહકોને જોઈતી દરેક વસ્તુ સીધી તેમના ઘર સુધી, બરાબર જ્યારે તેમને જરૂર હોય ત્યારે પહોંચાડે છે. ગ્રાહકો AXIS, HDFC, IDFC અને RBL ક્રેડિટ કાર્ડ વડે તાત્કાલિક બેંક ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકે છે. ઉજવણી Amazon.in પર પણ ચાલુ છે, જ્યાં Amazon Great Indian Festival 2026 10 નવેમ્બર સુધી ચાલશે. આ શોપિંગ ઈવેન્ટે પહેલેથી જ નવા રેકોર્ડ બનાવી દીધા છે – 393 કરોડથી વધુ ગ્રાહક મુલાકાતો સાથે, ગત વર્ષની સરખામણીમાં 50% વૃદ્ધિ સાથે અત્યાર સુધીનું સૌથી મોટું શોપિંગ વોલ્યુમ નોંધાયું છે, અને ગ્રાહકોએ ડીલ્સ, તાત્કાલિક બેંક ડિસ્કાઉન્ટ, કેશબેક, Amazon Pay રિવોર્ડ્સ, મફત પ્રાઈમ ડિલિવરી અને વધુ દ્વારા INR 2,800 કરોડથી વધુની બચત કરી છે. ગ્રાહકોએ Amazon Now ને પણ પોતાની તહેવારની દિનચર્યાનો ભાગ બનાવી લીધો છે, જ્યાં રોજિંદા ઓર્ડર ગત વર્ષની સરખામણીમાં 18 ગણા વધ્યા છે. ગ્રાહકો ઉજવણીના દરેક દિવસ માટે જરૂરી ચીજવસ્તુઓ પસંદ કરી શકે છે: ઘર ઝળહળાવવા માટીના દીવા, ડિઝાઈનર, અખંડ અને મટકી દીવા, તેલ કે જ્યોત વગર પ્રગટતા પાણીથી ચાલતા LED દીવા, સુતરાઉ દિવેટ, પૂજાનું તેલ અને ટીલાઈટ મીણબત્તીઓ; ધનતેરસ માટે સાવરણી, લક્ષ્મી-ગણેશ અને કુબેરની મૂર્તિઓ અને આખું ધાણા; દિવાળીની સજાવટ માટે તોરણ, રંગોળીના રંગો, સ્ટેન્સિલ અને કાગળની ફાનસ; અને પરિવાર, મિત્રો અને ભાઈ-બહેનો સાથે વહેંચવા માટે મીઠાઈ, ચોકલેટ, સ્નેક્સ અને ગિફ્ટ હેમ્પર. ગોવર્ધન પૂજા માટે શુભ-લાભ સ્ટિકરો અને પૂજાની સામગ્રી, અને ભાઈબીજ માટે કલાવો અને ભેટો પણ ઉપલબ્ધ છે.Amazon Now એ દરેક પ્રકારની ઉજવણી માટે ખાસ પસંદગીની ચીજવસ્તુઓ પણ તૈયાર કરી છે. દિવાળી કાર્ડ નાઈટ માટે પ્લેઈંગ કાર્ડ્સ સાથે તંબોલા સેટ, પોકર ચિપ્સ અને પાર્ટી પ્રોપ્સ ઉપલબ્ધ છે, અને શાંત ઉજવણી પસંદ કરનારાઓ માટે, ગ્રાહકો વિસ્ફોટક કેપ વિના વાપરી શકાય તેવા ઈ-ફટાકડા, કન્ફેટી ગન અને પરંપરાગત રમકડાં ફટાકડા બંદૂકો શોધી શકે છે. ભેટ આપવા માટે, ગ્રાહકો લિફાફા (રોકડ પરબિડીયાં) અને ગિફ્ટ બેગ ખરીદી શકે છે. ફટાકડાના અવાજ દરમિયાન પોતાના પાલતુ પ્રાણીઓને શાંત રાખવા માટે પાલતુ માલિકો ઈયર મફ, અને પોતાના માટે ઈયર પ્લગ પણ મેળવી શકે છે.Amazon Now પર શોપિંગ કરતી વખતે, પ્રાઈમ સભ્યોને INR 99થી વધુના ઓર્ડર પર અને નોન-પ્રાઈમ સભ્યોને INR 149થી વધુના ઓર્ડર પર મફત ડિલિવરી મળે છે. તહેવારની શોપિંગને વધુ અનુકૂળ બનાવતા, ગ્રાહકોને દરેક ઓર્ડર પર હેન્ડલિંગ, કન્વિનિયન્સ, સર્જ અને રેન ફી ચૂકવવી પડતી નથી. તેઓ INR 499થી વધુના ઓર્ડર પર INR 50 અને INR 899થી વધુના ઓર્ડર પર INR 100નું ખાતરીપૂર્વક કેશબેક પણ મેળવી શકે છે, જ્યારે પ્રાઈમ સભ્યો INR 1,499થી વધુના ઓર્ડર પર INR 200 કેશબેક મેળવી શકે છે. Amazon Now પોતાના સેવા વિસ્તારોમાં મિનિટોમાં ડિલિવરી સાથે રોજિંદી અને તહેવારની જરૂરી ચીજવસ્તુઓને ગ્રાહકોની વધુ નજીક લાવે છે. Amazon Now તમારા વિસ્તારમાં ઉપલબ્ધ છે કે નહીં તે જાણવા માટે, Amazon શોપિંગ એપ ખોલો અને ઉપર 'Now' બેનર જુઓ. ઉજવણી Amazon.in પર પણ ચાલુ છે, જ્યાં Amazon Great Indian Festival 2026 10 નવેમ્બર સુધી ચાલશે.

એપ્રિલથી ઓક્ટોબરના સમય ગાળામાં સોનાની આયાતમાં ૪૦ ટકાનો ઘટાડો

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં દેશની ગોલ્ડ આયાત ૪૦ ટકા જેટલી ઘટી ૨૪.૭૮ અબજ ડોલર રહી હોવાનું વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટા પરથી જણાય છે. ૨૦૨૫ના સમાન ગાળામાં ગોલ્ડ આયાત બિલ ૪૧.૨૪ અબજ ડોલર રહ્યુ હતું. વૈશ્વિક સોનાના ભાવ તાજેતરમાં નીચા રહેતા આયાત બિલમાં રાહત જોવા મળી છે. સોનાના ભાવ ઘટી પ્રતિ ઔંસ ૪૦૦૦ ડોલરની અંદર બોલાતા હતા.માત્ર ઓક્ટોબર મહિનાના ડેટા પર નજર નાખીએ તો ગોલ્ડ આયાત બિલ ગયા વર્ષના ઓક્ટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં ૬૨.૫૫ ટકા ઘટી ૫.૫૦ અબજ ડોલર રહ્યુ છે. ગયા વર્ષના ઓક્ટોબરમાં આ આંક ૧૪.૭૨ અબજ ડોલર રહ્યુ હતું. ઓગસ્ટ તથા સપ્ટેમ્બરમાં પણ સોનાની આયાતમાં ઘટાડો જોવા મળ્યો હતો. સપ્ટેમ્બરમાં ગોલ્ડ આયાત બિલ ૧.૮૦ અબજ ડોલર રહ્યુ હતું. જો કે વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ચાર મહિનામાં ઊંચા ભાવને પરિણામે સોનાની આયાતમાં દર મહિને વધારો જોવા મળ્યો હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.દરમિયાન દેશની જેમ અને જ્વેલરીની નિકાસ પણ એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં ૧૮.૫૦ અબજ ડોલર રહી છે જે ગયા વર્ષના સમાન ગાળામાં ૧૬.૪૯ અબજ ડોલર રહી હતી. ઓક્ટોબરમાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ ૪૦ ટકા વધી ૩.૨૧અબજ ડોલર રહી છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૨.૨૯ અબજ ડોલર રહી હતી.જેમ અને જ્વેલરીમાં સ્ટડેડ ગોલ્ડ જ્વેલરી, ચાંદીની જ્વેલરી તથા પોલિશ્ડ લેબ ગ્રોન ડાયમન્ડની વિદેશમાં ઊંચી માગ જોવા મળી રહી છે.

ક્રૂડ ઓઈલની કિંમતોમાં કડાકો બોલાવાની શક્યતા, યુદ્ધના નુકસાનની થશે ભરપાઈ!

(એજન્સી) નવી દિલ્હી | તા 14

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ (Crude Oil)ના ભાવ ફરી વધશે કે ઘટશે? આ સવાલ અત્યારે રોકાણકારો સહિત અનેક લોકોના મનમાં છે. ખાસ કરીને શેરબજારમાં રોકાણ કરનારાઓની નજર ક્રૂડ ઓઇલની કિંમતો પર છે. જોકે, હાલના સંકેતો પ્રમાણે ક્રૂડ ઓઇલના ભાવમાં મોટો ઘટાડો આવી શકે છે. આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી (IEA)ના અંદાજથી લઈને ઓપેક પ્લસના વધતા ઉત્પાદન અને અમેરિકાના રેકોર્ડ ક્રૂડ ઉત્પાદન સુધીનાં 7 કારણો તેલના ભાવ પર દબાણ ઊભું કરી રહ્યાં છે. જોકે, એક મોટું જોખમ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય સાથે જોડાયેલું છે. જો તેઓ ઈરાન સામે ફરી સૈન્ય કાર્યવાહી કરે તો ક્રૂડના ભાવમાં ફરી ઉછાળો આવી શકે છે. શુક્રવારે શેરબજારમાં ઘટાડો નોંધાતાં રોકાણકારોએ ક્રૂડ ઓઇલના ભાવ પર નજર દોડાવી હતી. છેલ્લા છ મહિનાના ટ્રેન્ડ પ્રમાણે ક્રૂડ મોંઘું થવાની સાથે શેરબજારમાં પણ દબાણ જોવા મળ્યું છે. જોકે, આ વખતે ક્રૂડના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો નથી. બજારમાં હાલની સ્થિતિ એવી છે કે તેલની માગ કરતાં સપ્લાય વધવાની શક્યતા છે. સામાન્ય રીતે જ્યારે બજારમાં ખરીદદારો ઓછા હોય અને તેલનો પુરવઠો વધારે હોય ત્યારે કિંમતો ઘટે છે.સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના ઓપેક પ્લસ જૂથે ક્રૂડ ઓઇલનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે. ઓક્ટોબરમાં ઓપેક પ્લસનું દૈનિક ઉત્પાદન 4.123 કરોડ બેરલ સુધી પહોંચ્યું હતું, જે સપ્ટેમ્બરની સરખામણીએ 20 લાખ બેરલથી વધુ છે. બીજી તરફ, UAE અને ઇરાક પણ પોતાનું ઉત્પાદન વધારી રહ્યાં છે. બજારમાં વધુ તેલ આવવાથી કિંમતો પર દબાણ વધી શકે છે.

IEAના અંદાજ પ્રમાણે ક્રૂડ ઓઇલની માગમાં વધારો થવાને બદલે ઘટાડો થઈ શકે છે. અગાઉ અંદાજિત 10.229 કરોડ બેરલ પ્રતિદિનની જરૂરિયાતમાં હવે 90 હજાર બેરલ પ્રતિદિનનો ઘટાડો થવાની શક્યતા છે. બીજી તરફ, આગામી મહિનાઓમાં તેલનો પુરવઠો 9.20 લાખ બેરલ પ્રતિદિન વધવાનો અંદાજ છે.

તમારા પાન કાર્ડ પર કોઇ બીજાએ તો લોન નથી લીધી ને? ઘરે બેઠા આ રીતે કરો ચેક

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ડિજિટલ યુગમાં પાન કાર્ડનો દુરુપયોગ કરી સાયબર ઠગો નકલી લોન લઈ શકે છે. આર્થિક નુકસાન અને ક્રેડિટ સ્કોર બગડતો અટકાવવા, CIBIL વેબસાઇટ પર જઈને તમારો ક્રેડિટ રિપોર્ટ તપાસો. PAN નંબરથી લોગિન કરી, તમારા નામે ચાલતી તમામ લોન અને ક્રેડિટ કાર્ડની વિગતો ચકાસો. શંકાસ્પદ લોન જણાય તો તરત બેંકનો સંપર્ક કરો અને CIBIL પર ફરિયાદ નોંધાવો.ઘરે બેઠા PAN કાર્ડ પર ચાલતી લોન ચેક કરવાની સરળ રીતતમારા નામે કોઈ અજાણી લોન ચાલી રહી છે કે નહીં તે તપાસવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરો:

પહેલું સ્ટેપ - CIBILની વેબસાઇટ પર જાઓ: સૌપ્રથમ તમારા મોબાઈલ કે કમ્પ્યુટરના બ્રાઉઝરમાં CIBILની સત્તાવાર વેબસાઇટ (https://www.cibil.com) ઓપન કરો. અહીં હોમપેજ પર 'Get Your CIBIL Score'નો વિકલ્પ દેખાશે, તેના પર ક્લિક કરો.બીજું સ્ટેપ - જરૂરી વિગતો ભરો: અહીં તમારી સામે CIBILના વિવિધ સબસ્ક્રિપ્શન પ્લાન આવશે (તમે ફ્રી સ્કોરનો વિકલ્પ પણ પસંદ કરી શકો છો). ત્યારબાદ તમારો મોબાઈલ નંબર, જન્મતારીખ અને ઈમેલ આઈડી દાખલ કરો. લોગિન માટે એક પાસવર્ડ સેટ કરો અને 'ID Type'માં 'Income Tax ID'નો વિકલ્પ પસંદ કરો.

ત્રીજું સ્ટેપ - PAN નંબરથી વેરિફિકેશન કરો: હવે આપેલા બોક્સમાં તમારો PAN નંબર દાખલ કરીને 'Verify Your Identity' પર ક્લિક કરો. ઈમેલ કે મોબાઈલ પર આવેલા OTPની મદદથી લોગિન પ્રક્રિયા પૂર્ણ કરો. ચોથું સ્ટેપ - ક્રેડિટ રિપોર્ટ તપાસો: લોગિન થતાં જ તમારી સામે તમારો સંપૂર્ણ ક્રેડિટ રિપોર્ટ ખુલી જશે. તેમાં તમારા નામે ચાલતી તમામ લોન, ક્રેડિટ કાર્ડ અને અન્ય ક્રેડિટ એકાઉન્ટ્સની વિગતો જોવા મળશે. આ લિસ્ટ ધ્યાનથી તપાસો અને જુઓ કે તેમાં કોઈ એવી લોન તો નથી ને જે તમે ક્યારેય લીધી જ ન હોય.

માત્ર ૫% લોકોએ IT રિટર્નમાં LTCG ફાઇલ કર્યા

અમદાવાદ : છેલ્લા કેટલાક વર્ષોમાં લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) જાહેર કરનારા વ્યક્તિગત કરદાતાઓની સંખ્યામાં વૃધારો થયો છે. આ વૃદ્ધિ આ શ્રેણીના કરદાતાઓ દ્વારા ફાઈલ કરાયેલા કુલ આવકવેરા રિટર્નમાં વૃદ્ધિ કરતા ઝડપી રહી છે. આમ હોવા છતાં, લાંબા ગાળાના મૂડી લાભ આવકવેરા રિટર્ન ફાઈલ કરનારાઓના માત્ર થોડા ભાગ માટે આવકનો સ્ત્રોત રહે છે. ઉપલબૃધ ડેટા અનુસાર આકારણી વર્ષ૨૦૧૯-૨૦ અને ૨૦૨૩-૨૪ વચ્ચે પરિસ્થિતિમાં સુધારો થયો હોવા છતાં, આકારણી વર્ષ ૨૦૨૪ માં દાખલ કરાયેલા કુલ વ્યક્તિગત આવકવેરા રિટર્નમાંથી માત્ર ૫% એ લાંબા ગાળાના મૂડી લાભને આવક તરીકે જાહેર કર્યા હતા.

આકારણી વર્ષ એ નાણાકીય વર્ષ પછીનો ૧૨ મહિનાનો સમયગાળો છે જેમાં કમાયેલી આવક ફાઈલ કરવામાં આવે છે. લાંબા ગાળાના મૂડી લાભ જાહેર કરતા કરદાતાઓની રચના મહત્વપૂર્ણ બની ગઈ છે કારણ કે LTCG કર રાહત પર જાહેર ચર્ચા ચાલુ છે અને નીતિ નિર્માતાઓ તેનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે.એક વર્ષથી વધુ સમય માટે રાખવામાં આવેલી લિસ્ટેડ સિક્યોરિટીઝમાંથી રૂ. ૧.૨૫ લાખથી વધુના લાંબા ગાળાના મૂડી લાભ પર ૧૨.૫% કર લાદવામાં આવે છે, જ્યારે ટૂંકા ગાળાના મૂડી લાભ પર ૨૦% કર લાદવામાં આવે છે.વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા પ્રેરિત તાજેતરના મહિનાઓમાં રૂપિયાનું અવમૂલ્યન સરકાર માટે એક મોટી ચિંતાનો વિષય રહ્યો છે. પરિણામે, ખાસ કરીને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે LTCG ટેક્સમાંથી રાહતની આશા વધી છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં, જેમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો સમાવેશ થાય છે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો આશરે રૂ. ૩.૯૭ લાખ કરોડના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. જોકે, વિદેશી રોકાણકારો માટે અલગથી કરવેરાનો ડેટા ઉપલબૃધ નથી. લાંબા ગાળાના મૂડી લાભ જાહેર કરતી વિવિધ સંસ્થાઓના વિશ્લેષણમાં ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪ ના મૂલ્યાંકન વર્ષોનો સમાવેશ થાય છે. શેર પર LTCG ટેક્સ ૨૦૧૯-૨૦ માં ફરીથી રજૂ કરવામાં આવ્યો હતો. ડેટામાં ફક્ત શેર જ નહીં, પણ બધી સંપત્તિઓમાંથી મેળવેલા મૂડી લાભનો સમાવેશ થાય છે. ડેટા અનુસાર, આકારણી વર્ષ ૨૦૨૦ માં વ્યક્તિગત કરદાતાઓ માટે શૂન્ય મૂડી લાભ દર્શાવતા રિટર્નનું પ્રમાણ ૯૫% હતું.

ઘરમાં કેટલું સોનું રાખી શકાય? જાણી લો મર્યાદા-નિયમ અને તમને મૂંઝવતા દરેક સવાલોના જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ઘરમાં સોનું રાખવાની મર્યાદા અંગે લોકોમાં મોટો ભ્રમ પ્રવર્તે છે. હકીકતમાં, ભારતમાં સોનું રાખવા પર કોઈ કાયદાકીય મહત્તમ સીમા નથી. CBDTનો 500 ગ્રામ સોનાનો નિયમ માત્ર આવકવેરાની રેડ દરમિયાન દાગીના જપ્ત ન કરવા માટેનો છે. સુપ્રીમ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું છે કે, જો સોનું કાયદેસર આવકના સ્ત્રોતમાંથી આવ્યું હોય, તો ગમે તેટલું સોનું રાખી શકાય છે. જોકે, તેના પુરાવા રાખવા જરૂરી છે. લોકોમાં હંમેશાં એવો ભ્રમ રહે છે કે ઘરમાં કે બેંકના લોકરમાં માત્ર 500 ગ્રામ સુધી જ સોનું રાખી શકાય છે અને તેનાથી વધુ સોનું હોવા પર ઇન્કમ ટેક્સ વિભાગ કાર્યવાહી કરી શકે છે. પરંતુ હકીકતમાં ભારતમાં સોનું રાખવાની કોઈ મહત્તમ કાયદાકીય સીમા નક્કી નથી. આ અંગેના નિયમો અને સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા અંગેની વિગતો નીચે મુજબ છે.આ નિયમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સેઝ (સીબીડીટી)ના 1994ના એક ઇન્સ્ટ્રક્શન સાથે જોડાયેલો છે. આ અંતર્ગત, આવકવેરા વિભાગની રેડ કે તલાશી દરમિયાન પરિવારના સભ્યો પાસે રહેલા એક નિશ્ચિત જથ્થા સુધીના સોનાના દાગીના જપ્ત કરવામાં આવતા નથી. આ મર્યાદા આ મુજબ છે, પરણિત મહિલા માટે 500 ગ્રામ, અવિવાહિત મહિલા માટે 250 ગ્રામ અને પરિવારના પુરુષ સભ્ય માટે 100 ગ્રામ. આ માત્ર દાગીના જપ્ત ન કરવા માટેનું માર્ગદર્શક ધોરણ છે.

સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ, હોટેલ બુકિંગ અને વધારાના કેશબેક લાભો

એમેઝોન પેએ 'ઈમ્પોસિબલ ટ્રાવેલ ડીલ્સ 2026'ની ઘોષણા કરી, જેમાં હોટેલ્સ પર 65% સુધી અને ફ્લાઇટ્સ પર 30% સુધીની છૂટ મળશે

(એજન્સી) નવી દિલ્હી | તા 14

એમેઝોન પેએ આજે તેની મુખ્ય સેલ ઈવેન્ટ 'ઈમ્પોસિબલ ટ્રાવેલ ડીલ્સ'ના પુનરાગમનની જાહેરાત કરી છે. આ સેલ હેઠળ 12 નવેમ્બરથી 26 નવેમ્બર, 2026 દરમિયાન ગ્રાહકો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ તેમ જ હોટેલ બુકિંગ પર બચત કરી શકશે. 15 દિવસ સુધી ચાલનારા આ મેગા સેલમાં ફ્લાઈટ્સ પર 30% સુધી અને હોટેલ્સ પર 65% સુધીનું જંગી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.ગ્રાહકો લોકપ્રિય આંતરરાષ્ટ્રીય સ્થળો માટે આકર્ષક ભાડાંનો લાભ લઈ શકે છે; જેમાં દિલ્હીથી બેંગકોક માટે 12,299થી, મુંબઈથી દુબઈ ટે 13,999થી અને કોલકાતાથી હો ચી મિન્હ સિટી માટે 15,599થી શરૂ થતાં ભાડાંનો સમાવેશ થાય છે. સ્થાનિક મુસાફરી માટે ગ્રાહકો મુંબઈથી ગોવા માટે 3,099થી, બેંગલુરુથી કોચી માટે 4,199થી અને મુંબઈથી દિલ્હી માટે 6,099થી શરૂ થતાં ભાડાં પર બુકિંગ કરી શકે છે.હોટેલ બુકિંગ માટે ગ્રાહકો 65% સુધીના ડિસ્કાઉન્ટ સાથે 5-સ્ટાર હોટેલ્સ પસંદ કરી શકે છે. ખાસ ડીલ્સમાં દુબઈની 'દુસિત થાની' હોટેલમાં 6,649થી, સિંગાપોરની 'કાર્લટન સિટી હોટેલ'માં 15,089થી તેમ જ ગોવાની હોટેલ્સમાં 4,899થી અને કોચીની હોટેલ્સમાં 3,549થી શરૂ થતા રોકાણના વિકલ્પોનો સમાવેશ થાય છે.એમેઝોન પેના 'પેમેન્ટ્સ એક્સપિરિયન્સ એન્ડ રિવોર્ડ્સ' વિભાગના ડિરેક્ટર ગિરીશ કૃષ્ણને જણાવ્યું હતું કે, "ભારતીય પરિવારો પહેલાં કરતાં વધુ મુસાફરી કરી રહ્યા છે, અને 'ઈમ્પોસિબલ ટ્રાવેલ ડીલ્સ 2026' દ્વારા અમે તેમની આ મુસાફરીને વધુ સસ્તી અને સુલભ બનાવવા માગીએ છીએ. પછી ભલે ગોવામાં વીકએન્ડ વિતાવવાની વાત હોય કે દુબઈની ફ્લાઈટ લેવાની, ગ્રાહકો એમેઝોન પે પર ખૂબ જ સરળ પ્રક્રિયા દ્વારા ફ્લાઈટ્સ અને હોટેલ્સ બુક કરીને મોટી બચત કરી શકે છે. આ વર્ષે અમારી સાથે વધુ એરલાઈન્સ અને હોટેલ પાર્ટનર્સ જોડાયા છે, જેનાથી ગ્રાહકો માટે આ રજાઓની સીઝનમાં તેમના સપનાંનાં સ્થળોની મુલાકાત લેવાનું નિયોજન કરવાનું વધુ સરળ બનશે." સેલ દરમિયાન ગ્રાહકોને ફ્લાઈટ્સ પર 15% અને હોટેલ્સ પર 45% સુધીનું ત્વરિત ડિસ્કાઉન્ટ મળશે. 'એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડ' ધરાવતા ગ્રાહકોને ફ્લાઈટ્સ અને હોટેલ્સ પર વધારાનું કેશબેક મળશે: પ્રાઈમ સભ્યો માટે 5% અને નોન-પ્રાઈમ સભ્યો માટે 3% કેશબેક મળશે. આ ઉપરાંત બસ બુકિંગ પર ગ્રાહકો 17% સુધીની છૂટ અને સાથે 100નું ફ્લેટ કેશબેક મેળવી શકે છે.

યેરવડા બજાજ જનરલ મેટ્રો સ્ટેશન પર ડિજિટલ શાખાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

બજાજ જનરલ ઇન્શ્યોરન્સ રોડ સુરક્ષા, મોટર ઇન્શ્યોરન્સ અને સરકારી અકસ્માત સહાય સ્કીમ વિશે જનજાગૃતિ ફેલાવે

પુણે : ભારતની અગ્રણી પ્રાઈવેટ જનરલ ઇન્શ્યોરન્સ કંપનીઓમાંની એક, બજાજ જનરલ ઇન્શ્યોરન્સ લિમિટેડ (જે અગાઉ બજાજ એલિયાન્ઝ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે જાણીતી હતી) એ માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ વધારવા માટે પુણે ટ્રાફિક પોલીસ સાથે ભાગીદારી કરી છે. આ પહેલના ભાગરૂપે, કંપનીએ પુણેના યેરવડા બજાજ જનરલ મેટ્રો સ્ટેશન ખાતે એક 'ડિજિટલ શાખા'ની શરૂઆત કરી છે. આના દ્વારા મુસાફરોને મોટર ઇન્શ્યોરન્સ અંગેની આવશ્યક માહિતી તેમજ માર્ગ અકસ્માત સમયે મળતી સહાયક પહેલો વિશેની જાણકારી સરળતાથી ઉપલબ્ધ થશે.

દરરોજ સ્ટેશન પરથી પસાર થતા હજારો મુસાફરોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ ડિજિટલ શાખા, વાહન માલિકોને તેમના થર્ડ-પાર્ટી (ટીપી) મોટર ઇન્શ્યોરન્સની માન્યતા તપાસવા માટે એક સરળ અને સુલભ માધ્યમ પૂરું પાડે છે. ક્યૂઆર કોડ સ્કેન કરીને, મુલાકાતીઓ તેમના વાહનમાં એક્ટિવ ટીપી ઇન્શ્યોરન્સ પૉલિસી છે કે નહીં તેની ચકાસણી કરી શકે છે અને, જો જરૂરી હોય તો, મિનિટોમાં ડિજિટલ રીતે ખરીદી શકે છે. આ પહેલ વાહનના માલિકોને તેમની વૈધાનિક મોટર ઇન્શ્યોરન્સની જવાબદારીઓને પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કરતી વખતે ઇન્શ્યોરન્સની માહિતીને વધુ સુલભ બનાવવાનો પ્રયાસ કરે છે.

મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ થર્ડ-પાર્ટી



મોટર ઇન્શ્યોરન્સ ફરજિયાત છે, અને માર્ગ અકસ્માતો દ્વારા અસરગ્રસ્ત થર્ડ પાર્ટીને આર્થિક સુરક્ષા પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો કે, ભારતીય રસ્તાઓ પર હજુ પણ મોટી સંખ્યામાં વાહનો માન્ય ઇન્શ્યોરન્સ વગર ચલાવવામાં આવી રહ્યા છે, જેના કારણે અકસ્માતનો ભોગ બનેલા લોકોને આર્થિક બોજ સહન કરવો પડે છે અને અકસ્માતના કિસ્સામાં મર્યાદિત સહાય જ મળે છે. આ ઝુંબેશ વાહન માલિકોને તેમની ઇન્શ્યોરન્સની જવાબદારીઓ પૂર્ણ કરવા અને જવાબદાર વાહન માલિકીના આવશ્યક પાસાં તરીકે થર્ડ-પાર્ટી ઇન્શ્યોરન્સને માન્યતા આપીને આ જાગૃતિના અંતરને દૂર કરવાનો પ્રયાસ કરે છે. આ અભિયાનનો હેતુ માર્ગ અકસ્માતના પીડિત લોકો માટે ભારત સરકારની બે મુખ્ય પહેલ વિશે જાગૃતિ વધારવાનો છે. રાહ-વીર સ્કીમ એવા સજ્જન લોકોને સન્માનિત કરે છે અને પુરસ્કાર આપે છે જેઓ માર્ગ અકસ્માતના પીડિતોને મહત્વપૂર્ણ ગોલ્ડન અવરમાં હૉસ્પિટલ પહોંચાડવામાં મદદ કરે છે. પ્રધાનમંત્રી રોડ અકસ્માતના પીડિતોનું હૉસ્પિટલાઈઝેશન અને સુનિશ્ચિત સારવાર અથવા પીએમ-રાહત સ્કીમ પાત્ર રોડ અકસ્માતના પીડિતોને કૅશલેસ મેડિકલ સારવાર પ્રદાન કરે છે. ગ્રાઉન્ડ એન્ગેજમેન્ટ અને ડિજિટલ આઉટરીચ દ્વારા, આ પહેલ નાગરિકોને આગળ વધવા અને અકસ્માત પીડિતોને મદદ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરે છે, જ્યારે તેમના માટે ઉપલબ્ધ સહાય વિશે જાગૃતિ પેદા કરે છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 06

મોદી સરકાર સિમાંકન બીલ માટે વિશેષ સત્ર બોલાવી શકે છે

મોદી સરકાર સિમાંકન બીલ માટે ટુક સમયમાં જ સંસદનું ખાસ સત્ર બોલાવી શકે છે. એપ્રિલ મહિનામાં સિમાંકન બીલ રજુ કરવામાં આવ્યું હતું, પરંતુ સંસદમાં પસાર થઈ શક્યું નહોતું. જેને કારણે એનડીએ સરકારને ફટકો પડયો હતો. જોકે પશ્ચિમ બંગાળના પરિણામ પછી એનડીએની શક્તિ વધી છે અને સંસદમાં બે તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચી ગઈ છે. સિમાંકન બીલ પસાર કરવા માટે સરકાર પાસે બે તૃતીયાંશ બહુમતી હોવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર ૧૫ થી ૧૮ મતોથી જીતી જશે. સરકારને જરૂરી નંબર મેળવવાનો વિશ્વાસ છે. જોકે સંસદનું આ સત્ર ક્યારે મળશે એ જણાવવામાં આવ્યું નથી. આ પહેલા સંસદનું ચોમાસુ સત્ર ઓગસ્ટના મધ્યમાં જ પુરુ થઈ ગયું હતું. જો આ સત્ર ઔપચારીક રીતે પુરુ કરવામાં આવ્યું નથી. સોનિયા ગાંધીએ એમની આત્મકથામાં એક વિવાદાસ્પદ કિસ્સા વિશે લખ્યું છે. એમણે રાજસ્થાનના વસુંધરા રાજે સિવાય બીજા કોઈપણ પક્ષના નેતાઓનો ઉલ્લેખ કર્યો નથી. એમણે લખ્યું છે કે વસુંધરા રાજેએ ઈન્દિરા ગાંધીને નીચુ દેખાડવા મેનકા ગાંધીનો સાથ લીધો હતો. મેનકા ગાંધીના પુત્ર વરુણ ગાંધીનો પહેલો જન્મદિવસ વસુંધરા રાજેના દિલ્હી ખાતેના નિવાસસ્થાને મનાવવામાં આવ્યો હતો. આ બર્થડે પાર્ટી ખૂબ જ ખાનગી રાખવામાં આવી હતી. સોનિયા ગાંધીએ લખ્યું છે કે 'જ્યારે માર્ચ ૧૯૮૧માં વરુણનો પહેલો જન્મદિવસ આવ્યો ત્યારે મારા સાસુ ઈન્દિરા ગાંધીએ મેનકા ગાંધીના કેટલાક મિત્રો અને બાળકો સાથે ગેટ ટૂ ગેધર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મેનકાએ આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો અને વસુંધરા રાજેના ઘરે વરુણના જન્મદિવસની પાર્ટી રાખી હતી.'ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર ટીકાકાર રહ્યા છે. રાહુલ ગાંધીના સલાહકાર પિત્રોડાની એક ટીપ્પણીએ હવે બધાનું ધ્યાન ખેંચ્યું છે. દિવાળીના દિવસો દરમિયાન પિત્રોડા અને મોદી વચ્ચે મીની ઈલુ ઈલુ થવાથી ઘણાને નવાઈ લાગી છે. પિત્રોડાએ નરેન્દ્ર મોદીને કુશળ વક્તા અને મહેનતી વ્યક્તિ ગણાવ્યા છે. પિત્રોડાના કહેવા પ્રમાણે ભલે એમની અને વડાપ્રધાન વચ્ચે વિચારધારાનો તફાવત હોય, પરંતુ વ્યક્તિ તરીકે તેઓ મોદીનું સન્માન કરે છે. પિત્રોડાએ મોદીને પોતાના ગુજરાતી મિત્ર ગણાવીને ખુબ જ આત્મિય, દયાળુ અને બીજા લોકોનું ધ્યાન રાખનાર વ્યક્તિ ગણાવ્યા હતા. હું એમને મળ્યો છું, મારી પત્ની અને હું એમને મળ્યા હતા. અમને એક બીજા સાથે ખૂબ બને છે. બીજી તરફ નરેન્દ્ર મોદીએ પણ સામ પિત્રોડાને અભિનંદન આપ્યા હતા અને એમના પત્નીને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે કહ્યું છે કે, એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવાર સંસદમાં વોટ ચોરી અને એસઆઈઆર મુદ્દે સરકારને ઘેરશે. શરદ પવાર સાથે મીટીંગ કર્યા પછી સંજય સિંહ ભારે મૂડમાં જોવા મળ્યા હતા. સંજય સિંહના કહેવા પ્રમાણે સંસદના ખાસ સત્રની શરૂઆતમાં આ મુદ્દાઓને ઉઠાવવામાં આવશે. સંજય સિંહે કહ્યું હતું કે, 'અમે મહારાષ્ટ્રના રાજકારણ તેમજ એમએલસી ચૂંટણીના પરિણામો વિશે વાત કરી હતી. અમારી મુલાકાત ખુબ સુખદ રહી હતી. હું ભગવાનને પ્રાર્થના કરૂ છું કે પવાર સાહેબ જલ્દીથી સ્વસ્થ થઈ જાય. જોકે એનસીપીના બંને જૂથના વિલિનીકરણ વિશે સંજય સિંહે કોઈ કોમેન્ટ કરી નહોતી. એમના કહેવા પ્રમાણે સંસદમાં સિમાંકન બીલ પસાર કરવા માટે એનડીએ પાસે બહુમતી નથી.'ઉત્તર પ્રદેશમાં ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઔવેસીના ગઠબંધનને કારણે રાજકારણમાં ગરમી આવી ગઈ છે. બંને પક્ષના કાર્યકરોએ નવચંદી મેદાનમાં મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી. હવે નજર ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પર છે. સવાલ એ છે કે, મેરઠની ૭ બેઠકો પર ગઠબંધન કઈ રીતે બેઠકોની વહેંચણી કરશે. કાર્યકર્તાઓનો દાવો છે કે, ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગઠબંધનને મોટી સફળતા મળશે. આ ગઠબંધન દલીત અને લઘુમતીને એક મંચ પર લાવવાની કોશિષ કરશે. એઆઈએમઆઈએમ લઘુમતીઓના મુદ્દાઓ ઉઠાવે છે જ્યારે ચંદ્રશેખર આઝાદનો પક્ષ દલીતોના મુદ્દા ઉઠાવે છે. મેરઠ શહેરની વિધાનસભા બેઠકો સૌથી અગત્યની ગણાશે, કારણ કે મેરઠમાં દલીત અને લઘુમતિ મતદારોની સંખ્યા વિશેષ છે. હજી સુધી નક્કી કરવામાં આવ્યું નથી કે ગઠબંધન કઈ બેઠકો પર કયા પક્ષના ઉમેદવાર ઉભા રાખશે.જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ વધી રહ્યા છે. કિશ્તવાડમાં આતંકવાદીઓએ એક વર્ષની અંદર બીજી વખત સ્થાનિક સુરક્ષા કર્મચારીઓને ટાર્ગેટ કર્યા છે.

રાજપીપલા માં વિવિધ પ્રતિમાઓ ની સાફ સફાઈ કરવામાં આવી




રાજપીપલા | નર્મદા જિલ્લા માં જનજાતિ ગૌરવ દિવસ ની ઉજવણી ના ભાગરૂપે તા. ૧૧ થી ૧૮ નવેમ્બર દરમિયાન જનજાતીય ગૌરવ સપ્તાહની વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે નાંદોદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું.આ પ્રસંગે. રાજપીપલા ના. ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત સહિત નર્મદા જિલ્લામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી તેમની પ્રતિમાઓની સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી.આ અભિયાન અંતર્ગત રાજપીપળા શહેરમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમા, ભીલરાજાની પ્રતિમા, ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા તેમજ રાજપીપળા ગાર્ડનમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની સાફ-સફાઈ સહિત પુષ્પહાર અર્પણ કરી ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.આ સ્વચ્છતા અભિયાનમાં કાર્યકર્તાઓ, પદાધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહભેર સહભાગી બની સ્વચ્છતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડ્યો હતો.

અદાણી એન્ટરપ્રાઈઝિસના ડિરેક્ટરશ્રી પ્રણવ અદાણીએ પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવ ના દર્શન-પૂજન કર્યા



નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ, તા.14. અદાણી એન્ટરપ્રાઈઝિસના ડિરેક્ટરશ્રી પ્રણવ અદાણી તેમના ધર્મપત્ની શ્રીમતી નમ્રતાબેન અદાણી સાથે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરના દર્શને પધાર્યા હતા. જ્યાં તેઓએ દેવાધિદેવ મહાદેવના દિવ્ય દર્શન અને જલાભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી હતી. શ્રી પ્રણવ અદાણીએ સજોડે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે શ્રીસોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજા કરી હતી. આ સાથે જ તેમણે શ્રી સોમનાથ મહાદેવને ભક્તિ ભાવપૂર્વક અન્નકૂટ મનોરથ પણ અર્પણ કર્યો હતો. દર્શન અને પૂજન બાદ શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડાએ શ્રી પ્રણવ અદાણીને શ્રી સોમનાથ મહાદેવની સ્મૃતિચિત્ર અને પ્રસાદ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત, શ્રી પ્રણવ અદાણીએ મંદિર પરિસરમાં સ્થિત દક્ષિણ ધ્રુવ દર્શક 'બાણ સ્તંભ'ની પણ મુલાકાત લીધી હતી અને સનાતન સંસ્કૃતિના પ્રાચીન ભૌગોલિક જ્ઞાનની પ્રશંસા કરી હતી.

બેસતા વર્ષે ચંદુમાણા ગૌરી મૈયા .સિકોતર મૈયા અને ખારી ધારીયાલ પિઠાઈ માતાજીના ધામે દર્શનાર્થીઓની ભીડ જામી




નિતીન ઠાકર ચાણસ્મા

નવા વર્ષના પ્રારંભે લોકો દેવદર્શન સાથે આખુ વર્ષ સુખ સમૃદ્ધિમય નિવડે તેવા દેવીદેવતા ઓ ના દર્શન કરી આશિર્વાદ મેળવે છે ત્યારે નવા વર્ષના શુભ દિવસે ચંદુમાણા ગામે ગૌરી માતાજીના મંદિરે સિકોતર માતાજીના મંદિરે ખારી ધારીયાલ ગામે પિઠાઈમાતાજી બહુચર માતાજી સહિત ચાણસ્મા નગર અને ગ્રામીણ વિસ્તારના મંદિરોમાં સવારથી ભક્તજનોની દર્શનાર્થે ભીડ જામી હતી જ્યારે તમામ દેવી- દેવતાના મંદિરોને નયનરમ્ય ફુલોથી શણગારવામાં આવ્યા હતા જ્યારે ચંદુમાણા ગૌરી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ તેમજ સિકોતર માતાજીના મંદિરે હાર્દિકભાઈ ભુવાજી અને સેવકો દ્વારા દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ માટે ચા-પાણી પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ નવા વર્ષના મંગળમય પ્રારંભે લોકો દેવદર્શન કરીને સમગ્ર વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિમય નીવડે તેવા આશીર્વાદ મેળવતા હોય છે. આ જ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે નૂતન વર્ષના શુભ દિવસે ચાણસ્મા નગર તેમજ સમગ્ર ગ્રામીણ વિસ્તારના વિવિધ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તજનોની દર્શનાર્થે ભારે ભીડ જામી હતી.

નર્મદા જિલ્લા કોંગ્રેસે ' નહેરુ જયંતિ ' ની અનોખી ઉજવણી કરી

નર્મદા ડેમ શિલાન્યાસ. ની સાફ સફાઈ કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા




રાજપીપલા | નર્મદા જિલ્લા કોંગ્રેસે આજરોજ ૧૪/૧૧/૨૦૨૬ ભારત દેશ ના પુર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ ના જન્મ જયંતી નિમિત્તે. કેવડિયા નજીક નવાગામ ખાતે પંડિત નહેરુ એ સરદાર સરોવર ડેમ નો શિલાન્યાસ કર્યો હતો જે ડેમ જવાના રસ્તા ની બાજુ નજરે પડે છે . એ. જગ્યા અવાવરું સ્થિતિ માં હોય કોંગ્રેસ કાર્યકરો એ શિલાન્યાસ તથા તેની આસપાસ ની જગ્યા ની સાફ સફાઈ કરી ફુલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે રાજપીપલા ના પુર્વ ધારાસભ્ય પી ડી વસાવા, નર્મદા જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખ માલવ બારોટ, તિલકવાડા તાલુકાના પ્રમુખ મહેન્દ્રભાઈ ભીલ (કપુરભાઈ), નાંદોદ તાલુકાના પ્રમુખ મુકેશભાઈ વસાવા, ગરુડેશ્વર તાલુકાના પ્રમુખ નિશ્ચલ તડવી, વગેરે હાજર રહ્યા હતા . આ પ્રસંગે પૂર્વધારાસભ્ય પી ડી વસાવા એ જણાવ્યું કે પંડિત જવાહરલાલ નહેરુ દેશના પ્રથમ વડાપ્રધાન હતા અને દીર્ઘદ્રષ્ટા હતા નર્મદા ડેમ નો પાયો પંડિત નહેરુ એ નાખ્યો હતો અને આ શિલાન્યાસ તેની સાક્ષી પૂરેછે .

સેવાળા ગામે રોઝીયા પરીવાર દ્વારા મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે ખોડીયાર માતાજીનો હવન યોજાયો



નિતીન ઠાકર ચાણસ્મા | 'ચાણસ્મા તાલુકાના સેવાળા ગામે રોઝીયા પરિવાર ના કુળદેવી ખોડીયાર માતાજીના મંદિરનો કૂળદિપકો દ્વારા જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કરવામાં આવતાં લાભ પંચમીના દિવસે પૂર્વ સરપંચ. તથા પૂર્વ તાલુકા સદસ્ય ગિરીશભાઈ કેશુભાઈ રબારી પરીવારના યજમાનપદે મંદિરના ખાતમૂરત વિધિ સાથે હવન સહિત ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા તેમજ. ગામ સમૂહ ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું હવનના યજમાનપદે . કેશુભાઈ રબારી પરીવાર બિરાજ માન થયો હતો જ્યારે પાટણ પંથકના વિદ્વાન જ્યોતિષાચાર્ય હસમુખભાઈ શાસ્ત્રી (સાંકરા) વાળા દ્વારા મંદિરની ખાતમૂરત વિધિ સમ્પન્ન કરાવાઈ હતી .તેમજ પંડિત નિતીનભાઈ શાસ્ત્રી (ચંદ્રમાણા વાળા) તેમજ પંડિત આશિષભાઈ શાસ્ત્રી દ્વારા વૈદિક મંત્રો ચ્ચાર સાથે યજ્ઞવિધિ સંમ્પન્ન કરાવાઈ હતી

પલાસરના ચરમટા રબારી પરિવાર દ્વારા કચ્છના મોમાઇ મોરા ધામે પદયાત્રા સંઘનું પ્રયાણ થયું

નિતીન ઠાકર ચાણસ્મા



છેલ્લા એક દસકાથી પલાસરના રબારી પરીવાર દ્વારા કુળદેવી મોમાઇ માતા ના ધામે પદયાત્રા સંઘનું આયોજન કરાય છે. ચાણસ્મા તાલુકાના પલાસર ગામે રહેતા ચરમટા શાખના રબારી પરિવારો દ્વારા કચ્છ ના પ્રસિદ્ધ. શક્તિધામ મોમાઇ મોરા ધામે દર વર્ષની જેમ આ વર્ષે પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવતાં કારતક સુદ-૩ ને ગુરવારના રોજ સવારે પદયાત્રા સંઘનું પલાસરથી કચ્છના મોમાઇ મોરા શક્તિપીઠ ધામે પ્રયાણ થયું હતું પદયાત્રા સંઘ પ્રયાણ પૂર્વે માતાજીની ધજાની શોભાયાત્રા જય મોમાઇના જય નાદ સાથે ગામના વિવિધ વિસ્તારોમાં પરીભ્રમણ કરાયું હતું. છેલ્લા એક દાયકાથી પલાસર ખાતે રહેતા ચરમટા શાખના રબારી પરીવારો દ્વારા કુળદેવી મોમાઇ માતાજીના તીર્થધામે પદયાત્રા સંઘ લઈ માતાજી ના શિખર પર ધજારોહણ કર્યા બાદ હવન કરવાની પરંપરા જાળવી રાખવામાં આવતી હોવાનું ભુવાજી ગોવિંદભાઈ રબારી અને ખેંગારભાઈ રબારીએ જણાવ્યું હતું. જ્યારે સામાજિક અને રાજકીય અગ્રણી સાગરભાઈ રબારી તથા સેવાભાવી યુવકો દ્વારા પદયાત્રા સંઘનું સુંદર આયોજન કરાયું હતું.

આદિવાસી શિક્ષણમાં પરિવર્તન: એકલવ્યથી શ્રેષ્ઠતા તરફ

સી.પી. રાધાકૃષ્ણન
ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ

મેં હંમેશા દ્રઢપણે માન્યું છે કે બાળકને શિક્ષિત કરવું એ માત્ર વ્યક્તિનું ભવિષ્ય ઘડવા પૂરતું મર્યાદિત નથી. તે પરિવારોમાં પરિવર્તન લાવવા, સમુદાયોને મજબૂત કરવા અને પ્રગતિશીલ રાષ્ટ્રના નિર્માણ વિશે છે. જ્યારે મને ઝારખંડ, મહારાષ્ટ્ર અને તેલંગાણાના આદિવાસી વિસ્તારોની સેવા કરવાની તક મળી, ત્યારે મેં હંમેશા આદિવાસી શિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો. મેં હંમેશા યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓને સ્કૂલ કનેક્ટ કાર્યક્રમ સાથે જોડવા વિનંતી કરી જેથી કોઈ પણ બાળક પાછળ રહી ન જાય. આજે જ્યારે આપણે 15 નવેમ્બરે મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓમાંના એક અને સંસ્થાનવાદી દમન સામે હિંમત, બલિદાન અને પ્રતિકારના પ્રતીક ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરી રહ્યા છીએ. મને લાગે છે કે આપણા તમામ મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવાની એક યોગ્ય રીત આદિવાસી બાળકો માટે શિક્ષણ અને કૌશલ્ય પ્રણાલીમાં પરિવર્તન લાવવાની રહેશે, જેથી તેઓ માત્ર પોતાને જ નહીં, પરંતુ સમાજને પણ સશક્ત બનાવે.

જેમ જેમ ભારત લગભગ દરેક ક્ષેત્રમાં આગળ વધવાનો નવો માર્ગ કંડારી રહ્યું છે, તેમ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ આદિવાસી બાળકોના શૈક્ષણિક પરિદ્રશ્યને શાંતિથી પુનઃવ્યાખ્યાયિત કરી રહી છે. આ નિવાસી શાળાઓ આદિવાસી બાળકો માટે તેમના પોતાના સામુદાયિક વાતાવરણમાં જ સ્થાપિત કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય તેમનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. 'એકલવ્ય' નામ પોતે જ એક ઊંડો પ્રેરણાદાયી સંદેશ આપે છે. મહાભારતમાં, એકલવ્ય એક એવો યુવાન હતો જેણે શિક્ષણની ઔપચારિક પહોંચ નકારવામાં આવી હોવા છતાં, ધનુર્વિદ્યાની કળામાં નિપુણતા મેળવવા માટે અસાધારણ સમર્પણ, શિસ્ત અને દ્રઢ નિશ્ચય દર્શાવ્યો હતો. તેમની વાર્તા એ વાતની યાદ અપાવે છે કે શીખવાની ઈચ્છા સાથેની પ્રતિભા મોટામાં મોટા અવરોધોને પણ પાર કરી શકે છે. આજે, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ આ વાર્તામાં એક નવા અધ્યાયનું પ્રતિનિધિત્વ કરે છે. EMRS યોજના દ્વારા, આપણા આદિવાસી બાળકોને સંસ્થાકીય સમર્થન, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તેમના સપના સાકાર કરવાની તકો પૂરી પાડવામાં આવી રહી છે.

આ યોજના, જે આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવી છે, તેને આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રીમાન નરેન્દ્ર મોદીજીના દૂરદેશી નેતૃત્વ હેઠળ નવી ગતિ મળી છે. વર્ષ 2018-19ના કેન્દ્રીય બજેટમાં, શ્રીમાન મોદીજીએ આ યોજનાના વ્યાપને વિસ્તાર્યો અને 2011ની વસ્તી ગણતરી મુજબ 50% થી વધુ અનુસૂચિત જનજાતિ (ST) વસ્તી અને ઓછામાં ઓછા 20,000 આદિવાસી વ્યક્તિઓ ધરાવતા દરેક બ્લોકમાં એક EMRSની કલ્પના કરી. આ એક જ પગલાથી, આપણા માનનીય પ્રધાનમંત્રીએ એવા દૂરના સ્થળોએ CBSE-સંલગ્ન શિક્ષણ પહોંચાડ્યું છે જ્યાં અગાઉ આવી શાળાઓની સુવિધા નહોતી.

EMRS યોજના તેની રચના અને ઉદ્દેશ્યમાં અનન્ય છે. તે આદિવાસી બાળકો માટે સમાવેશી અને સમાન શિક્ષણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરે છે. અન્ય શાળાઓમાં અનુસૂચિત જનજાતિ માટે 7.5% અનામતની સરખામણીમાં, EMRS શાળાઓમાં ઓછામાં ઓછા 90% વિદ્યાર્થીઓ આદિવાસી સમુદાયોના છે. તેનાથી પણ વધુ આનંદની વાત એ છે કે 50% બેઠકો છોકરીઓ માટે અનામત છે, જે એક ઉત્તમ સકારાત્મક પગલું છે. પ્રવેશ રાજ્ય-સ્તરીય પ્રવેશ પરીક્ષા દ્વારા કરવામાં આવે છે, જેમાં સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

જો આપણે EMRSનો વિકાસ જોઈએ, તો તેને 2 તબક્કામાં જોઈ શકાય છે. 1997-2018ના પ્રથમ તબક્કા દરમિયાન, કુલ 288 શાળાઓ મંજૂર કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ઘણા માળખાકીય પડકારોનો સામનો કરવો પડ્યો હતો. 2018થી કાર્યરત થયેલી EMRS 2.0 યોજનાની નવીનતા આદિવાસી બાળકોને શિક્ષિત કરવાના અગાઉના પ્રવર્તમાન મોડેલોની મર્યાદાઓને દૂર કરવામાં રહેલી છે. આ યોજના ફર્સ્ટ-જનરેશન લર્નર્સ પર વિશેષ ભાર મૂકે છે અને તેઓને જે શીખવાની ખામીઓનો સામનો કરવો પડી શકે છે તેને પણ ઓળખે છે. આ પડકારોને પહોંચી વળવા માટે, લર્નિંગ ગેપ એસેસમેન્ટ્સ, બ્રિજ કોર્સ અને ઉપચારાત્મક વર્ગો દ્વારા માળખાગત શૈક્ષણિક સહાય પૂરી પાડવામાં આવે છે. પ્રારંભિક વર્ગોમાં, દ્વિભાષી શિક્ષણ અપનાવવામાં આવે છે, જેનાથી બાળકો તેમની પરિચિત ભાષામાં આરામથી શીખી શકે છે, અને ત્યારબાદ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી તરફ ક્રમશઃ સંક્રમણ થાય છે. આદિજાતિ બાબતોના મંત્રાલય પાસેથી એ જાણીને મને આનંદ થયો કે આ વર્ષથી EMRS 3.0 કાર્યરત થઈ ગઈ છે.

EMRS 2.0માં અન્ય એક મહત્વપૂર્ણ પગલું EMRSની સ્થાપના, દાન, જાળવણી, નિયંત્રણ અને સંચાલન માટે આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળ 2019માં નેશનલ એજ્યુકેશન સોસાયટી ફોર ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ (NESTS)ની સ્થાપના હતી. દરેક બાળકને યોગ્ય શૈક્ષણિક પાયો મળે તે સુનિશ્ચિત કરવા માટે, NESTS એ વ્યક્તિગત શીખવાની જરૂરિયાતોના મૂલ્યાંકનના આધારે, નવા પ્રવેશ મેળવનાર ધોરણ VIના તમામ વિદ્યાર્થીઓ માટે 65-દિવસનો બ્રિજ કોર્સ ફરજિયાત બનાવ્યો છે. સમર્પિત અંગ્રેજી મોડ્યુલો દ્વારા પાયાના શિક્ષણની ખામીઓને દૂર કરવા અને સંચાર કૌશલ્યોને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

EMRSનું સંચાલન હવે NESTS અને મંત્રાલય દ્વારા ઘડવામાં આવેલી માર્ગદર્શિકા અને ધોરણો મુજબ રાજ્ય સરકારની સોસાયટીઓ દ્વારા કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટરની દેખરેખ હેઠળની જિલ્લા કક્ષાની સમિતિ દરેક જિલ્લામાં શાળાઓની કામગીરીની દેખરેખ રાખે છે અને આચાર્ય દરેક શાળાના એકંદર પ્રભારી હોય છે. જવાબદારી મજબૂત કરવા માટે, આંતર-વિભાગીય સંકલન અને મુદ્દાઓના સમયસર નિરાકરણને પ્રોત્સાહન આપવા માટે EMRSની કામગીરીના આધારે જિલ્લા રેન્કિંગ સિસ્ટમ રજૂ કરવામાં આવી છે. 31 સૂચકાંકો ધરાવતા સાત ક્ષેત્રોમાં દરેક શાળાની વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન કરતો કી પરફોર્મન્સ ઈન્ડેક્સ પણ તૈયાર કરવામાં આવ્યો છે.EMRS 2.0 હેઠળ, 50% થી વધુ ST વસ્તી અને ઓછામાં ઓછા 20,000 આદિવાસી વ્યક્તિઓના બેવડા માપદંડ પર આદિવાસી બ્લોકમાં 440 નવી શાળાઓ મંજૂર કરવામાં આવી છે. શરૂઆતમાં, મેદાની વિસ્તારો માટે શાળા દીઠ મૂડી ખર્ચ રૂ. 20 કરોડ નક્કી કરવામાં આવ્યો હતો; અને ઉત્તર-પૂર્વ, પહાડી અને LWE-પ્રભાવિત વિસ્તારો માટે તે રૂ. 24 કરોડ નક્કી કરવામાં આવ્યો હતો. 2021માં મૂડી ખર્ચમાં વધુ વધારો કરીને અનુક્રમે રૂ. 37.80 કરોડ અને રૂ. 48 કરોડ કરવામાં આવ્યો છે. આ નાણાકીય વર્ષ 2026-2027ની શરૂઆતથી, વિદ્યાર્થી દીઠ મહત્તમ અનુમતિપાત્ર વાર્ષિક ખર્ચ રૂ. 1,47,356 છે, જેમાં મેસ, ગણવેશ, પાઠ્યપુસ્તકો, તબીબી ખર્ચ, CBSE ફી અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવા વિદ્યાર્થીઓ પરના સીધા ખર્ચની જોગવાઈ છે.તાજેતરમાં આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા મારી સમક્ષ એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. મને એ જાણીને ખરેખર આનંદ થયો કે આજની તારીખે EMRSની કુલ નોંધણી 1,72,952 વિદ્યાર્થીઓની છે, જેમાંથી 84,636 છોકરાઓ અને 88,317 છોકરીઓ છે. રાજ્યવાર EMRSની સૌથી વધુ હાજરી ઓડિશા (114 શાળાઓ મંજૂર), ઝારખંડ (91), છત્તીસગઢ (75), મધ્ય પ્રદેશ (71) અને ગુજરાત (47)માં છે. છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ રાજ્યોમાં અનુક્રમે 28,884 અને 26,857 વિદ્યાર્થીઓ સાથે સૌથી વધુ નોંધણી છે.એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સમાં શિક્ષણ એ માત્ર વર્ગખંડના શિક્ષણ પૂરતું મર્યાદિત નથી; તે આદિવાસી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ વિશે છે. તેનો ઉદ્દેશ્ય તેમને ઝડપથી બદલાતી દુનિયામાં શ્રેષ્ઠ બનવા માટે જ્ઞાન, કૌશલ્ય અને આત્મવિશ્વાસથી સજ્જ કરવાનો છે. આપણે વર્ગખંડના શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે ટેકનોલોજીને પણ અપનાવી રહ્યા છીએ. વર્ગખંડો સ્માર્ટ બોર્ડથી સજ્જ છે, જેમાં MeitY અને અન્ય યોજનાઓ સાથેની ભાગીદારીમાં 365 EMRSને આવરી લેવામાં આવ્યા છે. મેધા AI પ્લેટફોર્મ શિક્ષકોને પાઠ આયોજન, સામગ્રી વિતરણ અને વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં સહાય કરે છે, જે વધુ વ્યક્તિગત અને અસરકારક શિક્ષણને સક્ષમ બનાવે છે.આદિવાસી સમુદાયોના વારસા, સંસ્કૃતિ અને પરંપરાઓની જાળવણી અને ઉજવણી કરવા માટે EMRSમાં ટ્રાઈબલ કોર્નર્સ સ્થાપવામાં આવ્યા છે. જ્યાં પૂરતી જમીન ઉપલબ્ધ છે તેવી નવી શાળાઓમાં ખો-ખો, બાસ્કેટબોલ, રનિંગ ટ્રેક અને તીરંદાજી જેવી રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળાઓને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો અને કલા, સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેની જગ્યાઓ સાથે પણ ડિઝાઈન કરવામાં આવી છે. સંકલ્પ પ્રોજેક્ટ હેઠળ CBSE માર્ગદર્શિકા સાથે સંરેખિત કૌશલ્ય-આધારિત વિષયો પણ રજૂ કરવામાં આવ્યા છે.EMRSના વિદ્યાર્થીઓની સિદ્ધિઓ જનજાતીય ગૌરવ દિવસની ભાવનાને યોગ્ય શ્રદ્ધાંજલિ છે. મને ખરેખર ગર્વ થાય છે કે EMRSના વિદ્યાર્થીઓ હવે IIT, AIIMS અને વ્યાવસાયિક અને ઉચ્ચ શિક્ષણની અન્ય અગ્રણી સંસ્થાઓમાં પ્રવેશ મેળવી રહ્યા છે. IIT રૂરકીમાં અભ્યાસ કરનાર અને હવે લંડનમાં બાર્કલેઝમાં ડેટા સાયન્ટિસ્ટ તરીકે કાર્યરત રોહિતથી લઈને મિલિટરી નર્સિંગ સર્વિસમાં કેપ્ટન તરીકે સેવા આપતી સિમરન સુધી, આ યુવા સિદ્ધિ હાંસલ કરનારાઓ શિક્ષણની પરિવર્તનકારી શક્તિનું પ્રદર્શન કરે છે. ભારતીય સિનિયર મહિલા બાસ્કેટબોલ ટીમનું પ્રતિનિધિત્વ કરવામાં નીમા ડોમા ભૂટિયાની સફળતા અને છત્તીસગઢના PVTG વિદ્યાર્થીઓની નોંધપાત્ર શૈક્ષણિક સિદ્ધિઓ આ સંદેશને વધુ મજબૂત બનાવે છે. આપણા આદિવાસી બાળકોએ મર્યાદાઓ વિના સપના જોવાની, શ્રેષ્ઠતા હાંસલ કરવાની અને આત્મવિશ્વાસુ નેતાઓ, સંશોધકો અને રાષ્ટ્ર-નિર્માતાઓ તરીકે ઉભરી આવવાની જરૂર છે.ભગવાન બિરસા મુંડાએ પેઢીઓને તેમના અધિકારો અને ગૌરવ માટે ઉભા રહેવા પ્રેરણા આપી. EMRS આજના આદિવાસી યુવાનોને શિક્ષણ, જ્ઞાન અને સિદ્ધિ દ્વારા તેમના સપનાઓને સાકાર કરવા માટે સશક્ત બનાવી રહ્યું છે. આ 'આદિવાસી ગૌરવ દિવસ'ની સાચી ભાવના છે - આપણા ગૌરવશાળી ભૂતકાળનું સન્માન કરીને આપણા આદિવાસી સમુદાયોને '2047 સુધી વિકસિત ભારત'ના ભવિષ્યને આકાર આપવા માટે સશક્ત બનાવવું. આ આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલ એક શક્તિશાળી આહવાન છે.

નિરોણામાં બાબાસાહેબની પ્રતિમાનું અનાવરણ, તમામ પૂર્વ સરપંચોનું સન્માન!




જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નિરોણા ગામે લાભ પાંચમના પાવન અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું ભવ્ય અનાવરણ તથા સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. પ્રતિમાનું અનાવરણ જિલ્લા પંચાયત કચ્છના ન્યાય સમિતિના ચેરમેન મંજુલાબેન એમ. ચાવડા તથા જિલ્લા પંચાયત કચ્છના વિપક્ષી નેતા રાજેશભાઈ એમ. આહીરના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નરેશભાઈ મહેશ્વરી,માવજીભાઈ મહેશ્વરી અને મોહનભાઈ ચાવડા સહિતના મહાનુભાવો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગામના વિકાસમાં યોગદાન આપનાર તમામ પૂર્વ સરપંચોનું વિશિષ્ટ સન્માન કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

ગામના સરપંચ નરોત્તમભાઈ આહીરે જણાવ્યું હતું કે બાબાસાહેબના સમાનતા, શિક્ષણ અને સામાજિક ન્યાયના વિચારોને આગળ વધારવા તથા ગામમાં એકતા અને ભાઈચારો મજબૂત બનાવવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. શ્રી એકતા સહારા સેવા ગ્રુપ અને નિરોણા જૂથ ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલો આ કાર્યક્રમ ગામ માટે ગૌરવપૂર્ણ અને યાદગાર બન્યો હતો.

વધેલા માલસામાનના લોડિંગથી ખાદ્ય પુરવઠો, પ્રાદેશિક વેપાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારો થયો

ઓક્ટોબર 2026 માં NER રેલ્વેએ માલસામાનના લોડિંગમાં 27.7% વૃદ્ધિ નોંધાવી

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NER) એ ઓક્ટોબર 2026 માં પ્રભાવશાળી માલસામાનના લોડિંગ પ્રદર્શન નોંધાવ્યું, જેમાં 1.064 મિલિયન ટન (MT) લોડિંગ થયું, જે ઓક્ટોબર 2025 માં નોંધાયેલા 0.833 મિલિયન ટનની તુલનામાં 27.7% નો વધારો છે. એપ્રિલથી ઓક્ટોબર 2026 દરમિયાન સંચિત માલસામાનનું લોડિંગ 7.290 મિલિયન ટન પર પહોંચ્યું, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 6.390 મિલિયન ટનની તુલનામાં 14.1% નો વધારો છે.ઓક્ટોબરમાં આ વૃદ્ધિમાં ઘણી મુખ્ય ચીજવસ્તુઓનો ફાળો હતો. કોલસાનું લોડિંગ 160% વધીને 0.013 મિલિયન ટન (MT) પર પહોંચ્યું, જ્યારે ડોલોમાઇટ લોડિંગ 61.3% વધીને 0.258 મિલિયન ટન (MT) પર પહોંચ્યું. ખાદ્યાન્ન લોડિંગ ૩૫૦% વધીને ૦.૦૫૪ મિલિયન ટન થયું, જ્યારે ફળો, શાકભાજી અને લાકડા સહિત વિવિધ ચીજવસ્તુઓનું લોડિંગ ૨૨૧.૧% વધીને ૦.૦૬૧ મિલિયન ટન થયું. ખાતર અને સિમેન્ટ લોડિંગમાં અનુક્રમે ૧૨૦% અને ૪૦%નો વધારો થયો, જે પ્રદેશમાં કૃષિ અને બાંધકામ પ્રવૃત્તિઓને ટેકો આપે છે.એપ્રિલ-ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન NCRના સંચિત પ્રદર્શનમાં પણ આ વૃદ્ધિ પ્રતિબિંબિત થઈ. સિમેન્ટ લોડિંગ ૧૪૮.૧% વધીને ૦.૯૦૩ મિલિયન ટન (MT) થયું, જ્યારે ડોલોમાઇટ લોડિંગ ૪૦% વધીને ૧.૬૮૭ મિલિયન ટન થયું. વિવિધ ચીજવસ્તુઓનું લોડિંગ ૧૦૬% વધીને ૦.૨૭૪ મિલિયન ટન થયું. કોલસા અને કન્ટેનર લોડિંગમાં પણ ગયા



વર્ષના સમાન સમયગાળાની તુલનામાં અનુક્રમે ૧૬.૫% અને ૧૦.૩%નો વધારો થયો.ઓક્ટોબર 2026 માં માલ પરિવહનમાં 47.7% નો વધારો થયો હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 511 મિલિયનની સરખામણીમાં આશરે 754 મિલિયન સુધી પહોંચ્યો હતો. આ પરિમાણ માલ પરિવહનના જથ્થા અને મુસાફરી કરેલ અંતર બંનેને પ્રતિબિંબિત કરે છે.ઉત્તર પૂર્વ રેલ્વે વિશ્વસનીય માલ પરિવહન સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે તેના ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. ખાદ્ય અનાજ, કૃષિ પેદાશો અને ઔદ્યોગિક સામગ્રીનું પરિવહન કરીને, રેલ્વે ખેડૂતો અને વેપારીઓને વ્યાપક બજારો સુધી પહોંચવામાં મદદ કરે છે અને ઉત્તરપૂર્વ અને તેનાથી આગળ આર્થિક પ્રવૃત્તિને વેગ આપે છે. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) દ્વારા ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન અત્યંત પ્રભાવશાળી અને ઉત્સાહવર્ધક માલસામાન લોડિંગ પ્રદર્શન નોંધાવવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઓક્ટોબર મહિનામાં રેલવે દ્વારા ૧.૦૬૪ મિલિયન ટન (MT) માલસામાનનું લોડિંગ કરવામાં આવ્યું છે, જે ગત વર્ષ એટલે કે ઓક્ટોબર ૨૦૨૫ માં નોંધાયેલા ૦.૮૩૩ મિલિયન ટનની તુલનામાં સીધો ૨૭.૭% નો જંગી વધારો દર્શાવે છે. આ ઉપરાંત, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સંચિત (કુલ) માલસામાનનું લોડિંગ વધીને ૭.૨૯૦ મિલિયન ટન પર પહોંચી ગયું છે.

એકતા, ભાઈચારો અને પરસ્પર વિશ્વાસની સુંદર મિસાલ બની સન્માન સમારોહ

ક્ષત્રિય સમાજ – મથલ દ્વારા સરપંચ હુસેનભાઈ ખલીફાનું હૃદયપૂર્વક સન્માન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

મથલ: ક્ષત્રિય સમાજ - મથલ દ્વારા ગામના સરપંચશ્રી હુસેનભાઈ ખલીફાનું હૃદયપૂર્વક સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે હુસેનભાઈ ખલીફાનું સન્માન કરી તેમને સ્મૃતિચિહ્નરૂપે પેન્સિલથી તૈયાર કરેલું સુંદર ચિત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ આ સન્માન પ્રસંગને સ્નેહ,



લાગણી અને પરસ્પર આદરનું પ્રતીક ગણાવ્યો હતો.

ખાસ વાત એ રહી કે આ સન્માન માત્ર એક વ્યક્તિનું નહીં, પરંતુ સમાજ વચ્ચેના પ્રેમ, વિશ્વાસ, એકતા અને ભાઈચારાની ભાવનાનું પ્રતીક બની રહ્યું હતું. ધર્મ અને સમાજની સીમાઓથી ઉપર ઊઠીને પરસ્પર સન્માન અને માનવતાના સંબંધો જાળવવાનો આ પ્રસંગ સમાજ માટે પ્રેરણારૂપ બન્યો હતો.

સાચું સન્માન એ જ છે, જ્યાં હોદ્દા કરતાં સંબંધોનું અને શબ્દો કરતાં લાગણીઓનું મહત્ત્વ વધુ હોય.

વેળાવદર નુતન સ્વામિનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં રક્તદાન કેમ્પ



વેળાવદર | ગારિયાધારના વેળાવદરમાં નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તા 13/11/26 ના આયોજિત રક્તદાન કેમ્પનુ સફળ આયોજન કરી કુલ 110 બ્લડ યુનિટ એકઠુ કરવામાં આવ્યું.ભાવનગર બ્લડ બેંકને આ રક્ત અર્પણ કરી માનવસેવા કરવામાં આવી.સમગ્ર કાર્યક્રમનું આયોજન શતકવીર રક્તદાતા શ્રી ભરતભાઈ ગોળવિયાએ કર્યું હતું.

પશ્ચિમ રેલવે આઠ 'વન-વે' (એકતરફી) સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

અમદાવાદ | તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે ૧૫ અને ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બાંદ્રા ટર્મિનસ, વલસાડ, ઉધના, પ્રતાપનગર અને અમદાવાદથી આઠ 'વન-વે' (એકતરફી) સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝ મુજબ, દરેક ટ્રેન એક દિશામાં માત્ર એક જ ફેરો (ટ્રિપ) કરશે.

૧) ટ્રેન નં. ૦૯૧૧૩ બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સ્પેશિયલ, ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૦૪:૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૯:૩૦ કલાકે ગોરખપુર પહોંચશે.

આ મુસાફરી દરમિયાન, ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, બયાના, ઈદગાહ આગ્રા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ જંક્શન, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

૨) ટ્રેન નં. ૦૯૦૬૩ વલસાડ-રાજગીર સ્પેશિયલ, ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૦૮:૪૫ કલાકે વલસાડથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૨:૩૦ કલાકે રાજગીર પહોંચશે.

આ મુસાફરી દરમિયાન, ટ્રેન નવસારી, ભેસ્તાન, ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છીવકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના જંક્શન, પટના સાહિબ, બખ્તિયારપુર, બિહાર શરીફ અને નાલંદા સ્ટેશનો પર રોકાશે. 3) ટ્રેન નંબર 09067 વલસાડ-સમસ્તીપુર સ્પેશિયલ 15 નવેમ્બર, 2026 ના રોજ વલસાડથી 22:20 કલાકે ઉપડશે અને 17 નવેમ્બર, 2026 ના રોજ 10:00 કલાકે સમસ્તીપુર પહોંચશે.

રૂટમાં, આ ટ્રેન નવસારી, ભેસ્તાન, ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર અને મુઝફ્ફરપુર સ્ટેશન.

4) ટ્રેન નંબર 09081 ઉધના-ગયા સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ ઉધનાથી 19:45 કલાકે ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 00:45 કલાકે ગયા પહોંચશે.

રૂટમાં, આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, દેહરી-ઓન-સોન અને ઈસ્માઈલપુર સ્ટેશનો.

5) ટ્રેન નંબર 09089 ઉધના-બરૌની સ્પેશિયલ 15 નવેમ્બર, 2026ના રોજ ઉધનાથી 21:45 કલાકે ઉપડશે અને 17 નવેમ્બર, 2026ના રોજ 07:30 કલાકે બરૌની પહોંચશે. રૂટમાં, આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશન.

6) ટ્રેન નંબર 09061 ઉધના-ઝાંઝરપુર સ્પેશિયલ 16 નવેમ્બર, 2026ના રોજ ઉધનાથી 21:45 કલાકે ઉપડશે અને 18 નવેમ્બર, 2026ના રોજ સવારે 10:00 કલાકે ઝાંઝરપુર પહોંચશે.

રૂટમાં, આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સાકરી સ્ટેશનો.

7) ટ્રેન નંબર 09133 પ્રતાપનગર-રક્સૌલ સ્પેશિયલ 16 નવેમ્બર, 2026ના રોજ પ્રતાપનગરથી 23:50 કલાકે ઉપડશે અને 18 નવેમ્બર, 2026ના રોજ 06:30 કલાકે રક્સૌલ પહોંચશે.

રૂટમાં, આ ટ્રેન વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી જંક્શન, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, બારાબંકી, ગોંડા, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, બજ્જૈન, બજ્જૈન, બજ્જૈન, બસ્તી, ખલીલાબાદ અને નગદગાન ખાતે ઉભી રહેશે. સ્ટેશનો ૮) ટ્રેન નં. ૦૯૪૩૧ અમદાવાદ-મધુબની સ્પેશિયલ, ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ૧૦:૧૦ કલાકે અમદાવાદથી ઉપડશે અને ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ૦૧:૪૦ કલાકે મધુબની પહોંચશે.

આ ટ્રેન તેના માર્ગમાં નીચે મુજબના સ્ટેશનો પર રોકાશે: આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, સિહોર, સંત હિરદારામ નગર, વિદિશા, બીના, દમોહ, કટની મુરવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છીવકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને સકરી.

બાલાસિનોર ખાતે "જનજાતીય ગૌરવ દિવસ"ની સાપ્તાહિક ઉજવણી અંતર્ગત વિવિધ સેવાકીય અને સન્માન કાર્યક્રમો યોજાયા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આજરોજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની સાપ્તાહિક ઉજવણીના ભાગરૂપે તાલુકા વહીવટીતંત્ર અને બાલાસિનોર નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉજવણી અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરી સાફ-સફાઈ કરવામાં આવી હતી, જેના થકી સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ સાથે જ ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની વિશેષ સાફ-સફાઈ કરી તેમને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના આગળના તબક્કામાં આદિવાસી સમાજના મહાન નાયક અને ક્રાંતિવીર



ભગવાન બિરસા મુંડાની તસવીર સમક્ષ પૂજા-અર્ચના કરી તેમના યોગદાન અને બલિદાનને યાદ કરવામાં આવ્યા હતા. તદુપરાંત, સમાજમાં આધ્યાત્મિક અને સામાજિક ચેતના જગાવનાર પૂજ્ય સાધુ-સંતોનું શાલ ઓઢાડી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમમાં બાલાસિનોર તાલુકા વહીવટીતંત્રના અધિકારીઓ, નગરપાલિકાના પદાધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્થાનિક નગરજનોએ ઉત્સાહભેર સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ત્રણ ટર્મ સુધી સરપંચપદે રહી નિરોણાના વિકાસનો પાયો નાખનાર સ્વ. ડૉ. બી.ડી. આચાર્યનું ગૌરવભેર સન્માન!

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નિરોણા ખાતે સહારા ગ્રુપ દ્વારા ગામના પૂર્વ સરપંચોના સન્માન માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિરોણા ગામના પ્રથમ સરપંચ સ્વ. ડૉ. બી.ડી. આચાર્યનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સ્વ. ડૉ. બી.ડી. આચાર્યએ ત્રણ ટર્મ સુધી સરપંચ તરીકે જવાબદારી નિભાવી ગામમાં વિકાસનાં કાર્યોનો પાયો નાખ્યો હતો. ગામના વિકાસમાં તેમના યોગદાનને બિરદાવતાં સહારા ગ્રુપ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે સ્વ. ડૉ. બી.ડી. આચાર્ય વતી તેમનાં સુપુત્રી કમળાબેન વ્યાસે સન્માનપત્ર સ્વીકાર્યું હતું.

જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત મહીસાગરમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી સ્વચ્છતા અભિયાન યોજાયું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬' અને 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્વક વંદન કરવામાં આવ્યું હતું. આ સાથે જિલ્લાના વિવિધ સ્થળોએ મહાનુભાવોની પ્રતિમાઓ અને તેની આસપાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્થળોએ જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્થાનિક નાગરિકોએ સહભાગી બની ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથે જ વિવિધ મહાનુભાવોની પ્રતિમાની આસપાસના વિસ્તારની સફાઈ કરી સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ સ્વચ્છતા અભિયાનના માધ્યમથી સ્વચ્છતા પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ કેળવવાની સાથે જાહેર સ્થળો અને મહાનુભાવોની પ્રતિમાઓની સ્વચ્છતા જાળવવાની સામૂહિક જવાબદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જનજાતિ સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સાંસ્કૃતિક પરંપરા, સંઘર્ષ અને બલિદાનનું સ્મરણ કરી ભગવાન બિરસા મુંડાના રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું.

જનજાતિ ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત સાધુ-સંતોના આશીર્વાદ મેળવવાનો કાર્યક્રમ યોજાયો

ડાંગ | ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનને પગલે સમગ્ર દેશમાં ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ નિમિત્તે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આદિવાસી સમાજના મહાન સ્વાતંત્ર્ય સેનાની, ક્રાંતિકારી અને જનનાયક ભગવાન બિરસા મુંડાના બલિદાન, સંઘર્ષ, શૌર્ય અને સમાજ પ્રત્યેના યોગદાનને યાદ કરવા માટે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ ઉજવણીના ભાગરૂપે જનજાતિ ગૌરવ સપ્તાહ અંતર્ગત ડાંગ જિલ્લામાં પણ વિવિધ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

કચ્છની પરંપરાગત હસ્તકલા, અજરખ પ્રિન્ટિંગ અને હાથશાળને વૈશ્વિક ઓળખ અપાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે: કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ

અમદાવાદ | કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે કચ્છની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, આજે ગુજરાતના કચ્છ જિલ્લાના વિવિધ હસ્તકલા અને હાથશાળ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે કચ્છની સમૃદ્ધ પરંપરાગત કળા, હસ્તકલા, અજરખ બ્લોક પ્રિન્ટિંગ અને હાથશાળ વારસા નિહાળ્યા હતા તથા આ ક્ષેત્રની વિકાસ સંભાવનાઓ અને પડકારો પર સ્થાનિક કારીગરો, વણકરો, ઉદ્યોગસાહસિકો, ડિઝાઈનર અને નિકાસકારો સાથે ચર્ચાઓ કરી હતી.તેમની મુલાકાતની શરૂઆતમાં, કેન્દ્રીય મંત્રીએ ભુજ તાલુકાના અજરખપુર ખાતે લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (LLDC) ક્રાફ્ટ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. ત્યાં, તેમણે કચ્છની પરંપરાગત હસ્તકલા, ક્રાફ્ટ ટેકનિક અને સમૃદ્ધ કળા તથા સંસ્કૃતિને પ્રદર્શિત કરતી કલાકૃતિઓનું નિરીક્ષણ કર્યું હતું, અને આ પ્રદેશની વિશિષ્ટ હસ્તકલા પરંપરાઓ વિશે માહિતી મેળવી હતી.તદઉપરાંત, શ્રી સિંહે LLDC ઓડિટોરિયમ ખાતે યોજાયેલા 'શિલ્પ સંવાદ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે, તેમણે PCs, બિન-સરકારી સંસ્થાઓ (NGOs), ઉદ્યોગસાહસિકો, નિકાસકારો, ખરીદદારો, ડિઝાઈનરો, એવોર્ડ વિજેતાઓ અને MCP કારીગરોના પ્રતિનિધિઓ સાથે સીધી વાતચીત કરી હતી. ચર્ચાઓ હસ્તકલા ક્ષેત્રના સર્વાંગી વિકાસ, કારીગરો સામેના પડકારો, તેમના ઉત્પાદનો માટે બહેતર બજાર પહોંચ પૂરી પાડવા, નિકાસની તકો વધારવા અને પરંપરાગત શિલ્પકલાને સમકાલીન ડિઝાઈન અને વૈશ્વિક બજારોની માંગ સાથે જોડવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કેન્દ્રિત



હતી.કેન્દ્રીય મંત્રીએ ત્યારબાદ પ્રખ્યાત અજરખ કારીગર ડૉ. ઈસ્માઈલ ખત્રીના કાર્યસ્થળ અને નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. તેમણે અજરખ હેન્ડ બ્લોક પ્રિન્ટિંગ યુનિટનું નિરીક્ષણ કર્યું હતું અને આ પરંપરાગત કળા સ્વરૂપમાં સામેલ ટેકનિક અને પ્રક્રિયાઓ તેમજ કારીગરોના કામ વિશે માહિતી મેળવી હતી. આ પ્રસંગે, તેમણે 'ચલો અજરખપુર' પહેલ હેઠળ કાર્યરત એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ETP) ની પણ મુલાકાત લીધી હતી અને તેના સંચાલન તથા પર્યાવરણ સંરક્ષણમાં તેની ભૂમિકા વિશે જાણકારી મેળવી હતી. ત્યારબાદ, કેન્દ્રીય મંત્રીએ ભુજ તાલુકાના પ્રખ્યાત હાથશાળ ગામ ભુજોડીની મુલાકાત લીધી હતી. અહીં, તેઓ હાથશાળ ક્ષેત્રની પ્રતિષ્ઠિત એવોર્ડ વિજેતા હસ્તીઓ, શ્રી દયાલ કુડેજા, શ્રી ચમન પ્રેમજી અને વરિષ્ઠ વણકર શ્રી વિશ્રામ વાલજીને મળ્યા હતા. તેમણે વિવિધ પરંપરાગત વણાટ ટેકનિક, સ્થાનિક ક્રાફ્ટ વારસા અને વણકરોના યોગદાન વિશે માહિતી મેળવી હતી. કચ્છની તેમની મુલાકાત દરમિયાન, શ્રી ગિરિરાજ સિંહે ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની પણ મુલાકાત લીધી હતી. તેમણે 2001ના વિનાશક ભૂકંપની યાદોને સાચવતા આ સ્મારક અને સંગ્રહાલયનું નિરીક્ષણ કર્યું હતું.

"સબંધ" ની ચિંતા કરતા કરતા અંતિમ શ્વાસમાં બધું સમાપ્ત થઈ જાય છે

આપણા બધાનું કેવું છે કે ગમતા લોકો કરતા વધારે જેની સાથે વિચાર અને વિશ્વાસ મેચ ન થતા હોઈ એની સાથે પરાણે જીવનની ગાડી ને દોડાવતા હોઈએ છીએ.આ કારણોસર જ મોટાભાગ ના ભારતીય લોકોની યુવાની જવાબદારી ઓ અને વૃદ્ધાવસ્થા દવાઓના સહારે પૂરી થતી હોય છે.મૃત્યુ ના ખાટલે પડ્યા પડ્યા પણ "સબંધ" ની ચિંતા કરતા કરતા અંતિમ શ્વાસ માં બધું સમાપ્ત થઈ જાય છે. આ ટોપિક પર ખૂબ વિચાર્યા બાદ થયું કે કોના માટે જીવીએ છીએ? ખુદ ના કે અન્ય ની ખુશી માટે. આપણા દેશ માં લગ્ન,લગ્ન બાદ સંતાન,લગ્ન બાદ છૂટાછેડા ના ચાલતા કેસ વગેરે વગેરે ટોપિક લોકો નો ફેવરિટ હોય છે.આ ટોપિક પર સૌથી વધારે વડીલો જ ગોસીપ કરતા જોવા મળશે. વડીલો ને જેટલી ચિંતા યુવકો ના લગ્ન ની હોય છે એટલી ચિંતા લગ્ન બાદ ના યુવકો ના જીવન ની હોતી નથી. કુંવારા કે વાંઢા શબ્દ માં યુવાનો ની વધારે મુશ્કેરી વડીલો જ કરતા હોય છે. ભારતીય સમાજ ની સંકુચિત વિચાર ધારા વિશે વિચારતા લાગે છે કે "લગ્ન" સારી વાત છે પણ લગ્ન ઉત્સુક યુવક યુવતીઓના સ્વભાવથી લઈને ખામીઓ વિશે તો લગ્ન પહેલા ચર્ચા જ થતી નથી. મારું માનવું છે કે બે વ્યક્તિ ના જીવન નો ફેંસલો અમુક કલાક દિવસો કે મહિનાઓ માં થઈ શકતો નથી.આપણા સંકુચિત સમાજ માં "લગ્ન" નું મહત્વ તો છે પણ લગ્ન બાદ શું? આ વિશે સમજણ નથી એટલે તો લગ્નના અમુક વર્ષ બાદ પતિ પત્ની ના જીવન નો રથ રાગશિયા ગાડાની માફક ચાલ્યા કરતો હોય છે.

ઈશ્વર એ મનુષ્ય ને ખુદ ના સુખ અને પ્રગતિ માટે આપ્યું છે શાસ્ત્ર અનુસાર મનુષ્ય જીવન એ કેટ કેટલી યોનિ માંથી પસાર થયા બાદ માંડ માંડ મળતું હોય છે.આ મહામુલુ અમૂલ્ય જીવન એ સમય ના ત્રાજવા માં મૂક્યું હોવાના લીધે એની પ્રત્યેક ક્ષણ કિંમતી હોય છે. સમય ની ગતિ માં મોજુદા સમય માં ચાલી રહેલ કળયુગ નું પ્રથમ ચરણ માં "જૂનવાણી પરંપરાઓ અને સબંધોની વ્યાખ્યા" બદલાઈ ચૂક્યા છે.આ સમય ને વિદ્વાનો ભારત નો પ્રગતિશીલ સમય માની રહ્યા છે,કેમ? ભારત ના સામાજિક,આર્થિક અને વ્યવસાયિક ક્ષેત્રે યુવકો ની સાથે યુવતીઓનો પણ અગત્ય નો ફાળો છે. આજે ભારતીય યુવતીઓ ચાર દીવાલ ના તાળા તોડીને સફળતા ના શિખરો સર કરવા માં સફળ રહી છે.આ સફળતા પાછળ એના પરિવાર નો ખાસ કરીને પેરન્ટ્સ નો મોટો ફાળો છે. લગ્ન નામના બંધન માં બંધાઈ ને આજીવન સાસરિયા અને પતિ ના ગુલામ થવાનું યુવતીઓ પસંદ કરતી નથી એટલે જ કેરિયર બનાવી ને પગભર થયા બાદ જ જીવનસાથી માટે વિચારતી હોય છે. મનુસ્મૃતિ માં આપેલ દરેક વાત સાચી નથી હોતી. પુરુષ ની ઈચ્છા થી વિવાહ થાય એ તદન ખોટી વાત છે વિવાહ માટે દિલ થી સ્ત્રી ઈચ્છા કરે ત્યારે જ ઋણનું બંધન ના પુરુષ સાથે એના લગ્ન થાય છે. શિવ પુરાણ મુજબ માતા સતી નું પુનર્જન્મ પાર્વતી સ્વરૂપે હિમાલય અને મેના ને ત્યાં થયું ત્યાં સુધી ભગવાન ભોળાનાથ તપશ્ચર્યા માં લિન રહ્યા હતા. હિમાલય ને ત્યાં પધારેલ નારદજી ની વાત નાનકડા પાર્વતીજી એ સખીઓ



સમય ની ગતિ.

- રુપાલી દવે

સાથે રમતા રમતા સાંભળતા જ એણે પતિ સ્વરૂપે મહાદેવજી ને પ્રાપ્ત કરવા ઉગ્ર તપ કર્યું હતું.પતિ સ્વરૂપે મહાદેવજી ની પુનઃ પ્રાપ્તિ માટેના પાર્વતીજી ના ઉગ્ર તપ ના લીધેજ તપશ્ચર્યા માં લિન યુગો થી બંધ કરેલ ચક્ષુ ભોળાનાથ એ ખોલ્યા હતા.

આજ ની જનરેશન મૃત્યુ બાદ શું? વિશે વિચારવા કરતા લાઈફ ની પ્રત્યેક ક્ષણ ખુશ ખુશાલ ખુદના માટે જીવવાનું પસંદ વધારે કરે છે. આજ થી ત્રીસ ચાલીસ વર્ષ પહેલા ભારત માં વેકેશન માં દેશ વિદેશ હરવા ફરવા જવાનું છે ચલણ ઓછું હતું. જન્મ દિવસ,મેરેજ દિવસ વગેરે ખાસ દિવસો નું પાર્ટી કલ્ચર તો બિલકુલ નહતું. લગ્ન પ્રસંગ એ એક દિવસ માં નિપટાવી ને બધા મુક્ત થઈ જતા હતા. હનીમૂન કોન્સેપ્ટ તો દૂર દૂર સુધી દેખાતા નહતા. નવી નવેલી વહુ આગળ રસોઈ મિષ્ટાન બનાવડાવા નો રિવાજ કદાચ આજેપણ છે પરંતુ આ રિવાજ પણ રેસ્ટોરન્ટ માં કરવાનો ટ્રેન્ડ થઈ ગયો છે. આજની યુવા પેઢી જીવો ઔર જીને દો માં વધારે માનતી હોવાથી લગ્ન બાદ પરિવાર ની રૂઢિગત પરંપરા અને હીપોક્રસી માં ફસાવવા કરતા આઝાદ જીવન જીવવા નું પસંદ કરે છે તો એમાં શું ખોટું છે? આમપણ પણ બે અલગ અલગ વ્યક્તિ ને એકબીજા ના વિચારો ને સમજવા માટે ખાસ્સો સમય લાગતો હોય છે. આ કારણોસર લગ્ન,લગ્ન બાદ બાળકો અને લગ્ન બાદ વિચારો ન મળતા છુટાછેડા વગેરે વગેરે નિર્ણયો એ પરિવાર ના સભ્યો કરતા લગ્ન સબંધ થી બંધાયેલ બે વ્યક્તિઓના હોવા જોઈએ.

શ્રીમદ્ ગીતાજી અનુસાર જે જન્મે છે એનું મૃત્યુ નક્કી છે એટલે જ જન્મ અને મૃત્યુ વચ્ચે ફસાયેલા માણસ એ અન્ય ની ઈચ્છાઓ,આશા અપેક્ષા ઓને સંતોષવા આજીવન રેસનો ઘોડો બનવાને બદલે ખુદ ના અંતર આત્મા ના અવાજ ને અનુસરવા ની જરૂર છે. સમય ની ગતિ ને પકડી તો શકાતી નથી પણ સમય ને ખુશ ખુશાલ તો પસાર કરી શકાય છે.જન્મ પછી કોણ અને મૃત્યુ બાદ ની યાત્રા શું? આ વિશે વિજ્ઞાન એ આટઆટલી પ્રગતિ કરી છે ને છતાંય આ વિષય વિશે શોધ આજ સુધી થઈ શકી નથી.હિન્દુ શાસ્ત્ર પૌત્ર પુત્ર જ મૃતક ને મોક્ષ ના માર્ગે લઈ જઈ શકે છે એ એક ભ્રમ માત્ર છે. મૃતક ના જાત સંસ્કાર ધર્મ અનુસાર થવા ફરજિયાત છે પણ એનાથી મૃતક ની યાત્રા માં ફર્ક પડતો નથી.જો આ વાત માં પોઈન્ટ ઝીરો સત્ય હોય તો હિન્દુ ધર્મ ન પાળનાર અન્ય ધર્મ ના સમાજ ની દશા વિપરીત હોત."જેવું કરો એવું ભરો" એ વાસ્તવિક દુનિયા ની થિયરી નું અંતિમ સત્ય છે.ધાર્મિક શાસ્ત્ર કહે છે કે કળયુગ માં મનુષ્ય ની આસપાસ બંધન નું કુંડાળું નથી એટલે જે કરવું એ કરો પણ તમારા કૃત્ય વ્યવહારથી અન્ય ને ટ્રબલ થવું ન જોઈએ. આપણા થી અન્ય ને સહેજ પણ તકલીફ પડી તો એનું પરિણામ જીવતે જી જ ભોગવવું પડતું હોય છે. સાચું કહું આ સમય જ એવો છે કે જે શીખવે છે કે લગ્ન સબંધ કરતા પણ વધારે સફળતા,સમૃદ્ધિ અને પ્રગતિ માં ખુદ નું ખુદ ની સાથે ખુશ ખુશાલ જીવન મહત્વનું છે.

આને વાલા પલ જાને વાલા હૈ,
હો સકે તો ઈસમેં જિંદગી બીતા દો,
પલ જો યે જાને વાલા હૈ..

ફૂલનદેવીની જીવનકથા બેન્ડિટ ક્વિન પરથી 32 વર્ષ બાદ સીકવલનું એલાન

મુંબઈ : ૧૯૯૪માં આવેલી ક્લાસિક ફિલ્મ શેખર કપૂરની 'બેન્ડિટ ક્વિન'ના નિર્માતા બોબી બેદીએ ફિલ્મની સીકવલ 'બેન્ડિટ ક્વિન, એમપી'ની જાહેરાત કરી છે. આ ફિલ્મનું નિર્દેશન 'રાત અકેલી હૈ' નામની સફળ વેબ સીરિઝ નિર્દેશિત કરનારી હની ત્રેહાન કરશે. બેહમાઈ હત્યાંકાંડની સજા કાપી જેલમાંથી ફૂલનદેવી બહાર આવે છે ત્યાંથી ફિલ્મ શરૂ થશે અને તે પછી લગ્ન, તેણે જીતેલી ત્રણ ચૂંટણીઓ અને ૨૦૦૧માં તેની હત્યા થઈ ત્યાં સુધીની કહાની રજૂ કરવામાં આવશે. મૂળ ફિલ્મમાં સીમા બિશ્વાસે ફૂલનદેવીની ભૂમિકા ભજવી હતી. નિર્માતા બોબી બેદીએ ૨૦૧૯માં 'ફૂલનદેવી' નામની વેબસિરિઝ તિગ્માંશુ ધૂલિયાના નિર્દેશનમાં બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં ફૂલનદેવીની ભૂમિકા ભજવવા માટે તનિષ્ઠા ચેટર્જીની પસંદગી કરાઇ હતી. ફૂલનદેવીની જિંદગીના ઉત્તરાર્ધને રૂપેરી પડદે રજૂ કરવાનો આ બીજો પ્રયાસ છે.



એકતા કપૂરની હોરર કોમેડીનું ટાઇટલ હીરો કી હોરરઇન જાહેર કરાયું

એકતા કપૂરની બાલાજી ટેલિફિલ્મ્સે હોરર-કોમેડી ફિલ્મ 'હીરો કી હોરરઇન'નું મોશન પોસ્ટર લોન્ચ કર્યું છે. મુંબઈમાં થયેલી આ જાહેરાત મુજબ, સાજીદ ખાન ફિલ્મના દિગ્દર્શનની કમાન સંભાળશે. "ફાઇડે થર્ટીન્થ"ના અવસરે પોસ્ટર રજૂ કરાયું હતું. ૨૦૨૭માં આ ફિલ્મ થિયેટર્સમાં રિલીઝ કરવાની યોજના છે, જોકે કલાકારો વિશેની માહિતી હજુ ગુપ્ત રખાઈ છે.



(એજન્સી) મુંબઈ | તા.14

એકતા કપૂરની બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા નિર્મિત હોરર કોમેડી ફિલ્મ 'હીરો કી હોરરઇન' ફિલ્મનું મોશન પિક્ચર પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મનું નિર્દેશન સાજીદ ખાનને સોંપવામાં આવ્યું છે. ફાઇડે થર્ટીન્થ નિમિત્તે ફિલ્મનું પોસ્ટર જારી કરી હોરર કોમેડી ફિલ્મનો લાક્ષણિક પ્રચાર કરવામાં આવ્યો હતો. ફાઇડે થર્ટીન્થ એ હોલીવૂડની વિખ્યાત હોરર ફિલ્મ છે. ફિલ્મના કળાકારો તથા તેની રીલિઝ ડેટ વગેરે અન્ય વિગતો જાહેર કરવામાં આવી નથી પણ ફિલ્મને ૨૦૨૭માં થિયેટર્સમાં રજૂ કરવાની નિર્માતાઓની નેમ છે. 'સ્ત્રી' ફિલ્મની સફળતા બાદ હોરર કોમેડી ફિલ્મો બનાવવાનો પવન ફૂંકાયો છે તેને એન્કેશ કરવા એક્તા આર. કપૂરે પણ હોરર કોમેડી ફિલ્મ બનાવવા માટે ઝુકાવ્યું છે.

વેકેશન એન્જોય કરતો જોવા મળ્યો વરુણ ધવન!

બોલીવુડ એક્ટર વરુણ ધવને તાજેતરમાં જ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વેકેશનની કેટલીક તસવીરો શેર કરી છે. તેમાંથી એક તસવીરમાં તે પોતાની દીકરી લારાનો હાથ પકડેલા જોવા મળી રહ્યો છે.

(એજન્સી) મુંબઈ | તા.14

બોલીવુડ એક્ટર વરુણ ધવન આ દિવસોમાં મુંબઈની દોડધામ અને શોરબકોરથી દૂર પરિવાર સાથે રજાઓની મજા માણી રહ્યા છે. તેમણે તાજેતરમાં જ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વેકેશનની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં એક તસવીરમાં તેઓ પોતાની દીકરી લારાનો હાથ પકડેલા જોવા મળી રહ્યા છે. પિતા-પુત્રીની આ સુંદર તસવીરમાં બંનેનું બોન્ડિંગ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વરુણ અને લારાની આ ઝલકને ફેન્સ પણ ખૂબ પસંદ કરી રહ્યા છે.વરુણ ધવને સોશિયલ મીડિયા પર વેકેશનની ઘણી તસવીરો શેર કરી છે, જેમાં તેઓ એક વાઈલ્ડલાઈફ ડેસ્ટિનેશન પર સમય વિતાવતા, સ્વિમિંગ પૂલ પાસે આરામ કરતા અને બીચ પર મસ્તી કરતા જોવા મળી રહ્યા છે. એક તસવીરમાં તેઓ દરિયાકિનારે શર્ટલેસ પોઝ આપતા પણ દેખાયા હતા. આ ઉપરાંત તેણે પોતાના ફિટનેસ રૂટિનની ઝલક પણ બતાવી, જેમાં યોગ અને વર્કઆઉટ સેશન સામેલ છે. જોકે, આ તમામ તસવીરો વચ્ચે એક ફોટાએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. તેમાં વરુણ પોતાની દીકરી લારાનો હાથ પકડીને સીડીઓ ઉતરતો જોવા મળી રહ્યો છે. તસવીરમાં લારાનો ચહેરો દેખાઈ રહ્યો નથી. તેણે યલો કલરનો ડ્રેસ, પિંક હેરબેન્ડ અને સનગ્લાસીસ પહેર્યા છે. વરુણે આ તસવીરો શેર કરતા કેપ્શનમાં લખ્યું, વાઈલ્ડ એન્ડ ફ્રી. વરુણ ધવને 24 જાન્યુઆરી 2021 ના રોજ પોતાની બાળપણની મિત્ર અને ફેશન ડિઝાઈનર નતાશા દલાલ સાથે લગ્ન કર્યા હતા. બંનેએ અલીબાગમાં પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં સાત ફેરા લીધા હતા. લગ્નના લગભગ ત્રણ વર્ષ બાદ, 3 જૂન 2024 ના રોજ તેમના ઘરે દીકરીનો જન્મ થયો, જેનું નામ તેમણે લારા રાખ્યું. વરુણ અને નતાશા પોતાની દીકરીને લાઈમલાઈટથી દૂર રાખવાનું પસંદ કરે છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો વરુણ ધવન છેલ્લે ફિલ્મ હૈ જવાની તો ઈશ્ક હોના હૈમાં જોવા મળ્યા હતા. તેમાં તેની સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે પણ મહત્વની ભૂમિકામાં હતા. ત્રણેયની જોડીને દર્શકોએ પસંદ કરી, પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં. આ ફિલ્મને તમે ઓટીટી પ્લેટફોર્મ ZEE5 પર જોઈ શકો છો. હાલમાં વરુણે પોતાના કોઈ નવા પ્રોજેક્ટની જાહેરાત કરી નથી.





શિમલા પોલીસે કંગના રનૌત વિરુદ્ધ કેસ નોંધ્યો

(એજન્સી) મુંબઈ | તા.14

હિમાચલ પ્રદેશ પોલીસે ગાંધી પરિવારને નિશાન બનાવતી કથિત ભડકાઉ સોશિયલ મીડિયા પોસ્ટ કરવા બદલ ભારતીય જનતા પાર્ટી ના મંડીના સાંસદ કંગના રનૌત વિરુદ્ધ પ્રથમ માહિતી અહેવાલ નોંધ્યો છે. શિમલાના પોલીસ અધિક્ષક ગૌરવ સિંહ દ્વારા આપવામાં આવેલી પુષ્ટિ મુજબ, શિમલાના બોઈલૌગંજ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, 2023 ની કલમ 196, 353 અને 356 હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કલમો જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા, ખોટી માહિતી દ્વારા જાહેર અશાંતિ ફેલાવવા અને બદનક્ષી જેવી જોગવાઈઓને આવરી લે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, નિવૃત્ત આર્મી ઓફિસર કેપ્ટન અતુલ શર્મા દ્વારા કરવામાં આવેલી ઔપચારિક ફરિયાદ બાદ આ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેપ્ટન શર્માએ શરૂઆતમાં પોલીસ મહાનિર્દેશક અશોક તિવારીને ઈમેલ દ્વારા પોતાની ફરિયાદ મોકલી હતી અને ત્યારબાદ બોઈલૌગંજ પોલીસ સ્ટેશન ખાતે પોતાનું સત્તાવાર નિવેદન નોંધાવ્યું હતું. આ ફરિયાદના આધારે પોલીસ અધિકારીઓએ ઔપચારિક તપાસ શરૂ કરી છે અને વિવાદિત સોશિયલ મીડિયા સામગ્રી સાથે સંકળાયેલા ડિજિટલ પુરાવાઓ એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે. ફરિયાદમાં ઉલ્લેખ કરાયેલી વિગતો મુજબ, આ સમગ્ર વિવાદ 10 નવેમ્બરના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કંગના રનૌતના વેરિફાઇડ એકાઉન્ટ પરથી કરવામાં આવેલી એક પોસ્ટ પર કેન્દ્રિત છે. ફરિયાદીના આક્ષેપ અનુસાર, આ પોસ્ટમાં ભૂતપૂર્વ વડા પ્રધાનો ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી તેમજ સંજય ગાંધીના દુઃખદ મૃત્યુની ઘટનાઓને કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના રાજકીય ઉદય સાથે જોડવામાં આવી હતી. કેપ્ટન અતુલ શર્માએ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે આ પોસ્ટમાં સોનિયા ગાંધીને 'રહસ્યમય વિદેશી નાગરિક' તરીકે દર્શાવવામાં આવ્યા હતા, જેઓ પરિવારના સભ્યોના એક પછી એક મૃત્યુ થયા તે પહેલાં પરિવારમાં પ્રવેશ્યા હતા, અને પોસ્ટના અંતે 'કેટલું અનુકૂળ' તેવી ટિપ્પણી લખવામાં આવી હતી. આ ઉપરાંત, સંદેશમાં સંજય ગાંધીના અવસાન બાદ મેનકા ગાંધીને પરિવારના નિવાસસ્થાનમાંથી કથિત રીતે બહાર કાઢવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. શર્માએ દલીલ કરી હતી કે આ પ્રકારના નિવેદનો કાયદેસરની રાજકીય ટીકાની મર્યાદા ઓળંગે છે અને સમાજમાં દુશ્મનાવટ ઉશ્કેરીને સામાજિક સુમેળને નુકસાન પહોંચાડે છે.

કિયારા અડવાણીએ ગર્ભાવસ્થા સમયની આપવીતી જણાવી

(એજન્સી) મુંબઈ | તા.14

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણીએ તાજેતરમાં જ પોતાની પ્રેગ્નન્સીના સફર અને શરૂઆતના પડકારો વિશે ખુલીને વાત કરી છે. તેણે જણાવ્યું કે આ નાજુક સમયમાં તેને જીવનની અન્ય મહિલાઓ પાસેથી કઈ રીતે સાથ અને સમજ મળી હતી. ફિલ્મ નિર્માતા કરણ જોહરના લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ'માં વાત કરતા કિયારા અડવાણીએ જણાવ્યું હતું કે, 'પ્રેગ્નન્સીના શરૂઆતના ત્રણ મહિના ખૂબ જ પડકારજનક હતા. આ દરમિયાન મને ઉલ્ટી જેવું થતું અને અનેક પ્રકારના હૉર્મોનલ બદલાવોનો સામનો કરવો પડ્યો હતો.' શરૂઆતમાં કિયારા અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ આ ખુશખબર કોઈને ન જણાવવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ટૂંક સમયમાં જ કિયારાને અનુભવ થયો કે આ મુશ્કેલ સમયમાં તેને મહિલાઓના સહારેની જરૂર છે. આ અનાગે વાત કરતા અભિનેત્રીએ કહ્યું કે, 'શરૂઆતમાં અમે કોઈને ન કહેવાનું વિચાર્યું હતું, પણ પછી મેં કહ્યું કે ના સિડ, મારે મારી મમ્મી સાથે વાત કરવી છે, મારે મારી સાસુની જરૂર છે. મારે એવી મહિલાઓની જરૂર છે જે મને સમજી શકે.' અભિનેત્રીએ એ પણ યાદ કર્યું કે જ્યારે તે સહેલીઓ સાથે બેસીને રડતી ત્યારે સહેલીઓ મને કોઈ સવાલ કર્યા વગર સાથ આપતી હતી, જેનાથી જીવન ખૂબ સુંદર બની જાય છે.' ઉલ્લેખનીય છે કે, કિયારા અડવાણીએ ગત 7 ઓક્ટોબરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત પણ કરી દીધી છે. તેણે પોતાની પુત્રી સારાયાના નાના હાથની એક તસવીર શેર કરી હતી, જેમાં તેણે બાળકોના મોજાં પકડ્યા હતા. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, 'અમને ફરી એકવાર સૌથી મોટી ભેટ મળી છે.





તમિલનાડુમાં રણબીરની રામાયણનો જાદુ

(એજન્સી) મુંબઈ | તા.14

રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી જેવા સિતારાઓથી સજેલી ફિલ્મ રામાયણ રિલીઝ થયા બાદથી જ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. ફિલ્મને માત્ર હિન્દી ભાષામાં જ નહીં, પરંતુ સાઉથમાં પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ખાસ વાત એ છે કે તમિલનાડુમાં પણ ફિલ્મ પોતાની મજબૂત પકડ બનાવી રહી છે. અહીં તેનો મુકાબલો સૂર્યાની ફિલ્મ સીન સાથે છે અને બંને ફિલ્મો વચ્ચે બોક્સ ઓફિસ પર રસપ્રદ ટક્કર જોવા મળી રહી છે. રણબીર કપૂરની રામાયણ તમિલનાડુમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે. અહીં તેનો મુકાબલો સૂર્યાની ફિલ્મ સીન સાથે થઈ રહ્યો છે. શરૂઆતના દિવસોમાં સીન એ તમિલનાડુમાં શાનદાર કમાણી કરી, પરંતુ હવે રામાયણ પણ આ માર્કેટમાં પોતાની મજબૂત પકડ બનાવવામાં સફળ રહી છે. સૈકનિલ્કના અર્લી ટ્રેન્ડ રિપોર્ટ મુજબ, સૂર્યાની ફિલ્મ સીન એ રિલીઝના આઠમા દિવસે એટલે કે શુક્રવારે તમિલનાડુમાં 4.40 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું, જ્યારે 'રામાયણ' એ આ જ દિવસે 2.75 કરોડ રૂપિયાની કમાણી કરી. તમિલનાડુમાં રામાયણનું કુલ ગ્રોસ કલેક્શન 24.90 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. સીન તમિલ અને તેલુગુ ભાષામાં રિલીઝ થઈ છે, જ્યારે રામાયણ એક પેન ઇન્ડિયા ફિલ્મ છે. એવામાં તમિલનાડુમાં એક હિન્દી ફિલ્મનું આટલું સારું પ્રદર્શન કરવું ખાસ છે. હવે જોવાનું રહેશે કે આગામી દિવસોમાં બંને ફિલ્મો વચ્ચેનો આ મુકાબલો કઈ તરફ જાય છે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી રામાયણમાં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યા છે, જ્યારે સાઈ પલ્લવી માતા સીતા અને યશ રાવણના પાત્રમાં જોવા મળી રહ્યા છે. ફિલ્મે રિલીઝના નવમા દિવસે એટલે કે બીજા શુક્રવારે 47.85 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે જ ભારતમાં ફિલ્મની નવ દિવસની કુલ નેટ કમાણી 612.45 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

નાના પાટેકરને યાદ કરીને ભાવુક થયા મહેશ માંજરેકર

મુંબઈ | એક્ટર અને ફિલ્મમેકર મહેશ માંજરેકર હજુ પણ પોતાના ખાસ મિત્ર અને સાથી નાના પાટેકરને ગુમાવવાના દુ:ખમાંથી ઉભરી શક્યા નથી. જ્યારે નાના પાટેકરે અંતિમ શ્વાસ લીધા, તે સમયે મહેશ કામ અર્થે તેમનાથી દૂર હતા. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેમણે નાના સાથેના પોતાના સંબંધો, છેલ્લી વાર તેમને ન મળી શકવાના અફસોસ અને એક્ટરના નિધન સાથે જોડાયેલા સંજોગો પર ખુલીને વાત કરી. આ ઉપરાંત મહેશ માંજરેકરે તનુશ્રી દત્તા વિવાદને પણ યાદ કર્યો.નાના પાટેકરના નિધન પર વાત કરતા મહેશ માંજરેકરે જણાવ્યું કે તેઓ હજુ પણ એ વાત સ્વીકારી નથી શકતા કે પોતાના મિત્ર સાથે છેલ્લી મુલાકાત કરી શક્યા નહીં. જે સમયે નાનાએ અંતિમ શ્વાસ લીધા, ત્યારે મહેશ ભારતમાં ન હતા. બંનેના સંબંધોને યાદ કરતા તેમણે જણાવ્યું કે તેઓ અવારનવાર એકબીજાને મજાકમાં ગાળો આપતા હતા. મહેશે કહ્યું કે જો આજે પણ નાના તેમની સાથે હોત, તો તેઓ તેમની સાથે એ જ રીતે વાત કરતા.

જુહી ચાવલા મુંબઈમાં સતત કેરોસીન કે ડીઝલ બળવાની વાસથી પરેશાન

(એજન્સી) મુંબઈ | તા.14

મુંબઈમાં જુહી ચાવલાને હવામાં કેરોસીન જેવી વાસ આવતા તેમણે ટ્વીટ કરી હતી. ઘણા લોકોએ આને 'વિકાસના વધાર' અને 'અમૃતકાળની સુગંધ' ગણાવી હતી. કેટલાક ચાહકોએ જુહીને પર્યાવરણવાદી દિયા મિર્ઝાથી દૂર રહેવાની પણ સલાહ આપી. ભૂમિ પેડણેકર સહિત અન્ય કલાકારોએ પણ મુંબઈના પ્રદૂષણ અંગે ચિંતા વ્યક્ત કરી છે. જુહી ચાવલાએ એક ટ્વિટ કરી તેને મુંબઈની હવામાં કેરોસીન કે ડિઝલ બળતું હોય એવી વિચિત્ર વાસ સતત આવી રહ્યાની ફરિયાદ કરતાં સવાલ કર્યો હતો કે આ શેની વાસ છે તે મને કોઈ સમજાવશે? બીજા કોઈને પણ આવી વાસ આવતી હોય તો મને જણાવશો.જુહીના આ ટ્વિટ પર સેંકડો લોકોએ જાતભાતના જવાબો આપ્યા હતા. કોઈએ લખ્યું હતું કે આ તો વિકાસનો વઘાર થયો છે. કોઈએ કહ્યું હતું કે આ તો અમૃતકાળની સુગંધ છે, તમારે તનો આનંદ માણવો જોઈએ. એક ચાહકે તો જુહીને દિયા મિર્ઝાની સંગત નહીં કરવાની સલાહ પણ આપી દીધી હતી. ઉલ્લેખનીય છે કે દિયા પર્યાવરણને લગતા પ્રશ્નો ઉઠાવતી રહે છે. તાજેતરમાં બીએમસીએ ખુદ દિયાને આમંત્રણ આપીને તેનો ગ્રીન ફટાકડાની તરફેણ કરતો વીડિયો પોતાના હેન્ડલ પર પોસ્ટ કર્યો હતો પરંતુ રાજકીય વિવાદ બાદ તે ડિલીટ કર્યો હતો. છેલ્લા કેટલાય સમયથી ચાહકો ફરિયાદ કરી રહ્યા છે કે બોલિવુડ સેલિબ્રિટીઓ ૧૦-૧૨ વર્ષ પહેલાં પેટ્રોલ ભાવવધારા સહિતના મુદ્દે સ્પષ્ટ મંતવ્યો આપતા હતા પરંતુ હવે તેઓ મોટાભાગે મૂક રહે છે.આ સંદર્ભમાં ચાહકોએ જુહીની પોસ્ટ અંગે અનેક કોમેન્ટ કરી હતી.આ અગાઉ સોની રાઝદાન, રીચા ચઢ્ઢા, ભૂમિ પેડણેકર અને દિયા મિર્ઝાએ પણ મુંબઈના પ્રદૂષણ બાબતે સોશિયલ મિડિયા પર તેમની ચિંતાઓ વ્યક્ત કરી હતી.



છઠ પૂજા પર ભાવુક થયો સિદ્ધાર્થ મલ્હોત્રા

(એજન્સી) મુંબઈ | તા.14

બોલીવુડ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાએ છઠ પૂજાના પવિત્ર અવસર પર તેમની ફિલ્મ 'ધ વન' સાથે જોડાયેલી યાદો સોશિયલ મીડિયા પર શેર કરી છે. એક ભાવનાત્મક નોંધ લખતા તેમણે જણાવ્યું કે કેટલીક વાર્તાઓ કેમેરા બંધ થયા પછી પણ લાંબા સમય સુધી હૃદયમાં વસી રહે છે. આપણી સંસ્કૃતિ અને લોકવાયકા પર આધારિત આ ફિલ્મમાં કામ કરવાથી તેમને એ અનુભવ થયો કે શ્રદ્ધા કેવી રીતે પેઢીઓને એકબીજા સાથે જોડે છે. સિદ્ધાર્થે એ વાતની પણ ખુશી વ્યક્ત કરી કે હિન્દી સિનેમાના ઈતિહાસમાં પહેલીવાર છઠ પૂજાની પરંપરાઓને આટલા મોટા પાયે દર્શાવવામાં આવી છે. સિદ્ધાર્થે પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે 'ધ વન' એવી ફિલ્મ છે જેની યાદો હંમેશા હૃદયની નજીક રહેશે. આપણી લોકકથાઓ અને સંસ્કૃતિમાં ઊંડે સુધી જડાયેલી આ ફિલ્મ દ્વારા તેમને શ્રદ્ધા અને સાંસ્કૃતિક પરંપરાઓનું મહત્વ નજીકથી સમજવાની તક મળી. અભિનેતાએ દેશભરના દર્શકોને છઠ પૂજાના પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે લોકોએ આ ફિલ્મમાં દર્શાવેલી પરંપરાઓને ખૂબ જ સુંદર રીતે સ્વીકારી છે અને તેની સાથે પોતાનું જોડાણ અનુભવ્યું છે. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહેલી અભિનેત્રી તમન્ના ભાટિયાએ અગાઉ 'છઠી મૈયા' ગીતની તૈયારીઓ અને શૂટિંગના અનુભવો વિશે વાત કરી હતી.

શાહરુખ ખાનને માર્યો લાફો, સલમાનને લગ્નની ના પાડી!

મુંબઈ | બોલીવુડની ક્વીન કહેવાતી લીડિંગ એક્ટ્રેસ જેમણે 80 અને 90 ના દાયકામાં સિનેમા પર રાજ કર્યું. તેમની માસૂમિયત, સુંદરતા અને સ્મિત દરેકનું દિલ જીતી લેતું હતું. તેમની અદાઓના દીવાના અભિનેતા સલમાન ખાન પણ બની ગયા હતા અને તેઓ તો એક્ટ્રેસ સાથે લગ્ન કરવાનું મન પણ બનાવી ચૂક્યા હતા. કહેવાય છે કે સલમાન ખાન લગ્નનો પ્રસ્તાવ લઈને હિરોઈનના ઘરે પણ ગયા હતા. 90 ના દાયકામાં આ અભિનેત્રીની દીવાનગી ચરમસીમા પર હતી. જ્યાં દરેક વ્યક્તિ તેમના દીવાના હતા, ત્યારે તેઓ ચૂપચાપ એક બિઝનેસમેનને ડેટ કરી રહ્યા હતા, જેમની સાથે તેમનો સંબંધ એક પ્લેન કેશ બાદ શરૂ થયો હતો.આપણે જે અભિનેત્રીની વાત કરી રહ્યા છીએ, તે બીજું કોઈ નહીં પરંતુ બોલીવુડની ટોપ એક્ટ્રેસ જૂહી ચાવલા છે. 13 નવેમ્બર 1967 ના રોજ અંબાલામાં જન્મેલી જૂહી ફિલ્મોમાં આવતા પહેલા મોડલિંગની દુનિયાનું જાણીતું નામ હતી. તેમણે 1984માં મિસ ઈન્ડિયાનો તાજ પણ પોતાના શિરે સજાવ્યો હતો. આ ઉપરાંત તેમણે મિસ યુનિવર્સ કોન્ટેસ્ટમાં બેસ્ટ કોસ્ચ્યુમ એવોર્ડ પણ પોતાના નામે કર્યો હતો.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

રોકડ પુરસ્કાર આપી વધાર્યો ઉત્સાહ અને આપી પ્રેરણા

વિશ્વ ચેમ્પિયનશિપ ચંદ્રક વિજેતાઓ થયા ગૌરવાન્વિત



(એજન્સી) નવી દિલ્હી । તા. 14

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય તિરંગાની શાન વધારનારા દેશના તેજસ્વી પહેલવાનોને પ્રોત્સાહિત કરવા માટે શુક્રવારે રાજધાનીના કેડી જાધવ કુસ્તી સ્ટેડિયમ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે હરિયાણા થંડર્સ કુસ્તીબાજો સન્માન સમારોહ યોજીને વિશ્વ સ્તરની સ્પર્ધાઓમાં દેશને ગૌરવ અપાવનાર મહિલા રમતવીરોનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ખેલાડીઓની અથાગ મહેનત અને શ્રેષ્ઠ પ્રદર્શનની કદર રૂપે તેમને પ્રશસ્તિપત્રોની સાથે રોકડ પુરસ્કાર આપી વધાર્યો ઉત્સાહ હતો, જેથી તેઓ ભવિષ્યમાં પણ મોટા લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરિત થઈ શકે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર, આ સન્માન સમારોહમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર સુવર્ણ ચંદ્રક વિજેતા અને વિશ્વ ચેમ્પિયન બનેલી મનીષા ભાનવાલા રહી હતી. મનીષાએ આંતરરાષ્ટ્રીય અખાડામાં પોતાની અદભુત રમતનું પ્રદર્શન કરીને દેશને સુવર્ણ સફળતા અપાવી હતી, જેના માટે તેનું સર્વોચ્ચ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વૈશ્વિક સ્પર્ધામાં શાનદાર લડત આપીને રજત ચંદ્રક જીતનાર કાજલ ધોચક અને નીલમ સિરોહીને પણ વિશેષ રૂપે નવાજવામાં આવ્યા હતા. જ્યારે કાંસ્ય ચંદ્રક જીતીને દેશનું માન વધારનાર તનુ શર્માની સિદ્ધિને પણ આ મંચ પરથી બિરદાવવામાં આવી હતી. આ તમામ વિશ્વ ચેમ્પિયનશિપ ચંદ્રક વિજેતાઓની ઉપસ્થિતિથી સમગ્ર સ્ટેડિયમનું વાતાવરણ ગૌરવ અને ઉત્સાહથી ભરાઈ ગયું હતું.

આ પહેલ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મેદાન પરની જીતની ઉજવણી કરવાનો નથી, પરંતુ કુસ્તીની પ્રતિભાઓને ઓળખવા, તેમને પ્રોત્સાહિત કરવા અને દરેક તબક્કે ટેકો આપવાની પ્રતિબદ્ધતા દર્શાવવાનો છે. આ સંસ્થાનો સતત પ્રયાસ રહ્યો છે કે ખેલાડીઓને માત્ર સ્પર્ધાના અખાડા પૂરતા મર્યાદિત ન રાખતા, અખાડાની બહાર પણ તેમની સિદ્ધિઓની કદર કરીને તેમને મોટા સપના જોવા માટે પ્રેરિત કરવામાં આવે. ઉભરતા પહેલવાનોને એક મજબૂત મંચ પૂરું પાડવા, તેમની કઠોર મહેનતને સમાજ સમક્ષ લાવવા અને દેશમાં કુસ્તીની રમતના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા માટે આ પ્રકારના આયોજનો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીત, મુંબઈએ હૈદરાબાદને હરાવ્યું

સૂર્યકુમાર યાદવ તોફાની ફિફ્ટીથી મુંબઈની જીત

(એજન્સી) નવી દિલ્હી । તા. 14



કોલકાતા સ્થાનિક ક્રિકેટ જગતમાં શનિવારે રમાયેલી એક રોમાંચક અને અત્યંત આક્રમક મુકાબલામાં મુંબઈની ટીમે શાનદાર પ્રદર્શન કરતા હૈદરાબાદ સામે સાત વિકેટે શનદાર વિજય મેળવ્યો છે. કોલકાતાના જાદવપુર યુનિવર્સિટી કેમ્પસ સેકન્ડ ગ્રાઉન્ડ પર રમાયેલી આ મહત્વપૂર્ણ મેચમાં મુંબઈના કેપ્ટન અને સ્ટાર બેટરે માત્ર એકવીસ બોલમાં અણનમ સાઈઠ રનની તોફાની ઈનિંગ રમીને ટીમને આસાન વિજય અપાવ્યો હતો અને ટૂર્નામેન્ટમાં મહત્વપૂર્ણ ચાર પોઈન્ટ પોતાના નામે કર્યા હતા.

મેચની શરૂઆતમાં મુંબઈના કેપ્ટને ટોસ જીતીને પહેલાં વિરોધી ટીમને બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. મુંબઈના બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરતા નિયમિત અંતરે વિકેટો ઝડપી હતી અને હૈદરાબાદના બેટર્સને મોટી ભાગીદારી નોંધાવવાની કોઈ તક આપી નહોતી. હૈદરાબાદની પૂરી ટીમ વીસ ઓવરમાં એક સો બોંતેર રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. હૈદરાબાદ તરફથી અભિરથ રેડ્ડીએ સૌથી વધુ પાંત્રીસ રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ ટીમનો કોઈ પણ ખેલાડી અડધી સદી ફટકારી શક્યો નહોતો. મુંબઈની ઘાતક બોલિંગ આગળ હૈદરાબાદના બેટર્સ લાચાર નજરે પડ્યા હતા.

મુંબઈ તરફથી ઘાતક બોલિંગ કરતા મેક્સવેલ સ્વામીનાથને તેવીસ રન આપીને મહત્વની ત્રણ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત શાર્દુલ ઠાકુર અને અથર્વ અંકોલેકરે એક-એક ખેલાડીને પવેલિયન ભેગા કર્યા હતા, જ્યારે શિવમ દુબે અને સાઈરાજ પાટીલે બબ્બે વિકેટ ઝડપીને હૈદરાબાદની કમર તોડી નાખી હતી. એક સો ત્યોતેર રનના વિજયી લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી મુંબઈની ટીમને ઓપનરોએ સારી શરૂઆત અપાવી હતી. અંગક્રિશ રઘુવંશી અને હાર્દિક તમોરેએ પ્રથમ વિકેટ માટે એકતાલીસ રનની ભાગીદારી કરી હતી. રઘુવંશીએ સતત સારા શૉટ રમીને રન બનાવ્યા હતા.

ત્યારબાદ હાર્દિક તમોરેએ મુશીર ખાન સાથે મળીને બીજી વિકેટ માટે ઓગણપચાસ રન જોડ્યા હતા. મુશીર ખાને પણ અત્યંત આક્રમક બેટિંગ કરતા માત્ર ચોવીસ બોલમાં છ ચોગ્ગા અને ત્રણ ગગનચુંબી છગ્ગાની મદદથી એકાવન રનની શાનદાર ઈનિંગ રમી હતી. અંતમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે મેદાન પર આવીને ચારેય બાજુ ફટકાબાજી કરી હતી અને માત્ર એકવીસ બોલમાં જ છ ચોગ્ગા તથા પાંચ ધમાકેદાર છગ્ગા ફટકારીને અણનમ સાઈઠ રન બનાવ્યા હતા. તેમને શિવમ દુબેનો સારો સાથ મળ્યો હતો, જેઓ તેર રન બનાવીને અણનમ રહ્યા હતા. મુંબઈએ માત્ર તેર પોઈન્ટ એક ઓવરમાં જ લક્ષ્યાંક સર કરી લીધો હતો.

ભારતીય ક્રિકેટ ટીમમાં મોટો ફેરફાર કુલદીપ યાદવ બહાર ગુરનૂર બ્રારની એન્ટ્રી, ન્યુઝીલેન્ડ ટેસ્ટ શ્રેણી પહેલા મોટો બદલાવ

(એજન્સી) વેલિંગ્ટન । તા. 14



ન્યુઝીલેન્ડ સામે આગામી ઓગણીસ નવેમ્બરથી વેલિંગ્ટન ખાતે શરૂ થનારી બે મેચોની રોમાંચક ટેસ્ટ શ્રેણી પહેલા ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડની પસંદગી સમિતિએ ભારતીય ટીમમાં એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, સ્ટાર સ્પિનર કુલદીપ યાદવને ટેસ્ટ ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે તેમના સ્થાને યુવા ઝડપી બોલર ગુરનૂર બ્રારને ભારતીય ટેસ્ટ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યો છે.

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ દ્વારા ચૌદ નવેમ્બરના રોજ જારી કરાયેલી મીડિયા એડવાઈઝરીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, પસંદગી સમિતિએ ન્યુઝીલેન્ડ સામે ઓગણીસ નવેમ્બરથી રમાનાર બે મેચોની ટેસ્ટ શ્રેણી માટે ગુરનૂર બ્રારને ભારતીય ટીમમાં સ્થાન આપ્યું છે. બોર્ડે વધુમાં ઉમેર્યું કે, કુલદીપ યાદવને ભારતમાં હાલમાં ચાલી રહેલી ડોમેસ્ટિક ક્રિકેટ મેચોમાં ભાગ લેવા માટે ટેસ્ટ ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, જેથી તેઓ સતત મેચ પ્રેક્ટિસ જાળવી શકે અને આગામી પડકારો માટે સંપૂર્ણપણે તૈયાર રહી શકે.

આ મહત્વપૂર્ણ અપડેટની સાથે જ બોર્ડે જણાવ્યું કે, વિસ્ફોટક વિકેટ કીપર બેટ્સમેન રિષભ પંત વેલિંગ્ટન પહોંચીને ટેસ્ટ ટીમ સાથે સત્તાવાર રીતે જોડાઈ ગયા છે, જેનાથી ટીમની બેટિંગ લાઈન-અપ વધુ મજબૂત બનશે. બીજી બાજુ, નવા ઉમેરાયેલા ખેલાડી ગુરનૂર બ્રાર હવે સીધા ટેસ્ટ ટીમના સાથી ખેલાડીઓ સાથે જોડાશે, જેના કારણે તેઓ વર્તમાન શ્રેણીની પાંચમી વન-ડે મેચ માટે ઉપલબ્ધ રહેશે નહીં. જોકે, ટીમ મેનેજમેન્ટે સ્પષ્ટ કર્યું છે કે પાંચમી અને છેલ્લી વન-ડે માટે ગુરનૂરના વિકલ્પરૂપે અન્ય કોઈ વધારાના ખેલાડીની જાહેરાત કરવામાં આવશે નહીં.

આગામી ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમમાં અનુભવી અને યુવા ખેલાડીઓનું સંતુલન જાળવવામાં આવ્યું છે. ટીમની યાદી નીચે મુજબ છે:

શુભમન ગિલ (કપ્તાન), જશસ્વી જ્યસ્વાલ, કે.એલ. રાહુલ (ઉપ-કપ્તાન), દેવદત્ત પડિકલ, રિષભ પંત (વિકેટ કીપર), ધ્રુવ જુરેલ (વિકેટ કીપર), રવીન્દ્ર જાડેજા, અંશુલ કમ્બોજ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, સાઈ સુદર્શન, નિતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, મોહમ્મદ સિરાજ, ગુરનૂર બ્રાર

અંડર-19 મહિલા ક્રિકેટર આત્મહત્યા કરતાં સમગ્ર ખેલ જગતમાં આક્રોશ

તેલંગાણા વિકારાબાદ ક્રિકેટર નંદિની મોત મામલે ઘેરા પ્રત્યાઘાત



(એજન્સી) વિકારાબાદ । તા. 14

તેલંગાણાના વિકારાબાદ જિલ્લામાંથી રમતગમત જગતને હચમચાવી નાખનારી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે, જ્યાં ભારતીય ક્રિકેટ નિયામક મંડળની અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટીમમાં તાજેતરમાં પસંદગી પામેલી યુવા ખેલાડી નંદિનીએ શુક્રવારે સવારે ગળેફાંસો ખાઈને પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. મધુ વિસ્તારમાં પોતાના નાનીના ઘરે રહીને અભ્યાસ અને ક્રિકેટની તાલીમ મેળવી રહેલી આ તેજસ્વી ખેલાડીએ અનિલ અને કૃષ્ણા નામના બે યુવકોની સતત હેરાનગતિ અને માનસિક ત્રાસથી કંટાળીને આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનો પરિવારજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે. આ બનાવને પગલે સ્થાનિક પોલીસ તંત્રએ મૃતકનો મોબાઈલ ફોન કબજે કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે અને આરોપીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ વિકારાબાદ જિલ્લાના યલાલ મંડળ હેઠળ આવતા સંગયાપલ્લી ગામની વતની નંદિની બાળપણથી જ ક્રિકેટ પ્રત્યે અપાર લગાવ ધરાવતી હતી. પોતાની સખત મહેનત અને અસાધારણ રમત કૌશલ્યના જોરે તેણે તાજેતરમાં જ રાષ્ટ્રીય સ્તરે અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવીને સમગ્ર પંથક અને પરિવારનું ગૌરવ વધાર્યું હતું. ઉજ્જવળ ભવિષ્યના સપના સેવી રહેલી નંદિની વિકારાબાદની મધુ વસાહતમાં પોતાની નાનીના નિવાસસ્થાને રહીને આગળનો અભ્યાસ કરવાની સાથે નિયમિતપણે ક્રિકેટનો મહાવરો પણ કરતી હતી. જોકે, જે દીકરી પર સમગ્ર ગામને નાજ હતો, તેણે અચાનક આવું અંતિમ પગલું ભરી લેતા પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું છે.

મેચમાં ગોલની વર્ષા થકી ભવ્ય વિજય થયો

ભારતની AFC U17 એશિયન કપ ક્વોલિફાયર્સમાં શાનદાર વિજય



(એજન્સી) લીડ પેરેગ્રાફ । તા. 14

કુઆલા લંપુર. મલેશિયાની રમણીય અને ફૂટબોલ પ્રેમી રાજધાનીમાં રમાઈ રહેલી અત્યંત રોમાંચક અને પ્રતિષ્ઠિત ફૂટબોલ સ્પર્ધામાં ભારતીય અંડર-૧૭ પુરૂષ ફૂટબોલ ટીમે પોતાના શ્રેષ્ઠ અને ધારદાર ખેલનું પ્રદર્શન કરતા પ્રતિસ્પર્ધી ગુઆમની ટીમ સામે બાર શૂન્યથી એકતરફી, શાનદાર અને ઐતિહાસિક વિજય મેળવ્યો છે, જેમાં શનિવારે રમાયેલી આ મહત્વપૂર્ણ મેચ દરમિયાન ભારતીય ખેલાડીઓએ મેદાન પર શરૂઆતથી લઈને અંત સુધી પોતાનું સંપૂર્ણ આધિપત્ય જમાવી રાખીને નવો ઈતિહાસ રચ્યો છે. આ ભવ્ય અને વિશાળ વિજય સાથે ભારતીય યુવા ટીમ ગ્રુપ ઈ માં બે મેચમાં બે ભવ્ય વિજય મેળવીને કુલ છ ગુણ સાથે પોઈન્ટ ટેબલની સર્વોચ્ચ ટોચ પર મજબૂતાઈથી બિરાજમાન થઈ ગઈ છે. અગાઉ સિંગાપુર સામેની પ્રારંભિક મેચમાં પણ શાનદાર વિજય મેળવનાર ભારતીય યુવા ટીમનો હોંસલો અને આત્મવિશ્વાસ આ મુકાબલામાં સાતમા આસમાને જોવા મળ્યો હતો. ગુઆમની ટીમ સામે આ મેચ સંપૂર્ણપણે એકતરફી સાબિત થઈ હતી.

દિલ્હી કેપિટલ્સ મહિલા ટીમ પસંદગી બાદ ખુશીનો માહોલ

દિગ્ગજ ખેલાડીઓ પાસેથી શીખવાની તક મળતા રોમાંચ

નઝમા ખાન મહિલા પ્રીમિયર લીગ થકી કારકિર્દીનો નવો અધ્યાય શરૂ કરવા ઉત્સુક

(એજન્સી) નવી દિલ્હી । તા. 14



ભારતીય મહિલા ક્રિકેટ જગતમાં પોતાની મહેનત અને સતત શાનદાર પ્રદર્શનના જોરે આગવી ઓળખ ઊભી કરનારી ત્રીસ વર્ષીય ઓલરાઉન્ડર નઝમા ખાન મહિલા પ્રીમિયર લીગની આગામી આવૃત્તિમાં દિલ્હી કેપિટલ્સ વતી રમવા માટે સંપૂર્ણપણે સજ્જ બની છે. તાજેતરમાં કોચી ખાતે યોજાયેલી બે હજાર સત્તાવીસની હરાજીના ઝડપી રાઉન્ડમાં દિલ્હીની ફ્રેન્ચાઈઝીએ નઝમાને દસ લાખ રૂપિયાની કિંમતે પોતાની ટીમમાં સામેલ કરીને તેની પ્રતિભા પર ભરોસો મૂક્યો છે. પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં પસંદગી પામ્યા બાદ નઝમાએ જણાવ્યું હતું કે જેમિમા રોડ્રિગ્સ, શેફાલી વર્મા, લૌરા વોલ્વાર્ડ અને મેરિઝાન કેપ જેવી વિશ્વસ્તરીય ખેલાડીઓ સાથે ડ્રેસિંગ રૂમ વહેંચવો અને એક જ મંચ પર રમવું એ તેના માટે જીવનનો સૌથી મોટો શીખવાનો અનુભવ બની રહેશે.

મીડિયા અહેવાલ સાથેની ખાસ વાતચીત દરમિયાન નઝમા ખાને પોતાના મનની લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું હતું કે દિલ્હીની ટીમમાં અત્યારે અનેક મોટા અને અનુભવી નામો સામેલ છે. જેમિમા, શેફાલી, લૌરા, મેરિઝાન અને શ્રી ચારણી જેવી દિગ્ગજ ખેલાડીઓની હાજરીમાં રમવું એ પોતે જ એક મોટી સિદ્ધિ સમાન છે. તેણે વધુમાં ઉમેર્યું હતું કે જ્યારે તમે આટલા મોટા મંચ પર આવા શ્રેષ્ઠ ખેલાડીઓની વચ્ચે હોવ છો, ત્યારે દરેક ખેલાડી પાસેથી કંઈક ને કંઈક નવું શીખવા મળે છે કારણ કે દરેકમાં કોઈને કોઈ ખાસ ગુણ રહેલો હોય છે. દિલ્હી કેપિટલ્સ મહિલા ટીમ પસંદગી બાદ નઝમાનો મુખ્ય ઉદ્દેશ્ય આ અનુભવી ખેલાડીઓની રમત પ્રત્યેની સમજણ, તેમની માનસિકતા અને મેદાન પરની રણનીતિનું બારીકાઈથી નિરીક્ષણ કરીને પોતાની રમતમાં નિખાર લાવવાનો છે.

પોર્ટુગલ ડેનમાર્ક ફૂટબોલ મુકાબલો બનશે યાદગાર

ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ખાસ સન્માન માટે પોર્ટુગલની ટીમ રચશે ઐતિહાસિક ક્ષણ

(એજન્સી) લિસ્બન । તા. 14



વિશ્વ ફૂટબોલના મહાનતમ ખેલાડીઓમાં સ્થાન ધરાવતા દિગ્ગજ સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કર્યા બાદ હવે તેમના દેશ દ્વારા તેમને એક અનોખી અને ભાવુક વિદાય આપવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. શનિવારે બ્રાગાના મ્યુનિસિપલ સ્ટેડિયમ ખાતે રમાનારા નેશન્સ લીગના મહત્વપૂર્ણ મુકાબલામાં જ્યારે પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમ ડેનમાર્ક સામે ટકરાશે, ત્યારે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ખાસ સન્માન અંતર્ગત સમગ્ર ટીમ તેમના પ્રખ્યાત સાત નંબરની જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. ગત પાંચ નવેમ્બરના રોજ રોનાલ્ડોએ આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકવાની જાહેરાત કરી હતી, ત્યારબાદ પોર્ટુગલની આ પ્રથમ મેચ હોવાથી ફૂટબોલ મહાસંઘે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ ભવ્ય આયોજન માત્ર જર્સી પહેરવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ મેચ દરમિયાન એક અત્યંત ભાવુક ક્ષણ પણ સર્જવામાં આવશે. નિર્ધારિત યોજના મુજબ, મુકાબલાની સાતમી મિનિટે રમતને થોડી ક્ષણો માટે અટકાવવામાં આવશે. આ દરમિયાન સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો પ્રેક્ષકો અને ચાહકો પોતાની બેઠક પરથી ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે રોનાલ્ડોના અદભુત યોગદાનને બિરદાવશે. આ વિશિષ્ટ આયોજન માટે યુરોપિયન ફૂટબોલ સંઘ તરફથી પણ સત્તાવાર મંજૂરી મળી ગઈ છે. જોકે, આ ખાસ અવસરે રોનાલ્ડો પોતે સ્ટેડિયમના પ્રેક્ષક ગેલેરીમાં હાજર રહેશે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી. ગુરુવારે પોર્ટુગીઝ ફૂટબોલ મહાસંઘના પ્રમુખ પેડ્રો પ્રોએન્કા, મુખ્ય કોચ જોર્જ જીસસ અને ટીમના ત્રણ મુખ્ય સુકાનીઓ બર્નાર્ડો સિલ્વા, રૂબેન ડાયસ અને બ્રુનો ફર્નાન્ડિસ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ સમગ્ર રૂપરેખાને અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો.

શૂટઆઉટ // ભારત ન્યૂઝીલેન્ડ વનડે હાર, બેટ્સમેનોનો ખરાબ દેખાવ

89 રનમાં ઓલઆઉટ થતાં ભડક્યા ગૌતમ ગંભીર

(એજન્સી) નવી દિલ્હી । તા. 14



ન્યૂઝીલેન્ડ સામેની ચોથી વનડે મેચમાં ૨૪૪ રનના વિશાળ અંતરથી મળેલી કારમી પરાજય બાદ ભારતીય ક્રિકેટ જગતમાં હલચલ મચી ગઈ છે, જ્યાં મુખ્ય કોચે ટીમની નબળી બેટિંગ સામે આકરા પ્રહારો કર્યા છે. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ માત્ર ૮૯ રનમાં જ સમેટાઈ ગઈ હતી, જેના કારણે ૮૯ રનમાં ઓલઆઉટ થતાં ભડક્યા ગૌતમ ગંભીર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. આ મેચમાં ખેલાડીઓનો દેખાવ અત્યંત નિરાશાજનક રહ્યો હતો અને વિરોધી ટીમની ઘાતક બોલિંગ સામે આખી લાઈનઅપ ધરાશાયી થઈ ગઈ હતી.

મેદાન પર ઉતરેલી ભારતીય ટીમ ૩૩૪ રનના મોટા લક્ષ્યાંક સામે ટકી શકી નહોતી અને નિયમિત અંતરે વિકેટો ગુમાવવી પડી હતી. આ મેચમાં ભારત ન્યૂઝીલેન્ડ વનડે હારનો સામનો કરવા મજબૂર બન્યું હતું કારણ કે કીવી બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને મેટ હેનરીએ ઘાતક બોલિંગ કરીને ૬ વિકેટ ઝડપી હતી અને ભારતીય બેટ્સમેનોની તમામ નબળાઈઓને ખુલ્લી પાડી દીધી હતી. સીમ મુવમેન્ટ સામે ખેલાડીઓ સંપૂર્ણપણે લાચાર નજરે પડ્યા હતા અને ક્રીઝ પર ટકી રહેવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.

મેચ સમાપ્ત થયા બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય કોચે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવાના રસ્તા બેટ્સમેનોએ જાતે જ શોધવા પડશે. ટેકનિકલ બાબતોમાં પડવાનો ઈન્કાર કરીને તેમણે સંપૂર્ણ જવાબદારી ખેલાડીઓના કૌશલ્ય પર છોડી દીધી હતી. અગાઉની મેચમાં પણ ૧૧૧ રનમાં ૭ વિકેટ ગુમાવવાની ઘટના બની હતી, જેના કારણે બેટ્સમેનોનો ખરાબ દેખાવ સતત ચિંતાનો વિષય બન્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈપણ બોલરને રમવા માટે અસમર્થ ગણાવી શકાય નહીં અને અનુભવી ખેલાડીઓએ આ પડકાર ઝીલી લેવો જોઈએ તેમ જણાવવામાં આવ્યું હતું.

વર્લ્ડ કપ જેવી મોટી સ્પર્ધાઓ નજીક આવી રહી છે ત્યારે ટીમની આ પ્રકારની નબળાઈઓ મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આગામી મેચોમાં વિજય મેળવવા માટે માનસિક અને શારીરિક દૃષ્ટિએ વધુ મજબૂત થઈને મેદાન પર ઉતરવું પડશે. કોચિંગ સ્ટાફ દ્વારા ખેલાડીઓની રમતની શૈલી અને બેટિંગ ઓર્ડરની અસ્થિરતાને દૂર કરવા માટે વિશેષ મંથન શરૂ કરવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં આ પ્રકારની શરમજનક હારથી બચી શકાય.

ભારતીય ક્રિકેટ જગતમાં ઉભરતા સિતારા

વૈભવ સૂર્યવંશી સૌથી યુવા સુકાની બનીને ક્રિકેટ જગતમાં રચ્યો નવો ઈતિહાસ

(એજન્સી) ઈન્દોર । તા. 14



નવી દિલ્હી | ગોધરા કાંડને 24 વર્ષ વીતી ચૂક્યાં છે, પરંતુ સાબરમતી એક્સપ્રેસમાં લાગેલી આગ પર રાજકારણ આજે પણ ચાલુ છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધીએ પોતાની પુસ્તક 'બિલોન્ગિંગ: એ જર્ની ઑફ લવ'ના પેજ નંબર 401થી 403 વચ્ચે 2002ના ગોધરા ટ્રેન અગ્નિકાંડ અને 2002માં થયેલા ગુજરાતના સાંપ્રદાયિક રમખાણો વિશે લખ્યું છે. આ પુસ્તકના પેજ 403 પર તેમણે ટ્રેનમાં લાગેલી આગના કારણને 'વિવાદિત' ગણાવ્યું છે.આ ઘટનાની તપાસ કરનાર ગુજરાત પોલીસ SITના તત્કાલીન વડા રાકેશ અસ્થાનાએ ખુલ્લીને વાત કરી છે. તેમણે ન્યૂઝ એજન્સી ANI સાથેની વાતચીતમાં સ્પષ્ટ કહ્યું કે આગ લાગવાનું કારણ વિવાદિત છે એવું કહેવું ખોટું છે. આગ જાણીજોઈને કાવતરાના ભાગરૂપે લગાવવામાં આવી હતી.ભારતીય પોલીસ સેવાના ભૂતપૂર્વ અધિકારી રાકેશ અસ્થાનાએ કહ્યું કે જ્યાં સુધી આગ લાગવાની વાત છે, કેસ ફોરેન્સિક પુરાવા, પ્રત્યક્ષદર્શીઓની જુબાની, કેટલાક આરોપીઓના કબૂલાતનામા અને બળી ગયેલા કોચ તથા આસપાસના વિસ્તારોની ફોરેન્સિક તપાસ પર આધારિત છે. તેમણે કહ્યું કે પ્રોસિક્યુશનનો કેસ માત્ર આ કબૂલાતનામાઓ પર નિર્ભર ન હતો, કારણ કે ફોરેન્સિક પુરાવા અને સ્વતંત્ર સાક્ષીઓ ટ્રાયલ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટમાં સજા અપાવવા માટે પૂરતા હતા. રાકેશ અસ્થાનાએ જણાવ્યું કે ફોરેન્સિક તપાસમાં સામે આવ્યું છે કે આગ કેવી રીતે લાગી અને કાવતરું કેવી રીતે રચવામાં આવ્યું હતું. મને આ વાતનો ગર્વ છે કે તપાસને પુરાવા અને સાક્ષીઓના આધારે જ આગળ વધારવામાં આવી હતી.તેમણે જણાવ્યું કે 8:10 વાગ્યે જ્યારે ટ્રેન પ્લેટફોર્મથી આગળ વધી રહી હતી ત્યારે એકસાથે 3-4 બોગીઓમાંથી ચેન પુલિંગ કરવામાં આવી હતી, જેના કારણે ટ્રેન અટકી ગઈ હતી. ટ્રેન ફરી શરૂ થઈ ત્યારે ફરીથી 4 ડબ્બાઓમાં એકસાથે ચેન પુલિંગ કરવામાં આવી હતી. આ ચેન પુલિંગ બે ડબ્બાઓની વચ્ચે આવેલી ચાવીથી કરવામાં આવે છે. વેક્યૂમની ચાવી ફેરવીને ટ્રેનને રોકવામાં આવી હતી, જેના કારણે અડધો કિલોમીટર ચાલ્યા બાદ ટ્રેન ફરી અટકી ગઈ હતી. તેમણે જણાવ્યું કે ટ્રેન સિગ્નલ વિસ્તાર પાસે અટકી હતી, જ્યાં પહેલેથી જ 150-200 લોકોની ભીડ એકઠી થઈ હતી, જે S6 કોચની બરાબર સામે ઊભી હતી. ભીડમાં સામેલ 20-25 છોકરાઓ પહેલેથી જ પેટ્રોલ લઈને ઊભા હતા

સીબીઆઈના ભૂતપૂર્વ વિશેષ નિર્દેશકે કહ્યું કે બે ડબ્બાઓ વચ્ચેના ભાગ (વેસ્ટિબ્યૂલ)ને કાપી નાખ્યો; S6નું વેસ્ટિબ્યૂલ કેનવસનું હતું, જે 1987માં બનાવવામાં આવ્યું હતું, જ્યારે S7નું વેસ્ટિબ્યૂલ રબરનું બનેલું હતું. યુવકોએ S6ના વેસ્ટિબ્યૂલને કાપીને સ્લાઈડિંગ દરવાજાથી અંદર જવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભીડ દ્વારા કરવામાં આવેલા પથ્થરમારાના કારણે મુસાફરોએ દરવાજો પહેલેથી જ બંધ કરી દીધો હતો.

લોકો ઘરોમાંથી બહાર દોડી ગયા

એમપીના ખરગોનમાં 25 દિવસમાં બીજો ભૂકંપ:4.5ની તીવ્રતા, 3-4 સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી



ખરગોન | મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાં 25 દિવસની અંદર બીજી વખત ભૂકંપના આંચકા અનુભવાયા. શનિવારે સવારે આવેલા ભૂકંપની તીવ્રતા 4.5 નોંધાઈ હતી. લગભગ 3-4 સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી હતી. આ પહેલાં 18 ઑક્ટોબરે બપોરે 12:14 વાગ્યે 4.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. બંને વખત ભૂકંપનું કેન્દ્ર જમીનથી 10 કિલોમીટર નીચે હતું. અચાનક ભૂકંપના આંચકાથી લોકો ગભરાઈ ગયા અને ઘરોની બહાર દોડી આવ્યા હતા.

સનાવદ રોડ પર આવેલી અવિસન્સ સ્કૂલમાં પણ ભૂકંપના આંચકા અનુભવાતા બાળકોને મેદાનમાં લઈ જવામાં આવ્યા. દીપક કાનૂનગો, પ્રભુરામ માલવી અને બસંત સોનીએ જણાવ્યું કે સવારે અચાનક ઘરમાં ધ્રૂજારી આવવા લાગી. ગભરાઈને તેઓ પરિવાર સાથે ઘરની બહાર આવી ગયા હતા.

સ્કૂલમાં ભૂકંપના આંચકા અનુભવાતા તમામ બાળકો ઈમારતમાંથી બહાર નીકળીને મેદાનમાં પહોંચી ગયા. બાદમાં શિક્ષકોએ તેમને ભૂકંપ દરમિયાન બચાવના ઉપાયો સમજાવ્યા હતા.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર અનુસાર, ભૂકંપનું કેન્દ્ર 21.590 ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને 75.552 ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયું હતું. તે ખરગોનથી આશરે 23 કિલોમીટર દૂર અને ધામનોદથી 69 કિલોમીટર દક્ષિણમાં હતું. ભૂકંપની ઊંડાઈ 10 કિલોમીટર નોંધાઈ હતી.

ખરગોન એસડીએમ સત્યેન્દ્ર બૈરવાએ જણાવ્યું કે જિલ્લાના અનેક વિસ્તારોમાંથી ભૂકંપના આંચકા અનુભવાયા હોવાની માહિતી મળી છે. પ્રશાસને તેની માહિતી ભેગી કરી છે. હાલ કોઈપણ પ્રકારના નુકસાનની માહિતી નથી. લોકોને સતર્ક રહેવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવી છે.

એક ન્યૂડ તસવીર અને દેશ સાથે ગદ્દારી:પાકિસ્તાની મહિલાના હનીટ્રેપમાં ફસાયો એરફોર્સનો વિંગ કમાન્ડર, ફાઇટર જેટનું લોકેશન મોકલ્યું; ગુજરાતના સિમથી ચાલતી હતી વાતચીત

નવી દિલ્હી | ભારતીય વાયુસેનાના એક વિંગ કમાન્ડરે પાકિસ્તાની મહિલાની ન્યૂડ તસવીરોની લાલચમાં દેશની સુરક્ષા સાથે જોડાયેલા ગુપ્ત રહસ્યો પાકિસ્તાનને સોંપી દીધા. 5 મહિના પહેલાં ધરપકડ કરાયેલા આ અધિકારીનાં કૃત્યોનો હવે કોર્ટમાં રજુ કરવામાં આવેલી ચાર્જશીટથી ખુલાસો થયો છે.આ મુજબ, વિંગ કમાન્ડરે પાકિસ્તાની મહિલા જાસૂસને લેહમાં ફાઇટર પ્લેનોની તૈનાતી, રાજસ્થાનમાં સૈન્ય અભ્યાસ અને ડ્રોન યુનિટની ક્ષમતાઓ સાથે જોડાયેલી માહિતી પણ આપી દીધી હતી.યુદ્ધના સમયે સેના ક્યાં તૈનાત થઈ શકે છે, તેનાથી સંબંધિત દસ્તાવેજોના પાનાં પણ મોકલ્યા હતા. તેણે કહ્યું હતું કે દરેક ન્યૂડ તસવીરના બદલામાં તે વૉર પ્લાનનું એક નવું પાનું આપશે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે આ મામલે ચાર્જશીટ રજુ કરી દીધી છે. આરોપી વિંગ કમાન્ડર મનોરથ સિંહ સભરવાલની ઑગસ્ટ 2026માં ધરપકડ કરવામાં આવી હતી.પટિયાલા હાઉસ કોર્ટે તેને 5 ડિસેમ્બરે કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો છે. ભારતીય વાયુસેનાના એક વિંગ કમાન્ડરે પાકિસ્તાની મહિલાની ન્યૂડ તસવીરોની લાલચમાં દેશની સુરક્ષા સાથે જોડાયેલા ગુપ્ત રહસ્યો પાકિસ્તાનને સોંપી દીધા. પોલીસે બંનેની વોટ્સએપ ચેટ તપાસી. તેમાં 3008 મેસેજ, 65 ફોટા, 65 રિએક્શન, 42 કૉલ, 4 વીડિયો કૉલ અને 6 લિંક મળી હોવાની વાત સામે આવી છે. આ ખુલાસો દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની કાઉન્ટર ઇન્ટેલિજન્સ એજન્સીએ પટિયાલા હાઉસ કોર્ટમાં રજુ કરેલી ચાર્જશીટમાં થયો છે.આ અધિકારી 12 જાન્યુઆરીથી 1 એપ્રિલ વચ્ચે શંકાસ્પદ પાકિસ્તાની એજન્ટના સંપર્કમાં હતો. આ એજન્ટે સોશિયલ મીડિયા પર સેનાના અધિકારીને હનીટ્રેપમાં ફસાવ્યો હતો. આરોપી ત્યારે પકડાયો જ્યારે તેને પોતાની ઑફિસમાં સુરક્ષાકર્મીઓએ રોક્યો. તે રેસકોર્સ સ્થિત ઑફિસમાં જઈ રહ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા:હિમાચલમાં વરસાદ-હિમવર્ષાની ચેતવણી



નવી દિલ્હી | જમ્મુ અને કાશ્મીરના અનેક ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. તેના કારણે સમગ્ર ખીણમાં તાપમાન ઘટી ગયું છે. હવામાન વિભાગે 12-13 નવેમ્બરે જમ્મુ અને કાશ્મીરમાં વ્યાપક વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.

હિમાચલ પ્રદેશમાં એક મહિના લાંબા શુષ્ક સમયગાળા બાદ શુક્રવાર સવારથી કેટલાક ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થઈ રહી છે. લાહૌલ સ્પીતિમાં રોહતાંગ, શિંકુલા અને બારાલાચા પાસ પર વાહનોની અવરજવર રોકી દેવામાં આવી છે.

ઉત્તરાખંડના 7 જિલ્લાઓમાં આજે વરસાદની સંભાવના છે. તેમાં દેહરાદૂન, ટેહરી, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢનો સમાવેશ થાય છે. 3,200 મીટર અને તેનાથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાની શક્યતા છે.

ઈસરોના INSAT-3DS ઉપગ્રહે અંડમાન સમુદ્ર ઉપર વાદળોની ઝડપી ગતિવિધિઓને કૅપ્ચર કરી છે. અહીં ઓછા દબાણનું ક્ષેત્ર બની રહ્યું છે, જેના કારણે નવા ચક્રવાત બનવાની આશંકા છે. ચક્રવાત બનશે તો તેનું નામ 'અકવાન' રાખવામાં આવશે. આ નામ ઈરાને સૂચવ્યું છે. દેશના પર્વતીય રાજ્યોમાં હવામાનમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ શરૂ થતાં સમગ્ર ખીણમાં તાપમાનનો પારો ગગડી ગયો છે, જેના પગલે કડકડતી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાથી માર્ગો પ્રભાવિત

જમ્મુ-કાશ્મીર હિમવર્ષા હવામાન ૨૦૨૬ અંતર્ગત જમ્મુ અને કાશ્મીરના અનેક ઉચ્ચ પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

હિમાચલ પ્રદેશમાં એક મહિના લાંબા શુષ્ક સમયગાળા બાદ શુક્રવાર સવારથી જ કેટલાક ભાગોમાં વરસાદ અને હિમવર્ષા શરૂ થઈ છે. ભારે બરફવર્ષાના કારણે લાહૌલ સ્પીતિ જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ રોહતાંગ પાસ, શિંકુલા પાસ અને બારાલાચા પાસ પર સુરક્ષાના ભાગરૂપે વાહનોની અવરજવર અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી છે.અંડમાન સમુદ્ર પર સંભવિત ચક્રવાત 'અકવાન'નું જોખમ પર્વતીય રાજ્યોની સાથે-સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ હવામાન મોટો પલટો લઈ રહ્યું છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ISRO) ના અત્યાધુનિક INSAT-3DS ઉપગ્રહે અંડમાન સમુદ્ર ઉપર વાદળોની ઝડપી ગતિવિધિઓ અને હિલચાલને સફળતાપૂર્વક કૅપ્ચર કરી છે.અહીં સમુદ્રમાં ઓછા દબાણનું ક્ષેત્ર (Low Pressure Area) બની રહ્યું છે, જેના કારણે આગામી સમયમાં નવું ચક્રવાત (Cyclone) બનવાની પ્રબળ આશંકા છે. જો આ ચક્રવાત આકાર લેશે તો તેને 'અકવાન' નામ આપવામાં આવશે, જે નામ મધ્ય પૂર્વના દેશ ઈરાન દ્વારા સૂચવવામાં આવ્યું છે. હવામાન વિભાગ આ સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 15 NOVEMBER-2026
AHMEDABAD
12 અમદાવાદ એક્સપ્રેસ AHMEDABAD EXPRESS

'મહાદેવ એપ' કેસમાં CBIની અમદાવાદ, વડોદરા અને સુરતમાં રેડ

અમદાવાદ | CBIએ છેલ્લા કેટલાક દિવસોમાં 'મહાદેવ ઓનલાઈન બુક એપ' નામના ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજીના પ્લેટફોર્મ સાથે સંકળાયેલા 'પેનલ ઓપરેટરો'ના ઠેકાણાઓ પર રેડ કરી છે. આ રેડ ગુજરાત સહિત 6 રાજ્યોમાં આવેલા 33 સ્થળો કરી છે. જેમાં અમદાવાદ, વડોદરા અને સુરતનો પણ સમાવેશ થાય છે.આ દરોડા, પ્લેટફોર્મના મુખ્ય પ્રમોટરોમાંના એક અને મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકરને ઓમાન સલ્તનતમાંથી ભારત લાવ્યા (પ્રત્યાર્પણ કર્યા) બાદ તેણે આપેલી માહિતીના આધારે કરવામાં આવ્યા હતા.

સોમવારે બોપલ-ઘુમા સહિતના વિસ્તારોમાં બપોર બાદ પાણી નહીં આવે

અમદાવાદ | જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પાણીનો સપ્લાય 16 નવેમ્બરના રોજ સવારે 8:00 વાગ્યા બાદ બંધ કરી દેવામાં આવશે. ઈજનેર વોટર પ્રોજેક્ટના જણાવ્યા મુજબ જાસપુર 200 એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આધારીત ટ્રક મેઈન લાઈન પૈકી લીલાપુર ગામ પાસે આવેલા લીલાપુર તળાવ પાસેના 1300 મીમી વ્યાસના સ્કાવર વાલ્વનો સ્પીડલ રોડ ખરાબ થયેલો હોવાથી નવો સ્પીડલ રોડ નાખવાની કામગીરી તથા સરખેજ નેશનલ હાઈવે-કેડીલા સર્કલથી એ.પી.એમસી. તરફ જતી 750 મીમી વ્યાસની એમ.એસ. ટ્રંક મેઈન લાઈન પર અંબર ટાવર-ક્લાસિક હોમ પાસે ટ્રેનેજ રી-હેબની કામગીરીમાં નડતરરૂપ લાઈન શિફ્ટીંગની કામગીરી કરવાની છે.

ખરીદી વખતે નજર ચૂકવીને અજાણ્યા ગઠિયાએ રૂ. 4.80 લાખની કિંમતની 6 લગડીઓ સેરવી લીધી

અમદાવાદમાં ચોરો બેફામ

(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદ શહેરમાં ચોરો અને ગઠિયાઓ બેફામ બન્યા હોવાની વધુ એક ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા ગુરુકુળ રોડ વિસ્તારમાં ખરીદી કરવા માટે નીકળેલા એક મહિલાના પર્સમાંથી લાખો રૂપિયાની કિંમતની સોનાની લગડીઓ ચોરાઈ જવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. ભીડભાડવાળા વિસ્તારનો લાભ લઈને અજાણ્યા ગઠિયાએ આ ચોરીને અંજામ આપ્યો છે, જેના પગલે પોલીસ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

બેંક લોકરમાંથી કાઢ્યું હતું સોનું

પ્રાપ્ત વિગતો અનુસાર, ભોગ બનનાર મહિલાએ ગુરુકુળ રોડ પર આવેલી એક બેંકના લોકર માંથી સોનું બહાર કાઢ્યું હતું અને ત્યારબાદ તેઓ બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. ખરીદી કરતી વેળાની ભીડભાડનો ફાયદો ઉઠાવીને કોઈ ચાલાક ગઠિયાએ મહિલાની નજર ચૂકવીને તેમના પર્સમાંથી સોનાની લગડીઓ સેરવી લીધી હતી. જ્યારે મહિલાએ પર્સ તપાસ્યું ત્યારે તેમાંથી ૬૦ ગ્રામ વજનની અને કુલ 6 સોનાની લગડીઓ ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. ચોરાયેલી આ સોનાની લગડીઓની અંદાજિત બજાર કિંમત રૂપિયા 4,80,000 જેટલી થવા જાય છે.

CCTV ફૂટેજના આધારે તપાસ

આ અચાનક બનેલી મોટી ચોરીની ઘટના અંગે પીડિત મહિલા દ્વારા ત્વરિત ધોરણે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધીને ગુરુકુળ રોડ અને આસપાસના વિસ્તારોમાં આવેલા શંકાસ્પદ સ્થળોના CCTV ફૂટેજ મેળવવાની કવાયત હાથ ધરી છે. આ ગઠિયાને ઝડપી પાડવા માટે પોલીસની અલગ-અલગ ટીમો કામે લાગી છે અને ટૂંક સમયમાં જ આરોપી ઝડપાઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મોંઘવારીનો વધુ એક ઝટકો, અમૂલ દૂધ

બાદ હવે દહીં અને લસ્સીના ભાવમાં પણ ઝીંકાયો ધરખમ વધારો!

(એજન્સી) અમદાવાદ | તા.14

મોંઘવારીના આ સમયમાં સામાન્ય નાગરિકોના ખિસ્સા પર વધુ એક આર્થિક બોજ વરહ્યો છે. થોડા સમય પહેલાં અમૂલ દૂધના ભાવમાં વધારો કર્યા બાદ હવે અતિ લોકપ્રિય બ્રાન્ડ 'અમૂલ' દ્વારા દહીં અને લસ્સીના ભાવમાં પણ સીધો વધારો કરવામાં આવ્યો છે. અમૂલ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી દૈનિક વપરાશની ડેરી પ્રોડક્ટ્સ વધુ મોંઘી બની છે, જેના કારણે મધ્યમવર્ગીય પરિવારો અને ગૃહિણીઓનું માસિક બજેટ વધુ ખોરવાઈ ગયું છે. નવા ભાવની વિગતો અનુસાર, 1 kg દહીં જે અગાઉ રૂ. 80 માં મળતું હતું તે હવે વધીને રૂ. 85 થઈ ગયું છે. જ્યારે 380 grams દહીંની થેલીનો ભાવ રૂ. 35 થી વધીને રૂ. 37 પર પહોંચ્યો છે. આ ઉપરાંત, 1 kg દહીંની બકેટ નો ભાવ રૂ. 115 થી વધારીને રૂ. 120 કરવામાં આવ્યો છે. માત્ર દહીં જ નહીં પરંતુ ઠંડા પીણાં અને ડેરી પ્રોડક્ટ્સમાં લોકપ્રિય એવી 'અમૂલ રોઝ લસ્સી' ની કિંમત પણ રૂ. 15 થી વધારીને રૂ. 17 કરી દેવામાં આવી છે. અમૂલ દ્વારા લાગુ કરાયેલા આ નવા ભાવ આજ સવારથી જ સમગ્ર બજારમાં અમલમાં આવી ગયા છે. તહેવારો અને મોંઘવારીના સમયમાં વારંવાર આવતા આ ભાવવધારાથી ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. દૂધ બાદ હવે દહીં અને લસ્સી મોંઘી થતાં આગામી દિવસોમાં અન્ય ડેરી પ્રોડક્ટ્સના ભાવ પણ વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે, ત્યારે મોંઘવારીના આ વિષચક્રમાંથી સામાન્ય નાગરિકોને ક્યારે રાહત મળશે તે મોટો સવાલ બની ગયો છે.

ધારી ગીર પંથકમાં સિંહોની પજવણીનો વીડિયો વાયરલ

(એજન્સી) અમરેલી | તા.14

અમરેલીના ધારી ગીર પંથકમાં 5 સિંહો પાછળ કાર દોડાવી પજવણી કરતા વીડિયો વાયરલ થતાં વનવિભાગે તપાસ શરૂ કરી છે. વાહનચાલકો સામે કડક કાર્યવાહીની માગ. અમરેલી જિલ્લાના ધારી ગીર પંથકમાંથી સિંહોની પજવણી કરતો એક ગંભીર મામલો સામે આવ્યો છે. દિવાળીના તહેવારો દરમિયાન ગીરના ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા સિંહોના એક ટોળા પાછળ બેફામપણે કાર દોડાવવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગીરના ગામડાઓમાં એકસાથે 5

5 સિંહ પાછળ દોડાવી કાર

સિંહો રસ્તા પર અથવા તેની આસપાસ વિચરી રહ્યા હતા. તે દરમિયાન વાહનચાલકો દ્વારા સિંહો જોવાની ઘેલછામાં અને રમુજ ખાતર આ પાંચેય સિંહોના ટોળા પાછળ ફોર વ્હીલ વાહન ઝડપથી દોડાવવામાં આવ્યું હતું. વન્યજીવો પ્રત્યેની આ સંવેદનશીલતાના અભાવને કારણે



વનપ્રિય લોકોમાં રોષ વ્યાપી ગયો છે. આ વાયરલ વીડિયો સામે આવ્યા બાદ વનવિભાગ હરકતમાં આવ્યું છે. જોકે, હાલમાં આ વીડિયો કયા ગામનો છે અને કયા વાહન દ્વારા સિંહોની પજવણી કરવામાં આવી છે, તે અંગે વનતંત્ર અજાણ છે. વાહનની ઓળખ કરવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વનવિભાગ દ્વારા વાયરલ વિડિયોના આધારે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. વિડિયોમાં દેખાતી કારનો નંબર તેમજ તેનું લોકેશન ટ્રેસ કરીને સિંહોને રંજાડનારા જવાબદાર ઈસમો સામે વન અધિનિયમ હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી લોકબૂમ ઉઠી છે.

જૂનાગઢ-ચલાલા રૂટ પર મીટર ગેજ લોકલ ટ્રેનની અડફેટે આવી જતાં સિંહણનું મોત

(એજન્સી) જૂનાગઢ | તા.14

જૂનાગઢ પંથકમાંથી એક દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢથી ચલાલા રૂટ પર દોડતી મીટર ગેજ લોકલ ટ્રેનની અડફેટે આવી જતાં એક યુવાન સિંહણનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. વન્યજીવોના આ પ્રકારે ટ્રેનની અડફેટે આવવાની ઘટનાથી વન પ્રેમીઓમાં ભારે શોક વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ દુર્ઘટના બપોરે 12:30 વાગ્યાની આસપાસ વિસાવદર તાલુકાના ખંભાળિયા ગામ નજીક 44 29/6 નંબરના પોલ પાસે ઓજત નદી અને જૂની ચાવંડ વિસ્તારની વચ્ચે બની હતી. સિંહણ અચાનક જ રેલવે ટ્રેક પર આવી જતા મીટર ગેજ ટ્રેનની ચપેટમાં આવી ગઈ હતી અને ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે દોડી ગયો હતો. વન વિભાગ દ્વારા સમગ્ર મામલે પંચનામું કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ મૃત્યુ પામેલી સિંહણના મૃતદેહને વધુ પોસ્ટ મોર્ટમ અને સારવાર અર્થે સીમર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની ૧૩૭મી જયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં સ્થાપિત તેમના તૈલીચિત્ર સમક્ષ વિધાનસભાના સંયુક્ત સચિવ રીટાબેન મહેતા સહિત વિધાનસભા પરિવાર દ્વારા ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી



AMC ની CCRS એપ્લિકેશન સામે જ ફરિયાદો ઉઠી



(એજન્સી) અમદાવાદ | તા.14

અમદાવાદના નાગરિકો પોતાના વિસ્તારમાં રોડ પરના ખાડા, ગંદકી, રખડતાં ઢોર, પાણી ભરાવા, સ્ટ્રીટલાઈટ અને દબાણ સહિતની સમસ્યાઓ અંગે ફરિયાદ કરી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા CCRS એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. જોકે, હવે નાગરિકોની ફરિયાદોનું નિરાકરણ લાવવા માટે બનાવવામાં આવેલી આ એપ્લિકેશન સામે જ ફરિયાદો ઊઠી છે.

ફરિયાદમાં મર્યાદા લાદી દેવાઈ

નવી અપડેટ બાદ એપમાં ફરિયાદ નોંધાવવાની મર્યાદા મૂકી દેવામાં આવી હોવાનો શહેરના જાગૃત નાગરિકોનો આક્ષેપ છે. એક દિવસમાં એકથી ત્રણ ફરિયાદ નોંધાવ્યા બાદ નવી ફરિયાદ નોંધાતી ન હોવાની રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત સીસીઆરએસ એપ્લિકેશન અપડેટ થયાના 70 દિવસ પછી આઈફોનમાં ચાલુ થઈ છે. આ અંગે CPGRAMS પોર્ટલ, મુખ્યમંત્રી કાર્યાલય, મેયર સુધી રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હોવાનો નાગરિકોનો આક્ષેપ છે. આબાદ અમદાવાદ સંસ્થાના ચેરમેને જણાવ્યું કે, નવી અપડેટ કરાયેલી CCRS એપ્લિકેશનમાં કોઈપણ કેટેગરીમાં એક દિવસમાં ફરિયાદ કરવાની સંખ્યા મર્યાદિત કરી દેવામાં આવી છે. ક્યારેક એક ફરિયાદ કર્યા પછી બીજી ફરિયાદ નોંધાતી નથી, તો ક્યારેક બે કે ત્રણ ફરિયાદ કર્યા બાદ નવી ફરિયાદ નોંધવાની મર્યાદા આવી જાય છે.

અમદાવાદમાં રિક્ષા ગેંગનો આતંક

રાજસ્થાનની બે મહિલા મુસાફરો સાથે છરીના ઘા ઝીંકી લૂંટ

(એજન્સી) અમદાવાદ | તા.14

રાજસ્થાનથી અમદાવાદ સંબંધીના ઘરે આવેલા નણંદ-ભાભી ગુરુવારે વહેલી સવારે ગીતામંદિરથી રામોલ જવા રિક્ષામાં બેઠાં હતાં. રિક્ષાચાલક અને તેની સાથે પહેલેથી બેઠેલા શખ્સે બંને મહિલાઓને નારોલમાં એક ગલીમાં લઈ જઈ પંચર પડ્યાનું બહાનું કાઢ્યું હતું. મહિલાઓએ નીચે ઊતરવાની ના પાડતાં બંને શખ્સોએ છરીથી હુમલો કરી સોનાના ઝુમ્મર, મોબાઇલ અને રોકડ મળી રૂ.91 હજારની લૂંટ ચલાવી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી પ્રમાણે, રાજસ્થાનના પાલી જિલ્લાના ધનાપુરા ગામે રહેતાં 52 વર્ષીય મહિલા અને સિરોહી જિલ્લાના ભેવ ગામે રહેતાં તેમનાં નણંદ 11 નવેમ્બરની રાત્રે ખાનગી ટ્રાવેલ્સમાં અમદાવાદ આવવા નીકળ્યાં હતાં. રામોલના અદાણી સર્કલ પાસે દેવસ્ય સિટીમાં રહેતા સંબંધીનું ઓપરેશન થયું હોવાથી બંને તેમનાં ખબરઅંતર પૂછવા આવ્યાં હતાં. 12 નવેમ્બરે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યે બંને મહિલાઓ ગીતામંદિર ખાતે ઊતર્યાં હતાં. ત્યારબાદ સવા ચાર વાગ્યે રામોલ જવા માટે રિક્ષામાં બેઠાં હતાં. રિક્ષામાં ચાલક ઉપરાંત પહેલેથી જ એક અજાણ્યો શખ્સ બેઠેલો હતો. બંનેને રામોલ લઈ જવાને બદલે રિક્ષાચાલક અંધારાનો લાભ લઈ અજાણ્યા રસ્તે થઈ નારોલ ખાતે એક ગલીમાં લઈ ગયો હતો. સવારે પાંચેક વાગ્યે રિક્ષા ઊભી રાખી પંચર પડ્યું હોવાનું કહી બંને મહિલાઓને નીચે ઊતરવા કહ્યું હતું. જોકે, મહિલાઓએ રિક્ષામાંથી ઊતરવાની ના પાડતાં ચાલકે સીટ નીચેથી છરી કાઢી હુમલો કર્યો હતો. મહિલાએ બચવા હાથ આડો કરતાં તેમના જમણા હાથના પંજા અને ડાબા હાથના કાંડામાં છરી વાગી હતી. તેમણે બૂમાબૂમ કરતાં સાથેના શખ્સે તેમનું મોઢું દબાવી દીધું હતું. જ્યારે બીજા શખ્સે મહિલા પર છરીથી હુમલો કરતાં તેમના ડાબા હાથે ઈજા થઈ હતી. બંને મહિલાઓને ઈજા પહોંચાડ્યા બાદ લૂંટારુઓએ મહિલાના કાનમાં પહેરેલાં આશરે રૂ.80 હજારની કિંમતનાં સોનાનાં ઝુમ્મર ખેંચી લીધાં હતાં. આ ઉપરાંત રૂ.8 હજારની કિંમતનો મોબાઇલ અને રૂ. 3 હજાર રોકડા ભરેલું પર્સ પણ લૂંટી લીધું હતું. કુલ રૂ.91 હજારની મતા લૂંટી બંને શખ્સો ફરાર થઈ ગયા હતા.

ગાંધીનગરમાં માતા-પુત્ર સહિત 3 લોકો ગુમ

ગાંધીનગરના છત્રાલમાંથી 26 વર્ષીય પરિણીતા અને ત્રણ વર્ષનો પુત્ર ગુમ, જ્યારે અડાલજમાંથી 20 વર્ષીય યુવતી લાપતા

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં એક જ સપ્તાહ દરમિયાન અપહરણની બે ફરિયાદો નોંધાઈ છે. કલોલ તાલુકાના છત્રાલમાંથી 26 વર્ષીય પરિણીતા અને તેના ત્રણ વર્ષના પુત્ર ગુમ થયા છે, જ્યારે અડાલજ વિસ્તારમાંથી 20 વર્ષીય યુવતી લાપતા થઈ છે. બંને કિસ્સામાં પરિવારજનોએ અજાણ્યા શખસો વિરુદ્ધ અપહરણની આશંકા વ્યક્ત કરતાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી છે. પ્રથમ ઘટના કલોલ તાલુકાના છત્રાલ ગામે બની હતી. છત્રાલ GIDC ફેઝ-4માં આવેલી મીનાક્ષી ટેક્સટાઈલ્સ કંપનીમાં નોકરી કરતા અને મૂળ નેપાળના વતની 30 વર્ષીય અર્જુન થાપા 7 નવેમ્બરની રાત્રે નોકરી પર ગયા હતા. બીજા દિવસે સવારે ઘરે પરત ફર્યા ત્યારે મકાનને બહારથી તાળું મારેલું હતું. તપાસ કરતાં તેમની 26 વર્ષીય પત્ની સુસ્મા ઉર્ફે લક્ષ્મી અને ત્રણ વર્ષનો પુત્ર પ્રેમરાજ ઘરે મળી આવ્યા નહોતા. અપહરણની બીજી ઘટના અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા એન.કે. ઈંટોના ભઠ્ઠા પરથી સામે આવી છે. મૂળ રાજસ્થાનના નાગોર જિલ્લાનો અને હાલ આ વિસ્તારમાં રહી ટ્રક ડ્રાઇવિંગ કરતા લક્ષ્મણરામ મેઘવાલની 20 વર્ષીય ભાણી નિરમાદેવી 9 નવેમ્બરની રાત્રે પરિવાર સાથે સૂતી હતી. રાત્રે આશરે 11 વાગ્યાના અરસામાં પરિવારજનોએ જોયું ત્યારે યુવતી ખાટલા પર હાજર નહોતી. ત્યારબાદ પરિવારજનોએ આસપાસના વિસ્તારમાં તેની શોધખોળ શરૂ કરી હતી.

ઉત્તર ભારતના ઠંડા પવનોને કારણે ગુજરાતમાં ઠંડીનો ચમકારો

રાજ્યના 9 શહેરોમાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે ગગડ્યું

(એજન્સી) અમદાવાદ | તા.14

ઉત્તર ભારતના ઠંડા પવનોને કારણે ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. શુક્રવારે રાત્રે રાજ્યના 9 જિલ્લાઓમાં તાપમાન 20 ડિગ્રીથી નીચે નોંધાયું. વડોદરા 16.5 ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર રહ્યું, જ્યારે અમદાવાદમાં 18.3 ડિગ્રી તાપમાન નોંધાયું. હવામાન વિભાગે આગામી દિવસોમાં ઠંડીનું જોર વધવાની અને 20 નવેમ્બર પછી તાપમાન 15 ડિગ્રી સુધી પહોંચવાની આગાહી કરી છે. ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનોને પગલે સમગ્ર ગુજરાતમાં ઠંડીના ચમકારામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ઠંડા પવનોની અસરને કારણે રાજ્યના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને શુક્રવાર (12 નવેમ્બર) રાત્રિ દરમિયાન રાજ્યના 9 જિલ્લાઓમાં સરેરાશ લઘુતમ તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું. રાજ્યના વિવિધ શહેરોના તાપમાનની વિગતો પર નજર કરીએ તો, શુક્રવાર (12 નવેમ્બર) રાત્રિના સમયે વડોદરામાં સૌથી નીચું 16.5 ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ સાથે જ વડોદરા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું.

ચિંતાજનક સ્થિતિ

ગુજરાતમાં સરેરાશ 100 માંથી 3 બાળક ડાયાબિટીસની ઝપેટમાં



10થી 19 વર્ષના બાળકોમાં 2.9% ડાયાબિટીસ જોવા મળ્યો છે

(એજન્સી) અમદાવાદ તા.14

ડાયાબિટીસ હવે માત્ર મોટી ઉંમરના લોકો પૂરતો મર્યાદિત રોગ રહ્યો નથી. બાળકો અને કિશોરોમાં પણ આ બીમારીનું જોખમ વધી રહ્યું છે. ગુજરાતમાં 10થી 19 વર્ષનાં બાળકોમાં ડાયાબિટીસનું પ્રમાણ 2.9 ટકા નોંધાયું છે, જે દેશની 0.6 ટકાની સરેરાશ કરતાં લગભગ પાંચ ગણું વધારે છે. એટલે કે ગુજરાતમાં દર 100માંથી સરેરાશ 3 બાળકો ડાયાબિટીસથી પ્રભાવિત છે. વર્લ્ડ ડાયાબિટીસ ડે નિમિત્તે સામે આવેલા આ આંકડા બાળઆરોગ્ય સામે ઊભા થઈ રહેલા ગંભીર પડકાર તરફ ધ્યાન દોરે છે.

શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધારે

દર વર્ષે 14 નવેમ્બરના રોજ વર્લ્ડ ડાયાબિટીસ ડેની ઉજવણી કરવામાં આવે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)-5ના રિપોર્ટ મુજબ ગુજરાતમાં 15 વર્ષથી વધુ ઉંમરના 16 ટકા પુરુષો અને 14.8 ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબ ઊંચું છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ શહેરી વિસ્તારોમાં પુરુષો અને મહિલાઓ બંનેમાં ડાયાબિટીસનું પ્રમાણ વધારે છે.

ડાયાબિટીસનાં આ લક્ષણો દેખાય તો સાવધાન

ખાસ કરીને ટાઇપ-1 ડાયાબિટીસમાં સમયસર નિદાન ન થાય તો ડાયાબિટીક કીટોએસિડોસિસ જેવી ગંભીર અને જીવલેણ સ્થિતિ ઊભી થઈ શકે છે. બાળકોમાં વારંવાર પેશાબ આવવો, કોઈ કારણ વગર વજન ઘટવું, સતત થાક લાગવો અને વારંવાર ભૂખ લાગવી જેવાં લક્ષણો જોવા મળે તો તેને સામાન્ય શારીરિક ફેરફાર સમજીને અવગણવા ન જોઈએ. આવા સંજોગોમાં તબીબી તપાસ કરાવવી જરૂરી છે.

બાળકોને કેટલી ખાંડ આપવી જોઈએ?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને અમેરિકન હાર્ટ એસોસિએશનના માર્ગદર્શન પ્રમાણે બે વર્ષથી નાનાં બાળકોને ખોરાકમાં બહારથી ઉમેરેલી ખાંડ આપવી જોઈએ નહીં. જ્યારે 2થી 18 વર્ષની વયનાં બાળકો માટે દરરોજ વધુમાં વધુ 25 ગ્રામ એટલે કે લગભગ 6 નાની ચમચી ઉમેરેલી ખાંડની મર્યાદા સૂચવવામાં આવી છે. ડાયાબિટીસ ધરાવતાં બાળકોએ ડૉક્ટર અને ડાયેટિશિયનની સલાહ પ્રમાણે કાર્બોહાઇડ્રેટ્સ તથા કુદરતી શુગરનું પ્રમાણ નક્કી કરવું જોઈએ. પ્રોસેસ્ડ શુગરથી દૂર રહેવું પણ હિતાવહ છે.

દિવાળી અને બેસતા વર્ષની રજાઓમાં પણ શારદાબેન હોસ્પિટલના ડૉક્ટરોની નિષ્ઠા અડગ

(એજન્સી) અમદાવાદ | તા.14

જ્યારે સમગ્ર રાજ્યમાં દિવાળી અને નૂતન વર્ષના પાવન પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ રહી હતી, ત્યારે અમદાવાદની સરસપુરમાં આવેલી મ્યુનિસિપલ સંચાલિત શારદાબેન જનરલ હોસ્પિટલના ડૉક્ટરો પોતાના તહેવારો અને પરિવારને ભૂલીને દર્દીઓની સેવામાં ખડેપગે ફરજ નિભાવી રહ્યા હતા. બેસતા વર્ષની મોડી રાત્રે એક અત્યંત ગંભીર ઘટના સામે આવી, જેમાં પેટના ભાગે ગંભીર રીતે ચપ્પુ વાગેલા સ્થિતિમાં એક દર્દીને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. ઈજા એટલી ગંભીર હતી કે દર્દીના આંતરડા શરીરની બહાર આવી ગયા હતા અને તેનો જીવ અત્યંત જોખમમાં મુકાયો હતો. આવી વિકટ કટોકટીની પળે કોઈપણ પ્રકારના વિલંબ વિના શારદાબેન હોસ્પિટલના સર્જરી વિભાગની ટીમે અદભુત તબીબી કૌશલ્ય અને સમયસૂચકતાનો પરિચય આપ્યો હતો. મોડી રાત્રે 2 વાગ્યે શરૂ થયેલી આ



અત્યંત જટિલ અને જીવદાયક સર્જરી તજજ્ઞ ડૉક્ટરો ડૉ. હેમંત લેઉવા, ડૉ. જૈનમ શાહ, ડૉ. લકીર પટેલ અને ડૉ. પૃથા જાદવ તથા હોનહાર રેસિડેન્ટ ડૉક્ટરો ડૉ. નચિકેત સખીયા, ડૉ. જય પટેલ અને ડૉ. સંયમ ભટ્ટ દ્વારા પાર પાડવામાં આવી હતી. અથાક મહેનત અને ઉત્તમ ટીમવર્કથી 3 કલાક ચાલેલા આ ઓપરેશન બાદ દર્દીને સફળતાપૂર્વક મોતના મુખમાંથી પાછો લાવવામાં આવ્યો હતો. જ્યાં સૌ કોઈ પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવતા હોય છે, ત્યારે આ ડૉક્ટરોએ દિવસ-રાત જોયા વગર દર્દીની સારવારને પ્રાથમિકતા આપી હતી.

CM ભૂપેન્દ્ર પટેલ ત્રણ દિવસના દાહોદ પ્રવાસે

(એજન્સી) ગાંધીનગર | તા.14

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 72 કલાક વિધાનસભા કાર્યક્રમ અંતર્ગત દાહોદ, ગરબાડા અને ધાનપુરની મુલાકાત લેશે. તૈયારીઓને લઈને તંત્ર અને ભાજપમાં ધમધમાટ. ગુજરાતના CM ભૂપેન્દ્ર પટેલ આગામી દિવસોમાં રાજ્યના સરહદી અને આદિવાસી વિસ્તારોના વિકાસ કાર્યો અને જનસંપર્ક અર્થે ત્રણ દિવસીય દાહોદ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, CM આગામી 18 થી 20 નવેમ્બર દરમિયાન દાહોદ જિલ્લાના મહેમાન બનશે અને ખાસ કરીને ગરબાડા વિસ્તારમાં ઉપસ્થિત રહીને સ્થાનિક જનતા અને તંત્ર સાથે બેઠકો યોજશે.આ પ્રવાસ ખાસ કરીને '72 કલાક વિધાનસભા કાર્યક્રમ' અંતર્ગત યોજાઈ રહ્યો છે, જેમાં CM સતત ત્રણ દિવસ સુધી ગ્રાઉન્ડ ઝીરો પર રહીને વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરશે. આ ત્રણ દિવસીય પ્રવાસ દરમિયાન CM ભૂપેન્દ્ર પટેલ દાહોદ, ગરબાડા અને ધાનપુર ની મુલાકાત લેશે અને ત્યાં ચાલતી સરકારી યોજનાઓ તેમજ લોકપયોગી કાર્યોનું નિરીક્ષણ કરશે. આ મુલાકાતથી આદિવાસી પંથકના વિકાસને વધુ વેગ મળવાની પ્રબળ સંભાવના છે. આ પ્રવાસનું સૌથી મોટું આકર્ષણ એ છે કે CM ભૂપેન્દ્ર પટેલ ગરબાડા ખાતે જ રાત્રિ રોકાણ કરશે, જેથી સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ થઈ શકે.



દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...